
કુમાર

[illegible]

આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૬મું · અંક ૧૦મો · ઑક્ટોબર '૭૯ · સળંગ અંક ૬૭૦

તંત્રી · બચુભાઈ રાવત





ઑક્ટોબર ૧૯૭૯ • અંક ૬૯૦

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે હોતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪.૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬.૦૦; છૂટક નકલ: રૂ. ૨.૫૦

વાચકો લખે છે...

दीपावली-वन्दना

दीपिकेय प्रभा-पुत्री
विन्दाना तेजसां सवम् ।
विश्वेषामपि भूतानां
दीपालि स्तनुतां मुदम् ॥

सस्य-कूटैः समृद्धानि
हलीनां प्रांगणानि वै ।
वर्तुलैस्तत्र नृत्यन्त्यः
सौम्याः केदार-गोपिकाः ॥

शिम्बिभिः शूक-धान्यैश्च
पुष्पिणी फलिनी धरा ।
प्रसन्नाः परि-दृश्यन्ते
केदाराः देव-मात्रिकाः ॥

आमोदः होम-धमानां
कुटीरान् गृह-मेधिनाम्
पावयन् प्रीणयन् नूनं
आरोग्याय प्रकल्पताम् ॥

क्रियावदात-मनसो गुरवो लसन्तु
श्रद्धावनम्र-हृदयाः बटवः प्रवीणाः ।
गेहं च संभृत-कणं कृषकावलीनाम्
सारस्वती च सुषमा सुधियां समाजे ॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

'Don't Quit'નું કર્તૃત્વ

'કુમાર' ૬૬૧. ૧૬૨ : 'એના કર્તા છે માતાજી 'The Mother' (પાંડિચેરી આશ્રમ)-ભૂપત રાય વ્યાસ.

આ કથનની યથાર્થતા અંગે મારી પૃચ્છાના ઉત્તરમાં શ્રી સુન્દરમ્ (દક્ષિણા કાર્યાલય, પાંડિચેરી, તા. ૫-૧૦-૭૯) લખે છે : 'તમે મોકલેલું કાવ્ય તે શ્રી માતાજીએ રચેલું નથી, અહીં અમારી માહિતી મુજબ. પેલા વાચક પાસે કયો આધાર છે તે તેમને પૂછી શકાય.'

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

मधु वाता ऋतायते

'કુમાર' ૬૬૩. ૬૫ : 'મધુ૦... શ્લોકોના ઉદ્ગાતા ઉપનિષદનું નામ જાણવાની ઇચ્છા છે.' —ભારતી મણાત્રા.

આ ઉપનિષદના 'શ્લોકો' નથી પરન્તુ ઋગ્વેદના મંત્રો છે (૧. ૯૦. ૬, ૭, ૮). આ ત્રણે ઋચાઓ એના એ જ રૂપમાં યજુર્વેદમાં પણ લેવામાં આવી છે (શુક્લ૦ ૧૩. ૨૭, ૨૮, ૨૯ કૃષ્ણ૦ ૪. ૨. ૯. ૭, ૮, ૯).

'ઉદ્ગાતા' પારિભાષિક સંજ્ઞા છે. યજ્ઞાનુષ્ઠાનની સમગ્ર પ્રક્રિયાનું સંચાલન ચાર 'ઋત્વિજો' કરે છે : ૧) હોતા : અગ્નિમાં આહુતિ આપનાર, ૨) ઉદ્ગાતા : અધ્વર્યુના નિદર્શન અનુસાર, પ્રત્યેક ક્રિયાના અનુરૂપ મંત્રો ગાનાર, ૩) બ્રહ્મા : સર્વવિધ વેદત્રયોક્ત કર્મોભિજ્ઞ, ૪) અધ્વર્યુ : યજ્ઞનાં અંગ ઉપાંગાદિ સમગ્ર સ્વરૂપનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ-સંચાલન કરનાર. આ પરિસ્થિતિમાં મંત્રોના આદિ પ્રાપક ઋષિ 'દ્રષ્ટા' કહેવાય : ઉદ્ગાતા નહિ.

મધુ૦ આદિ મંત્રોનો યજ્ઞાંગ વિધિમાં ઉપયોગ : ૧) આશ્વલાયન શ્રૌ. સૂ. અનુસાર, ઋત્વિગાદિ, એમના અર્થે આણેલ મધુપર્કનું અવેક્ષણ આ મંત્રોના પાઠથી કરે છે; ૨) કાત્યાયન શ્રૌ. સૂ. મતે, અશ્વમેધના યજ્ઞાંગ જીવતા કાચબાના દહિ-ઘી-મધથી થતા સ્નાનવિધિ સમયે આ મંત્રો ગવાય છે (યથા આપણું લગ્નગીત : 'પીઠી ચોળો, પીઠી ચો...ળો, પીતરાણી'); ૩) યજ્ઞાતિરિક્ત નિત્ય તર્પણ ને શ્રાદ્ધ વિધિના અંત આ મંત્રોના જપ વડે થાય છે.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

સિંહ સંવત

'કુમાર'માં આ અગાઉ સિંહ સંવત વિષે વિસ્તારથી ચર્ચા ચાલેલી છે. આના અનુસંધાનમાં હાલમાં અહીંના એક જ્યોતિષવિદ્ પાસેથી જે નવી હકીકત જાણવા મળી તે 'કુમાર' સમક્ષ રજૂ કરું છું.

સિંહ સંવત કોણે, ક્યારે અને શા કારણે પ્રવર્તાવ્યો તેના વિષે શ્રી નરોત્તમ પલાણ, રાજેન્દ્રસિંહ રાયજાદા, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી અને શ્રી મોહનપુરી ગોસ્વામી વગેરે મિત્રોએ ઠીક ઠીક ચર્ચા કરેલી છે. પરંતુ જ્યોતિષની દૃષ્ટિએ સિંહ સંવતને સિંહ રાશિ સાથે સંબંધ હોય એવું જાણવા મળે છે

અમુક સમયે સૂર્ય, ચંદ્ર, અમુક રાશિઓમાં જાય કે સંક્રાંતિ કરે એ ઉપરથી તિથિ, માસ અને વર્ષ નક્કી થાય છે એ સૌકોઈ જાણે છે. સિંહ સંવત પણ સિંહ રાશિના ચંદ્ર સાથે સંબંધ ધરાવે છે. ફાગણ-ચૈત્રમાં ચંદ્ર સિંહ રાશિમાં જાય અને મોસમ બદલે તે ધ્યાનમાં લઈને સિંહ સંવતનું વર્ષ નક્કી થએલું છે વળી શ્રી નરોત્તમ પલાણ કહે છે તેમ સિંહ સંવત માત્ર સૌરાષ્ટ્રમાં જ મળે છે. આને પણ સિંહ રાશિ સાથે સીધો સંબંધ છે જ્યોતિષની દૃષ્ટિએ સૌરાષ્ટ્ર શનિના ગ્રહનો પ્રદેશ છે અને રાશિની દૃષ્ટિએ તે સિંહ રાશિનો પ્રદેશ છે. ચોક્કસ ગણત્રી મુજબ કર્ક અને સિંહ રાશિ વચ્ચે સૌરાષ્ટ્રનો આ ભાગ વહેંચાએલો છે. પ્રાચીન કાળથી કચ્છનું નળિયા કર્કવૃત્તનો પ્રદેશ ગણાય છે. તે દૃષ્ટિએ દ્વારકા પ્રદેશ કર્કવૃત્તની સંધિ ઉપર આવે છે. અહીંથી સોમનાથ સુધીનો પ્રદેશ સિંહ અને કર્ક વચ્ચે વહેંચાએલો છે. આ દૃષ્ટિએ આ પ્રદેશનું વર્ષ સિંહ રાશિથી બદલાતું હોઈ સિંહ સંવત ચાલેલો છે. જ્યોતિષશાસ્ત્રીઓ અને ઇતિહાસના વિદ્વાનો આ દૃષ્ટિએ સિંહ સંવતને તપાસશે તો જરૂર ઘણી ગૂંચો ઉકેલાશે.

(દ્વારકા) —રણજિતસિંહ ચાવડા

દેવગિરિમાં જૈન મંદિર

અગાઉ 'કુમાર'માં દેવગિરિ—દૌલતાબાદના કિલ્લા વિષેના લેખમાં ત્યાં મસ્જિદમાં ફેરવાએલા અને સ્વાતંત્ર્ય બાદ તે સ્થાનમાં ભારતમાતાનું મંદિર બનાવાએલા એક મંદિર—સંભવતઃ જૈન મંદિરનો હોવાનો ઉલ્લેખ છે. દેવગિરિમાં પેથડશાએ એક ભવ્ય જૈન મંદિર બનાવ્યાની તેના ચરિત્રમાં વિગત મળે છે. દેવગિરિના લેખમાં જેનો ઉલ્લેખ છે તે પેથડશાએ બંધાવેલું મંદિર પણ હોઈ શકે. કોઈ અભ્યાસી વિદ્વાન આ વિષે વધુ પ્રકાશ પાડી શકે?

(સુરેન્દ્રનગર) —મુનિ પ્રદ્યુમ્નવિજય

સૂફી સંત શાહ અબ્દુલ લતીફ

શાહ લતીફને શો ગુરુમંત્ર અપાએલો? તે ૐ હોવો જોઈએ એમ સ્વ. ગુરુદયાળ મલ્લિક શાહ લતીફનો ઉદ્ગાર ટાંકીને કહે છે.

શ્રી રામસિંહજી રાઠોડે જેમ ગુજરાતીમાં (ઑગસ્ટ, '૭૯) તેમ ગુરુદયાળજીએ અંગ્રેજીમાં સંતને દિલચશ્પ ન્યાય આપ્યો છે: Divine Dwellers In The Desert (રણના દિવ્ય વાસીઓ) ઈ. ૧૯૪૯, પૃ. ૪૦-૫૦.

'પ્રેમમાં પડ્યો' શબ્દો પતન સૂચવે. પરંતુ મિરઝા મુઘલબેગની પુત્રી સાથેના શાહ લતીફના પ્રણયન ગુરુદયાળજી 'ઉન્નતિ' કહે છે: 'He Rose, Not Fell In Love.'

બુઝર્ગ સંતને તેમની ઉંમર પૂછવામાં આવી. તેમણે મૌન સેવ્યું, આખરે કહ્યું : 'મારી ઉંમર નવ માસની. જ્યારથી મને દિવ્ય દર્શન થયું ત્યારથી મારો જન્મ, નહિ કે માના ઉદરમાંથી બહાર આવ્યો ત્યારથી.'

સંત સંતને ન્યાય આપે ગુરુદયાળજીને શ્રી દિલીપકુમાર રૉયે પોતાના અંગ્રેજી પુસ્તક 'સંત ગુરુદયાળ' (૧૮૯૬-૧૯૭૦)માં ન્યાય આપ્યો છે. ગુરુદયાળજી અને ગુરુદેવ ટાગોર વચ્ચે કેવી અલૌકિક આત્મીયતા હતી!

'ગુરુદેવને રોજ વહેલા ઊઠી પૂર્વ તરફ મોં રાખી આરામ ખુરશીમાં બેઠાં બેઠાં સહસ્રદલ કમલને ઊઘડતું જોવાનું, કહો કે વ્યસન. આ

મૌન યજ્ઞમાં ચુપચાપ એક બીજી વ્યક્તિ પણ જોડાતી. આરામખુરશીની પાછળ આવીને ગુરુદયાળ ગોઠવાઈ જાય. ગુરુદેવ ઊભા થાય તે પહેલાં અલોપ થઈ જાય. વરસો સુધી સચવાએલું આ રહસ્ય અંતિમ વિદાય વેળાએ 'હું બધું જાણું છું, ગુરુદયાળ' કહીને સ્નેહના વરદાનમાં પરિવર્તન કરી દીધું.

ગુરુદયાળજીનું કથન છે: 'ગુરુદેવ સાથે પચીસ વરસમાં અમુક ગણ્યાંગાંઠયાં વાકયોથી વધુ બોલવાનો પ્રસંગ જ આવ્યો નથી.' (હૃદયમાં પડેલી છબીઓ—ઉમાશંકર જોશી, દ્વિતીય ખંડ, પૃ. ૨૦૦-૧.) શાહ લતીફ સાથે ગુરુદયાળજીએ સાધેલ આત્મીયતા પાનેપાને નીતરે છે.

અનંતમાં લીન શાહ અબ્દુલ લતીફનું રંગચિત્ર અને અસલ રેખાંકન રામસિંહજીભાઈની અનન્ય દેણગી છે, શબ્દને (ચરિત્રને) સાકાર કરે છે. કલાકાર શ્રી એલ. સી. સોનીને ધન્યવાદ.

(મુંબાઈ) —વી. બી. ગણાત્રા

રૉબર્ટ ક્લાઈવ

'આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં' રૉબર્ટ ક્લાઈવની જન્મ તારીખ ૨૯-૮-૧૭૨૫ આપવામાં આવેલી છે. આ તારીખે તો ક્લાઈવ પોતાની માના ઉદરમાં હતો. તેનો જન્મ થયો એક માસ બાદ તા. ૨૯-૯-૧૭૨૫ના રોજ. તેણે ૪૯ વર્ષની ઉમરે તા. ૨૨-૧૧-૧૭૭૪ના રોજ ગોળી ખાઈને આપઘાત કર્યો. તેની મૃત્યુશય્યાની તકતી પર જન્મ ને મરણની ઉપર્યુક્ત તારીખો અંકિત છે (Master of Bengal: Clive And His India-Percival Spear-1975, P.11, 194 212-3.)

ક્લાઈવ ૧૯ વર્ષની ઉમરે તા. ૧ ૬-૧૭૪૪ના રોજ મદ્રાસ ઊતર્યો. ૩૨ વર્ષની ઉમરે તા. ૨૩-૬-૧૭૫૭ના રોજ પ્લાસીના યુદ્ધમાં તેને વિજય સાંપડયો. (તેણે વિજય મેળવ્યો એ અતિશયોક્તિ છે). વડા પિટે તેને અલૌકિક સેનાપતિ Heaven-born general) તરીકે બિરદાવ્યો પરંતુ હકીકતમાં લગભગ છેવટ સુધી તોપના ગોળા ફોડવાને બદલે ક્લાઈવ કાગળના ગોળા છોડી રહ્યો હતો. (He was firing notes rather than cannon balls to the last moment P. 91.) કટોકટીની વેળાએ ક્લાઈવ પોતાનાં ભીનાં કપડાં બદલવા ગયો. ક્લાઈવના હુકમનો અનાદર કરીને તેના સાથી મેજર કિલપૅટ્રિકે ધસારો કર્યો.

સિરાજુદ્દીલ્લાનો વિશ્વાસપાત્ર સેનાપતિ મીર મદન સવારમાં ખપી ગયો હતો. તેનો વડો પ્રધાન રાય દુર્લભ ને મીર જાફર દેશદ્રોહી નીવડયા. ક્લાઈવે તેમને ફોડી નાખ્યા હતા. બપોરની લપાડપીમાં સિરાજુદ્દૌલ્લાએ પૂંઠ બતાવી. બત્રીસ હજાર પાયદળ, આઠ હજાર ઘોડેસવાર ને ત્રેપન તોતીંગ તોપો ધરાવનાર સિરાજુદ્દૌલ્લા અંગ્રેજોના મામૂલી લશ્કર સામે પોતાનો જાન બચાવવા કાયરની માફક નાઠો ને ક્લાઈવને વિજય સાંપડયો. ભારતની આઝાદીની ઘોર ખોદાઈ, અંગ્રેજ સલ્તનતના પાયા નંખાયા.

ખુવારીના આંકડાની દૃષ્ટિએ પ્લાસીનું કહેવાતું યુદ્ધ એક 'છમકલું' હતું. સત્યને વફાદાર રહીને, પોતાનું દેશાભિમાન ગળી જઈને, લેખકે ક્લાઈવને નખથી શીખ સુધી તેના 'નગ્ન' સ્વરૂપમાં આબેહૂબ ચીતર્યો છે.

કયાં આ ઇતિહાસ અને કયાં શાળામાં ચાળીસેક વર્ષો પહેલાં અમને શીખવવામાં આવેલો ઇતિહાસ?

(મુંબાઈ) —વી. બી. ગણાત્રા

ગઝલનો છંદ

જૂન અંકમાં 'ગઝલના છંદ' શિર્ષકથી ભુજ-કચ્છના ભાઈશ્રી નીતિન મહેતાના પત્રમાં તેઓની ખરી ભૂલ થાય છે. રમેશ પારેખની ગઝલમાં 'લગાલગાગા ગાલલગાગા' છંદ હોવો જોઇએ એમ તેઓનું માનવું છે. હકીકતે આ માત્રાનો ગઝલમાં કોઈ છંદ છે જ નહિ. રમેશની ગઝલમાં આઠ ગુરુની માત્રાઓ તમામ પંક્તિઓમાં લયબદ્ધ રીતે સૂચવાએલી છે. હા, સર્જકો માટે બે લઘુ=એક ગુરુ પ્રયોજવાની છૂટનો અહીં બહુધા ઉપયોગ થયો છે, કિન્તુ દુરુપયોગ થયો નથી જ. એટલે એ સંપૂર્ણ ગઝલ છે. એને ગઝલ સિવાયનું કાંઈ પણ ગણી શકાય નહિ જ.

'વિનોદ ભટ્ટ'-બારીસાગરની નજરે લેખ ખરેખર નિખાલસરીતે ગમી જાય તેવી ભાષામાં લખાયો છે. બારીસાગરને હાર્દિક અભિનંદન.

(રૂપાવટી) —મનહર જાની

[*'લગા' સંજ્ઞા અક્ષરમેળ છંદો માટે છે. ગઝલ જેવા માત્રામેળ છંદો માટે 'લદા' સંજ્ઞા છે, જેમાં ગુરુની સંજ્ઞા 'દા'ને સ્થાને બે લઘુ લઈ શકાય છે.]

લખપતજીની છતેડી

મે અંકમાં રામસંગજીભાઈ રાઠોડે લખેલી 'કચ્છના રંગીલા મહારાવ લખપતજી' લેખમાં ભુજમાં આવેલી તેમની છતેડી વિષે લખ્યું છે. કચ્છમાં આવેલી હડપ્પન સંસ્કૃતિના વસાહતી ટીંબાઓની મુલાકાતે જવાનું થયું ત્યારે ભુજમાં મુખ્ય મુકામ રાખેલો એટલે આ છતેડી જોવા હું ગઈ. દુઃખની વાત છે કે આ બધી છતેડીઓની દશા દયનીય છે. તેની શિલ્પકૃતિઓ તથા લેખોનો વ્યવસ્થિત રીતે નાશ થઈ રહ્યો છે. અહીં અસામાજિક તત્ત્વો કે એવા

વેરો આબય લેતા હોય તેમ લાગે છે. અને જેને માટે રામસગજીભાઈએ લખ્યું છે તે લખપતજીની છતેડીની શિલ્પકૃતિઓને પણ નુકસાન થઈ રહ્યું છે. તેના પાળિયાવાળા મુખ્ય ઘુમ્મટમાં જાઓ તો અંધારું ઘોર છે. વળી અંદર કાનકડિયાંનો વાસ હોવાથી તેના મળમૂત્રની ગંદકી અને દુર્ગંધથી માથું ફાટી જાય તેવી સ્થિતિ છે. અંધારા અને ગંદકીમાં સતીઓ કે કોઈના મોઢાં પણ બરાબર કળાતાં નથી. ધોળે દિવસે આસાનીથી ખૂન થઈ શકે તેમ છે આ છતેડીની સ્થિતિ! મારે કહેવાનું એ છે કે ઘણી વાર આપણે આપણાં પ્રાચીન સ્મારકો કે અન્ય અવશેષોના ગુણગાનમાં રાચતા હોઈએ છીએ પણ તેની સંભાળ, રક્ષણ, જતન વગેરે વિષે કંઈ કેમ વિચારતા જ નથી!

રામસગજીભાઈએ આ અંગે વિચારવું જોઈએ તથા છતેડીઓના સંબંધિત રાજવી કુટુંબોને પણ એ દિશામાં વિચારતા કરવા જોઈએ.

(અમદાવાદ) —સુમનબેન પંડયા

શંકરને નારિયેળ

માર્ચ અંકની લઘુકથામાં શંકરમંદિરમાં નારિયેળ વધેરવા બારામાં થોડી માહિતી:

થોડા વખત પહેલાં મારા એક સ્નેહી બાર જ્યોતિર્લિંગની યાત્રાએ નીકળ્યા હતા તે શ્રી રામેશ્વર મહાદેવની યાત્રા કરી અહીં આવેલા. તેમને થોડી માહિતીની જરૂર પડતાં મેં કુમારમાં જ્યોતિર્લિંગની માહિતીવાળી વિગત દર મહિને આવતી તે બધા અંકો તેમને વાંચવા આપતાં તે વાંચી તેઓ ખુશખુશ થઈ ગયા. કુમારનાં ખૂબ ખૂબ વખાણ કરી જણાવ્યું કે મને રેલવે માર્ગે કયા પ્રાંતમાં કયે ગામે મંદિરો છે, કેવી રીતે ત્યાં પહોંચાય તેની ઘણી માહિતી આમાંથી મળી. તે ઉપરથી આસાનીથી યાત્રા પૂરી કર્યા બાદ મને પત્ર આવેલ હતો. તેઓએ લખ્યું છે કે મહાદેવને ફળ ફૂલ જે કાંઈ ધરાવીએ તે ધર્યા બાદ આપણે પ્રસાદ તરીકે લઈ શકીએ નહિ, કારણ તે શિવ-નિર્માલ્ય ગણાય છે. માત્ર પૂજારી આપે તે લઈ શકાય.

(કાલીકટ) —પરશોતમ માધવજી

૨

માર્ચ અંકની લઘુકથા 'દરવાજો' ખૂબ જ પ્રશંસાપાત્ર કૃતિ છે. છતાં તેની અલગ અલગ માન્યતાઓ રજૂ થઈ છે. જેમ કે: મારા છોકરા સારુ મેં નારિયેળ વધેરવાની બાધા રાખી'તી. આ વાક્ય વિષે સ્પષ્ટતા કરું કે આ વિષે બને માન્યતાઓ ખૂબ જ પ્રચલિત છે: (૧) શંકરને શ્રીફળ મુકાય, (૨) શંકરને શ્રીફળ વધેરાય. મેં ઘણાં શિવાલયોમાં જોયું છે અને જાણ્યું છે. એ આધારે કહું છું કે વ્યક્તિએ જે રીતની બાધા-આખડી રાખી તે સ્વીકાર્ય ગણાય.

આટલી ચર્ચા પછી લેખકે પ્રકાશ નથી પાડયો તે નવાઈ!

(અમરાપુર ધાનાણી) —રમા જાદવ

કલાપીની જન્મતારીખ

હું 'કુમાર'નો વાચક તો છું જ, પરંતુ અનિયમિત. છતાં જ્યારે વાંચવા મળે ત્યારે અંક અવશ્ય પૂરો કરું છું.

ફેબ્રુઆરી '૭૯ના માસનો અંક ગઈ કાલે વાંચવા મળ્યો. 'આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં' વિભાગમાં સ્વ. કવિ કલાપીની જન્મ તારીખ ૨૬/૧૮૭૨ બદલે ૨૬/૧૮૭૪ જોઈએ.

(અમરેલી) —જિતેન્દ્ર હરિકૃષ્ણ વ્યાસ

ભૂલ-સુધાર

અંક ૬૬૮માં પૃ. ૨૬૧ ઉપર 'નિરીક્ષક'માં છપાએલી નોંધ છાપી છે: શક સંવત વિશે. આમાં ચાર જગ્યાએ ભૂલો રહી ગઈ છે, જે મારી દૃષ્ટિએ મહત્ત્વની છે: (૧) રમેશ જમીનદાર છપાયું છે તેને બદલે 'રસેશ' જમીનદાર જોઈએ, (૨) કર્ણિક ત્રણેક વખત છપાયું છે તેને સ્થાને 'કનિષ્ક' જોઈએ, (૩) ચાલ્ટનને સ્થાને ચાસ્ટન જોઈએ, અને (૪) વીય કિથ્ફસને સ્થાને વીમ કથ્ફિસ જોઈએ. આ બધાં વિશેષ નામો હોઈ આપનું ધ્યાન દોરવું મને ઉચિત લાગ્યું છે.

(અમદાવાદ) —રસેશ જમીનદાર


સૌરાષ્ટ્રનાં ગુફાગૃહો

લેખક · મણિભાઇ વોરા

દૈવી શક્તિને માનતા અને પૂજતા થતાં માનવે વ્યક્તિ તેમ જ સમૂહ માટે પૂજાસ્થાનનું નિર્માણ કર્યું. અલૌકિકથી આશ્ચર્ય અને ડર પામી મનુષ્યે પોતાના દિલમાં વસેલાં, કષ્ટ આપે અને કષ્ટ કાપે એવાં દેવદેવીનાં યોગ્ય લાગતાં સ્થાનોએ સ્થાપન કર્યાં. સલામતી અને આશ્રય આપી શકે, દીર્ઘ કાળ પર્યંત જ્યાં રહી શકાય, અવસર વેળા જ્યાં જઈ શકાય એવી ગુફા-કંદરા જેવી જળસ્રોત નજીકની જગ્યાઓએ નાનાં મોટાં સમૂહોનાં દેવસ્થાનો રચાવાં. આદિ માનવોની નિશાનીઓ ધરાવતી હજારો વર્ષ જૂની ગુફાઓ વિશ્વના ઘણા દેશોમાં મળી આવી છે. ફ્રાંસ, સહરા, બ્રાઝિલ, મધ્ય-ભારતમાં કુદરતી ગુફાઓમાં માનવ વસવાટનાં ચિહ્નો છે. ગુફાની ભીંત કે ચટ્ટાન ઉપર પ્રાકૃત જીવનમાં જોએલાં રૂપને અગ્નિજન્ય ખડક ઉપર વધારે કઠણ પથ્થર વડે કાપા પાડીને અથવા મળ્યા તેવા રંગો લગાડી પાષાણયુગી માનવે ચિતરામણ કર્યાની નિશાનીઓ છે. ગોળ કૂંડાળું અને ફરતાં કિરણોથી સૂર્યનો અને ત્રિકોણથી સ્ત્રીનો નિર્દેશ કરતી આકૃતિઓ એ યુગના માનવે ઍમેઝોન નદીના મૂળ-પ્રદેશની કંદરાના ખડક ઉપર કાપા પાડીને કરી છે. કોલસો, માટી, લોહી, વનસ્પતિના રંગો વાપરી પશુપાલક માનવે દોરેલ પોતાના જીવનને સ્પર્શતી બાબતોનાં ચિત્રો ફ્રાંસ, સ્પેન, ઉત્તર આફ્રિકા અને આપણા ભારતમાં પણ કોઈ કોઈ પાકા ખડકનાં પોલાણો ગુફાઓમાં મળ્યાં છે. આ સર્વ ગુફાઓ અગ્નિકૃત ખડક 'ગ્રેનાઈટ'-ની છે; કુદરતી હતી તેને માનવે તો માત્ર શોધી કાઢી પસંદ કરી ત્યાં વસવાનું જ હતું. એવી બખોલ ભોંયરાં જેવી ગુફાઓમાં તે સ્થિર થયો હશે; અને માલિકી ભાવ જાગ્રત થતાં એ આશ્રયસ્થાનને જરૂરીઆત પ્રમાણે રહેઠાણ કરવા, સુધારવા મનુષ્યે પ્રયત્ન કર્યા હશે. ભારતમાં મધ્ય ભારતની કંદરાઓ અને ગુજરાતમાં ઈડર આસપાસના ખડકોમાં આવી ગુફાઓ છે.

સૌરાષ્ટ્રમાં કુદરતી ભોંયરાંઓમાં ગિરનાર ઉપર રાજલ-વેજલની ગુફાઓ, ભર્તૃહરિની ગુફા, દાતારની દરગાહ, ગિરનારની દક્ષિણે રામવાળાનું ભોંયરું, તાંતણીઆ ધૂનાની બખોલ, ઓસમના ડુંગર ઉપર ટપકેશ્વર અને બીજી બખોલો, આલેચમાં બેચવડી પાસે ટપકેશ્વરનું ભોંયરું, બરડા ડુંગરમાં પોલોપાણો, જાંબુવાનનું ભોંયરું, કાળીખપ્પર, સિસમિયું, ટપકેશ્વર અને કોકશિયાની તળેટીમાં આવેલાં પોલાણો, પ્રાચી પાસે કાદુ મકરાણીનું ભોંયરું, સમાણા પાસેના ડુંગરમાં ભીમા જતનું બેસણું, પાંચદેવડાનો ભોંયરો ડુંગર, માધવપુર પાસે ચીંગરીઆની સાધુની ગુફા, પિંડારા પાસે વીરપુર-લુશાળીનું ભોંયરું, પાસ્તર પાસે ભવનેશ્વરની ગુફા, ગોપ ઝીણાવાળીનું ભોંયરું, આલબાઈ, વાંકોલ આઈ ખોડિયારનાં પોલાણો એ પાકા પથ્થરમાં સામાન્ય કક્ષાનાં છતાં કુદરતી આશ્રયસ્થાનો છે.

પાછળના જમાનામાં આ આશ્રયસ્થાનોમાં થયાં ત્યાં અનુકૂળ



△ દક્ષિણ સૌરાષ્ટ્રમાં ગિરની ડુંગરમાળામાં અગ્નિકોણે આવેલા સાણા-ડુંગરમાંની ચોસઠમાંની કેટલીક બૌદ્ધગુફાઓ (ફોટો-મણિભાઇ વોરા)

ખડક અને સ્થાન જોઈને માનવે કલાસૂઝથી સુધારાવધારા કરી ગૃહોનું નિર્માણ કર્યું. આવાં શૈલગૃહો મિસર, ઇરાક, ઇરાન, અફઘાનિસ્તાન, ભારત, શ્રીલંકામાં છે, જગતના લગભગ બધા દેશોમાં છે. આપણાં અજંતા, ઈલોરા, બાઘ, કાર્લા, એલિફન્ટા, નાસિક, અમરાવતી જેવાં સ્થાનો આ પ્રકારનાં સમૃદ્ધ શૈલગૃહો છે.

સૌરાષ્ટ્રની માનવકૃત ગુફાઓ સ્થળ-કાળને અનુરૂપ સાદી, સામાન્ય, એકલી અટૂલી અથવા સમૂહમાં પણ થએલી છે. સાણા, ધ્વાંસ, લોર, તળાજા, જૂનાગઢ, ઉપરકોટ, બાવાપ્યારા, ખાપરાકોડિયા, સાકરિયો ટીંબો, માય ગઢેચી, પંચેશ્વર, નોંઘણકૂવો, માત્રી માતા, ડુંગરપુર, ઢાંક, ઝીંઝૂડી ઝર, આલેચ પાટણ, બરડામાં રાણપુર ધૂમલી, ખંભાલીડા, ભીમોરા, હોથલીઓ ડુંગર, મંડોર, પ્રભાસ પાટણ, ઝીલેશ્વર, ફૂલનાથ વગેરેની ગુફાઓ માનવસર્જિત છે.

સાધકે કે સંઘે, રાજાએ કે શ્રેષ્ઠિ એ શક્ય ત્યાં જળમળ કે ઉદ્ભિજ ખડક હતો ત્યાં ગુફાગૃહો બન્યાં ત્યાં એ પ્રવૃત્તિ કરેલી લાગે છે. આ ગુફાઓમાં કેટલીક પ્રાગ્બૌદ્ધ યુગની બ્રાહ્મણી કે પ્રાકૃત પણ હશે. બૌદ્ધ સંઘોએ વ્યવસ્થિત વિહારો રચ્યા. જૈન સાધકો પણ વસ્યા અને શૈવો, શાક્તોએ પણ આ ગુફાઓમાં સમય વ્યતીત કર્યો. વનવાસીઓ, આશ્રય શોધનારાઓ, ચોર-લુંટારાઓનાં રહેઠાણ પણ આ ગુફાઓ બની છે. તેથી જ પાંડવોની, ખાપરા-કોડિયાની, હોથલ-પદમણીની ગુફાઓ કહેવાઈ છે. અવાવરુ ગુફાઓ, ભોંયરાંઓ પછી ભૂતખાનાંઓ અને જંગલી જાનવરોનાં રહેઠાણ પણ બન્યાં. આમ આ ગુફાઓએ કંઈક પરિવર્તન નિહાળ્યાં છે.

જ્યાં ચૂનાના પથ્થર કે રેતિયા અથવા પોચા ઉદ્ભિજ પથ્થર હતા એવા ખડકાળ વળામાં શૈલગૃહો થયાં. પાછળના જમાનામાં જ્યાં આવી ગુફા હતી ત્યાં જ પથ્થરની ખાણો પડી, અને ખાણોમાં ઘણી ગુફાઓ અદૃશ્ય થઈ. ગઈ સદીમાં સરકારની લુંટારા બહારવટિયાનાં આશ્રયસ્થાનો નાબૂદ કરવાની નીતિ, ને પ્રજાની ભૂત કે જાનવરના વાસ દૂર થાય એ ખુશી હતી. તેમાં પથ્થરની ખાણોનો વિકાસ થતાં પ્રાચીન ગુફાઓના નાશનો તબક્કો દેખાયો. આજે હવે સરકારના પુરાતત્ત્વખાતાથી રક્ષિત આવી ગુફાઓ રહી છે.





સાણાની એક ચૈત્યગુફામાંનો બૌદ્ધ સ્તૂપ. (ફોટો : મણિભાઈ વોરા) જમણી બાજુ : ઢાંકની જૈન ગુફાની બહારની ભીંત ઉપર જૈન તીર્થંકરોનાં શિલ્પ. (ફોટો : હરજીવનદાસ પંડિત)


સૌરાષ્ટ્રની માનવકૃત ગુફાઓ

૧. સાણા : સૌરાષ્ટ્રનાં શૈલગૃહોમાં સાણાના ગુફાસમૂહને પ્રથમ સ્થાન આપી શકાય. જાફરાબાદ-નાગેશ્રીની વાયવ્યે, ગિર ડુંગરમાળાના અગ્નિ ખૂણે. સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગે સાણાનો ડુંગર આવેલો છે. ઉદ્‌ભિજ ખડકનો એ ડુંગર માલણ નદી પર છે. અહીં ત્રણ ટેકરીઓમાં ૬૪ જેટલી ગુફાઓ બૌદ્ધ સાધકોએ કોરી કાઢી મહાન સંઘાશ્રમ બનાવેલો છે. પશ્ચિમની ટેકરીના નીચેના ભાગમાં ૭૨'×૬૦'ની વિશાળ ગુફા છે, જેની અંદરની ઊંચાઈ ૧૬' છે. આ ઉત્તરાભિમુખ મંડપને 'હાથીખાનું કહે છે. દ્વારભાગે તૂટેલા સ્તંભોના શેષ ભાગ છે. મંડપને અંદર એકે સ્તંભ કે ગર્ભગૃહ નથી. આ ગુફાની જમણી બાજુથી ઉપર જતાં નાની મોટી ચતુષ્કોણ ગુફાઓ આવે છે, જે સાધકોના આવાસ છે. ટેકરીની ઉપર જતાં અધવચ્ચે એક ભવ્ય સભામંડપ આવે છે. પૂર્વાભિમુખ આ મંડપ આશરે ૪૦'×૪૦'નો છે. જેની છતને વચ્ચેના ભાગમાં ચાર મોટા સ્તંભોથી ટેકો મળે છે. આ ચાર થાંભલા વચ્ચે આશરે ૧૮'×૧૮'નો ચોક બને છે. તેને ફરતા દશેક ફૂટનો અવકાશ રહે છે. આ વિહારની ત્રણે ભીંતને અઢેલી બેસી શકાય એવા સળંગ ઓટલા જેવી બેઠકો છે. આ સભાખંડને 'ભીમની ચોરી' કહે છે. તેની ઉપર જતાં પણ ગુફાઓ આવે છે. વચ્ચેની ટેકરીના ઉપરના ભાગમાં એક ઉત્તરાભિમુખ ચૈત્ય ગુફા છે. આ ગુફા ૩૦' ઊંડાઈ ૧૮' પહોળાઈ અને ૧૪' ઊંચાઈ ધરાવે છે. ગુફાની પાછલી ભીંત ત્રાળાકારે છે. ગર્ભગૃહમાં વચ્ચે ૮' વ્યાસનો સ્તૂપ ઊભો છે તેની ઉપર છત્રકૂટી નથી. નીચેના ભાગે નળાકાર અને ઉપર ગોળાકાર સ્તૂપને 'શિવલિંગ' કહે છે, અહીંથી નીચેના ભાગે બે ચૈત્ય ગુફાના અવશેષ છે. એકમાં તો તૂટેલો સ્તૂપ પણ છે. ટેકરીની નીચેના ભાગમાં ગુફા-મંડપોમાં સુધારો કરી ડેલીબંધ જગ્યા બનાવી છે અને તેમાં શિવમંદિર, રામચંદ્રજીનું મંદિર ને રબારીનાં મગ્માઈ માતાનો મઠ સ્થાપેલાં છે. પૂર્વ તરફની ટેકરી ઉપર ઘણી ગુફાઓ ઉપરનીચે છે. ઉપરના ભાગે એક વિશાળ ગુફામંડપ છે. જેના દ્વારભાગે અહાંશવાળા બે સ્તંભ મૂકી ત્રણ દ્વાર બનાવ્યાં છે. વિશાળ પરસાળ પછી અંદરના મંડપમાં ચાર ગુફાખંડોનાં દ્વાર પડે છે. અંદરની આ ગુફાઓ તૂટી પડેલી છે અને આખા આ પશ્ચિમાભિમુખ મંડપમાં ચામાચીડિયાંની ચરકની વાસ આવે છે. લોકો આને 'ગાંધારીનો મહેલ' કહે છે. આ ટેકરી ઉપર એકમાંથી બીજી શ્રેણી પર જવા કોતરેલાં પગથિયાં છે, પાણીના નિકાલ માટે નીક છે. સૌથી વિશેષ ધ્યાન ખેંચે એવાં તો અહીંનાં ટાંકાંઓ છે. કોતરી કાઢેલા કૂવા જેવું મોં ધરાવતાં આ ટાંકાંઓમાં પાણી ભર્યું રહે એવી ગોઠવણ છે. ચોમાસામાં ઉપરનાં અને ઉનાળે નીચેનાં ટાંકાં ભર્યાં રહે છે. સંઘનો મોટો સમુદાય આ પૂર્વની ટેકરીના વિહારોમાં રહેતો હશે. આ ભાગ સૌથી છેલ્લો રચાયો હોય એમ લાગે છે. આસપાસથી ૧૬·૫×૧૦×૪ ફૂટની પાકી મૌર્ય-ક્ષત્રપ યુગની ઈંટો મળે છે. આ ગુફાસમૂહ હીનયાની બૌદ્ધસંઘારામ છે.

સાણાની નજીક જામકા પાસે ધ્વાંસના ટેકરામાં એક ગુફામંડપ છે, ને થોડે દૂર લોરના ટેકરાના પશ્ચિમ ભાગમાં બે ગુફાઓ છે.

૨. તળાજા : ગોહિલવાડમાં ભાવનગરથી મહુવા જતાં રસ્તામાં તળાજાની ટેકરી અને સુંદર ગામ આવે છે. જૈનોનું તાલધ્વજ ગિરિતીર્થ આ સ્થળ છે. ટેકરી ઉપર સુંદર દહેરાસરો છે. તળાજાની ટેકરીના ઉત્તર ભાગમાં ભવ્ય બૌદ્ધ સભામંડપ છે. જે 'એભલ મંડપ' કહેવાય છે. સાણાના હાથીખાના ગુફામંડપથી વિશેષ ભવ્ય આ મંડપ લગભગ ૭૨'×૬૦' અને ૧૭' ઊંચાઈનો છે. સભામંડપ ઉત્તરાભિમુખ છે. એના મોરા ઉપર જાળપટ્ટીની વેદિકા ઉપર ભવ્ય ચૈત્ય કમાનનાં શિલ્પ છે. મંડપની સમતલ છતને અષ્ટકોણ સ્તંભોનો ટેકો આપેલો છે; જો કે આજે સ્તંભો ઘસાઈ નષ્ટ થયા છે. મંડપની અંદર પાછળના ભાગે ગુફાગૃહો છે. તેનો ભંડાર તરીકે ઉપયોગ થતો હશે. આગળના ભાગમાં ખુલ્લા પટાંગણમાં વિશાળ ટાંકું છે. મહામંડપની પૂર્વમાં તેમ જ ઉપરના ભાગે બીજી ભાંગેલી

▽ નીચે : બરડા પ્રદેશમાં રાણપુરની ધીંગેશ્વરની જગ્યા પાસેની બૌદ્ધ ગુફાઓ.





△ સૌરાષ્ટ્રમાં જેતપુરથી પૂર્વમાં આઠેક માઈલ દૂર ખંભાલીડા ગામની ઉત્તરે એક ઝરણા પાસેની મહાયાન પંથની બૌદ્ધ ગુફાઓમાં ચૈત્ય અને વિહાર, જેમાં ચૈત્ય ગુફાના પ્રવેશ પર બોધિસત્ત્વનું ભીમકાય શિલ્પાંકન ધ્યાન દોરે છે. (બંને ફોટો : મણિભાઈ વોરા)

ગુફાઓ છે જેમાં એક ચૈત્ય-ગુફા લાગે છે. અંદરના ભાગે બીજો નાનો સભામંડપ છે. ટેકરીની બીજી બાજુ ગુફાના શેષ ભાગો છે. એકમાં માતાજી ખોડિયાર બિરાજે છે. આ ડુંગરમાં કુલ ૨૮ ગુફાઓ છે, જે સાણાની ગુફાઓ જેટલી પ્રાચીન છે. આ સ્થાન પણ હીનયાની બૌદ્ધ ભિક્ષુઓનો સંઘારામ હશે. પછી જૈન સંઘ રહ્યો હશે. જૈન સંઘારામે પ્રથમ ગુફાઓ અને પછી જૈનાલયોનાં નિર્માણ આદર્યાં હશે અને આ ટેકરીને જૈન તીર્થ બનાવ્યું હશે.

૩. જૂનાગઢનાં ગુફાગૃહોમાં બાવાપ્યારાના મઠવાળી ગુફાઓ, ઉપરકોટનો ગુફામંડપ, ખાપરા-કોડિયાનાં ભોંયરા પંચેશ્વરની ગુફાઓ, સાકરિયા ટીંબો, માય ગઢેચી અને બીજી ગુફાઓ છે.

(અ) બાવા પ્યારાની ગુફાઓ ઉપરકોટની દક્ષિણે ગિરનાર રોડ ઉપર આવેલી છે. તેમાં નાની ગુફાઓની ત્રણ શ્રેણીઓ છે. ગુફાસમૂહમાં પ્રવેશ કરતાં સામે પૂર્વાભિમુખ સુંદર પરસાળવાળી ચૈત્યગુફા છે, જેની પછીત અર્ધ ગોળાકારે છે. પરસાળમાં ચૈત્યની બંને બાજુ નાની ગુફા-કોટડીઓ છે. આ સ્થાનની આ મુખ્ય ગુફા, પૂજાસ્થાન લાગે છે. આમાં વચ્ચે સ્તૂપ હશે. આ ચૈત્ય-ગુફાની દક્ષિણે એક પરસાળવાળી બે ખંડની ગુફા છે. જેના દ્વાર ઉપર જૈન પ્રતીકો સ્વસ્તિક, નંદીપદ, મત્સ્યજોડી-કળશ વગેરેનાં આછાં શિલ્પ છે. ચોકમાં જમણા હાથ ઉપર જરા ઊંચે દક્ષિણ મુખે બે ચોરસ ગુફાઓ છે. ત્યાંથી ઉપર જતાં પૂર્વ-પશ્ચિમ જતી નાની ગુફાઓની હાર આવે છે, જે પછી જોઈશું. ચૈત્ય અને જૈન પ્રતીકોવાળી ગુફાની દક્ષિણેથી ઉપર જતાં આગળના ભાગે ભગ્ન ગુફાઓની એક શ્રેણી આવે છે, જેમાં જુદીજુદી પરસાળ ધરાવતી ચાર-પાંચ ગુફાઓ છે. બધી ગુફાઓ ચતુષ્કોણ છે. પહેલી ગુફામાં પરસાળ પાછળ મોટા ગુફાખંડ છે. જેની સમતલ છતને વચ્ચે એક સ્તંભનો ટેકો આપેલો છે. સાધકવૃંદના આ આવાસ છે. અહીંથી ઉત્તર તરફ જતાં જરા ઊંચે પૂર્વ-પશ્ચિમ જતી ત્રીજી ગુફાશ્રેણી આવે છે તેને હવે જોઈએ. દક્ષિણાભિમુખ આ ગુફાઓ આગળ પાણીને જવા નીક કોરેલી છે. વચ્ચેની મોટી ગુફામાં સમતલ છતને ટેકો આપતા અહીં બે ગોળાકાર સ્તંભો છે, જેને પાયામાં ગોળ કળશાકાર કુંભી છે. આ સ્તંભો ગુફાની પ્રાચીનતા સિદ્ધ કરે છે. આ સ્તંભોવાળા મંડપમાં અંદરને ભાગે ત્રણ ચોરસ ગુફાઓ છે. મંડપની પશ્ચિમે એક પૂર્વ મુખે ભગ્ન ગુફા છે. પૂર્વમાં જતાં આ જ હારમાં પરસાળવાળી ત્રણેક વધારે ગુફાઓ છે. ત્યાંથી ઊતરતાં પ્રથમ ગુફાઓનો ચોક આવે છે. મૂળ હીનયાની બૌદ્ધની આ ગુફાઓમાં પાછળથી જૈન સંઘ વસ્યો હોય એ બનવા જોગ છે. અશોકના સમય પછી તરતના સમયની આ ગુફાઓ અગત્યની પુરાતત્ત્વીય સમૃદ્ધિ છે,

(બ) જૂનાગઢમાં સૌથી સારી સ્થિતિમાં જળવાઈ રહેલો ઉપરકોટનો ગુફામંડપ છે. આ બે માળનો ગુફાવિહાર શિલ્પથી અલંકૃત છે, પાછળના યુગના મહાયાનીઓની એ કૃતિ છે. નીચેના માળે ચારે બાજુએ સ્તંભોની વચ્ચે ૧૧' × ૧૧'નો કુંડ જેવો ચોક છે. બાજુમાં ૭ સ્તંભના ટેકાવાળો ખંડ અને ચોકને ફરતી ચાલીમાં બેસવા માટે આસન છે. ઉપરના માળે પણ એ જ નકશામાં ચોક અને પરસાળ છે. રૂપાળા સ્તંભ ઉપર શીર્ષ અને નીચે કુંભી સુંદર શિલ્પથી અલંકૃત છે. બેઠકો ઉપર ચાલીની ભીંતે કંદોરામાં પણ ચૈત્યબારી, ચોકઠાંની હારડી વગેરેનાં શિલ્પ છે. ભીંતની ચૈત્યબારીમાં બે સ્ત્રીઓ ઊભી હોય તેવાં મજાનાં શિલ્પ છે. આ ગુફામંડપ બૌદ્ધ ભિખ્ખુણીઓનો વિહાર અથવા સ્નાનાલય હોય એવું લાગે છે. ક્ષત્રપયુગ ને તે પછીના સમયનાં શિલ્પ જોતાં આ ગુફાઓ જૂનાગઢની ગુફાઓમાં સૌથી છેલ્લે બની હોય એમ લાગે છે.

(ક) જૂનાગઢમાં બાવા પ્યારા ગુફાઓની નૈર્ઋત્યે ગિરનાર રોડની દક્ષિણે સાકરિયો ટીંબો છે. તેમાં પણ ભગ્ન સ્થિતિમાં ગુફા સમૂહ છે. બે માળની ગુફાઓને સાદાં દ્વાર ને સાદા પાતળા સ્તંભ છે. ભિખ્ખુઓનો વિહાર અથવા અતિથિગૃહ હોઈ શકે. આનો સમય ક્ષત્રપોનો પાછળનો કાળ હશે.

(ડ) જૂનાગઢમાં શહેરના ઈશાનભાગે ધારાગઢ દરવાજે ખાપરાકોડિયાનાં ભોંયરાં તરીકે ઓળખાતી ગુફાઓ છે. તદ્દન ભગ્ન દશામાં આ ગુફાઓ છે. પથ્થરો ખોદાઈ ગયા છે. મોટા ખંડ અને પરસાળવાળી આ ગુફાઓ અન્ય ગુફાઓ કરતાં મોટી લાગે છે.







ડાબી બાજુ : રાણપુરની ધીંગેશ્વરના ક્ષેત્રમાં શિવલિંગ તરીકે પૂજાતો, પણ હકીકતે ચૈત્ય ગુફામાંના બૌદ્ધ સ્તૂપ. (વચ્ચે) ઢાંકની પશ્ચિમે ડુંગરમાં પાટણ-આલેચની બૌદ્ધ ગુફા. (જમણી બાજુ) ઢાંકના ઉત્તરે આલેચના ડુંગરમાં ઝીંઝરી ઝર છે ત્યાંની હીનયાન પંથની બૌદ્ધ ગુફાઓ.

કોઈ કોઈ સ્થળે દ્વારના ખંભ કે થાંભલાના ઉપર ભાગે મેષશીર્ષ જેવું અસીરીઅન ઢબનું શિલ્પ દેખાય છે. હીનયાનીઓનો સૌથી પ્રથમ ગુફામંડપ અહીં હશે. અહીંથી જ સુદર્શન તળાવે જવાનો મુખ્ય માર્ગ હશે. આ ગુફાઓની સામે થોડે દૂર નવદુર્ગાના સ્થાને પણ પ્રાચીન બ્રાહ્મણી શૈલગૃહ છે.

(ઇ) ગામ બહાર દક્ષિણે કાળવાનાં એક ઝરણ ઉપર નાની નાની સામાન્ય ગુફાઓનો સમૂહ છે. સાધકો કે યાત્રીઓ અર્થે આ આશ્રય કર્યા હશે. અગાઉ અહીં વિશેષ ગુફાઓ હશે. આ ગુફાઓ પંચેશ્વરની ગુફાઓ કહેવાય છે.

(ફ) ગામમાં માય ગઢેચીની મસ્જિદે પણ એક સમયે ગુફા-ગૃહ–બૌદ્ધ સાધકનો વિહાર હશે એ અવશેષ પરથી જોઈ શકાય છે.

આ ઉપરાંત ઉપરકોટની પૂર્વમાં એકાદ અટૂલી ગુફા છે ખીલખાના માર્ગે ડુંગરપુરની ગુફાઓ છે.

ગિરનાર–જીર્ણદુર્ગમાં અશોકથી માંડીને હ્યુએન સંગ આવ્યા ત્યાં સુધી બૌદ્ધોનો વાસ હતો. સંઘોના ત્રણ શરણના મંત્રોચ્ચારથી બધા વિહારો ગુંજતા. મૌર્ય, ક્ષત્રપ, ગુપ્ત સમ્રાટોની ધર્માજ્ઞા ધરાવતો શિલાલેખવાળો પ્રખ્યાત ખડક અહીં છે. ઈંટવા, બોરિયાંના સ્તૂપોના અવશેષો અહીં છે. સુદર્શન તળાવનું સ્થળ અને એ સાથે ઉપરનાં બધાં ગુફામંદિરો આ સ્થાનનાં પ્રાચીન ઇતિહાસની પુરાવસ્તુઓ છે.

૪. ઢાંક: ડુંગરની પૂર્વ તળેટીમાં ગામ છે, જ્યારે ડુંગરની પશ્ચિમે ઉત્તર-દક્ષિણ જતી ઝર ઉપર પૂર્વના ખડકાળ કાંઠે ઢાંકનો ગુફા-સમૂહ છે. લગભગ બધી ગુફાઓ ભગ્ન સ્થિતિમાં છે. દક્ષિણે છેડાની એક ગુફા ઠીક રહેલી છે તેને ૪' ઊંચાઈનું નાનું દ્વાર છે. અંદર પેસતાં ૮' × ૮'નો મંડપ છે. તેમાં સામે ગોખમાં તીર્થંકરની પ્રતિમા બેઠેલી છે. બન્ને બાજુ પણ ગોખમાં જૈન દેવતાનાં ઘસાઈ ગએલાં શિલ્પ છે. દેવપ્રતિમાઓ ગુફાઓ સાથે જ, ગુફાના જ પથ્થરમાં કંડારી છે. ગુફા બહાર ઉત્તર તરફ જતાં ચારપાંચ નાની-મોટી ગુફાઓ તૂટેલી પડી છે. આ બધી પશ્ચિમાભિમુખ ગુફાઓ છે. તેની ખુલ્લી ખડકાળ ભીંત ઉપર પશ્ચિમ મુખ જૈન તીર્થંકરોનાં નાનાં શિલ્પો તેમ જ પ્રતીક કંડારેલાં છે. આછા 'રિલીફ'માં ઉપસાવી કાઢેલું આવું શિલ્પ અહીં જ દેખાય છે. બાવા પ્યારાના મઠવાળી ગુફાઓના જૈન સંઘ અને ઢાંકના જૈન સંઘ સમકાલીન હોઈ શકે છે. ઢાંકમાં ગુપ્ત સમયના શિલ્પાવશેષ પડ્યાં છે. પ્રલંબ-પાદ બુદ્ધ, ગણેશ, યક્ષ, યક્ષી, અદિતી ઉત્તાનપાદ, કુમાર, કુબેર વગેરેની એ પ્રતિમાઓ છે. સિદ્ધ–નાગાર્જુન સાથે ઢાંકનો સંબંધ છે.

૫. ઝીંઝૂડી ઝર: ઢાંકની ઉતરે પાંચેક માઈલ પર આલેચના ડુંગરની ઝીંઝૂડી ઝર છે. ત્યાં પાંચેક હીનયાની બૌદ્ધોની ગુફાઓ છે. થોડે થોડે છેટે ત્રણ ગુફાઓ છે. તેમાં ઉત્તર તરફની જરા મોટી પરસાળવાળી છે. (ખડકમાં ખોદી કાઢીને બૌદ્ધો જે ગુફા બનાવતા તેની આગવી રીત હતી: વચ્ચે દ્વાર, તેની બન્ને શાખે બે ચોરસ સ્તંભ મૂકીને બેઉ બાજુ લગભગ દ્વારની જ પહોળાઈની બે બારીઓ મૂકેલી હોય છે. બે બારીઓ નીચે કઠેરો પથ્થરનો જ મૂકી દેવામાં આવતો. કોઈ સ્થળે લાકડાની પટ્ટીનો દેખાવ પણ કોતરાતો. અંદરના ભાગે આ ગુફા લંબચોરસ રહેતી. આમાં પાછળ ગર્ભ-ગુફા કરાતી તો આગળની ગુફા પરસાળ બની જતી. હીનયાનીઓની ગુફાઓમાં આ નકશાનું જ લગભગ બધે અનુકરણ થએલું દેખાય છે.) પૂર્વ તરફ ઝરણાં ઉપર જાણે ડેલીબંધ પરસાળ-વાળી ઓરડીઓ હોય તેવો પૂર્વાભિમુખ એક ગુફાગુચ્છ છે. બધી સાંકડી પરસાળ, નાના ચોરસ ખંડ અને ચોરસ થાંભલાવાળી ભગ્ન દશામાં છે. આ ગુફાની બહાર દક્ષિણે એક ગુફાને બન્ને-બાજુ બારીઓ, વચ્ચે દ્વાર અને બારી નીચે જાળપટ્ટીનાં શિલ્પ-વાળો કઠેરો છે. તેની જમણી બાજુ ચૈત્ય ગુફાનાં તળિયાંનાં ચિહ્ન દર્શાવતો ભાગ છે. જૂનાગઢનાં ખાપરા-કોડિયાનાં ભોંયરાંને મળતી અહીંની કોઈ કોઈ ગુફા છે.

૬. પાટણ આલેચ: ઢાંકથી ૭ સાત માઈલ પશ્ચિમે ડુંગરમાં પાટણ ગામ છે ત્યાં ત્રણચાર બૌદ્ધ ગુફાઓ છે. ઝીંઝૂડી ઝર અહીંની ગુફાઓ પણ બૌદ્ધ ભિક્ષુઓની છે. 'ચોરચોરો' કહેવાતા સ્થળે બે ત્રણ ભગ્ન ગુફાઓનાં તળિયાં જોવા મળે છે. પાટણમાં ક્ષત્રપ સમયની પાકી મોટી ઈંટાના ટુકડા મળે છે.

૭. પ્રભાસ પાટણ: દેહોત્સર્ગની ઉત્તરે અને પશ્ચિમે બે-ત્રણ સ્થાને બૌદ્ધ ગુફાના અવશેષ છે. અન્ય ધર્મીઓએ વારાફરતે ત્યાં

પૂજા-સ્થાન કર્યાનાં ચિહ્નો એક ગુફામાં છે. આ ગુફાઓ સાદા નાની ચોરસ સ્તંભો વચ્ચે દ્વાર અને બારીઓવાળી છે. એક ઉત્તરાભિમુખ ગુફાને ફરતો બંધ પ્રદક્ષિણા માર્ગ છે. મૂળ શું હશે તે કહી શકાય તેમ નથી, ઘણા સાધકો ફરી ગયા છે,

૮. મંડોર : હિરણ નદી ઉપર સવની પાસે મંડોરના જૂના ટીંબા અને એક વોંકળાને કાંઠે ગુફાસમૂહ છે. ચોરસ થાંભલા, ચતુષ્કોણ ઓરડી, સાંકડી ને પરસાળ ધરાવતી આ ગુફાઓમાં બૌદ્ધોની ગુફાઓમાં સામાન્ય એવો નકશો નથી. બ્રાહ્મણી ગુફાઓ હોવાનો સંભવ છે. સમય ક્ષત્રપ યુગ પછીનો નથી લાગતો.

૯. રાણપુર-ખરેડા : બરડાડુંગરની પશ્ચિમે, પાસ્તરની દક્ષિણે રાણપુરની ધીંગેશ્વરની જગ્યા છે. ધીંગેશ્વરનું કહેવાતું ધીંગું શિવલિંગ અને તેનું ગર્ભગૃહ હકીકતે સ્તૂપ અને ચૈત્ય ગુફા છે. સાતેક ફૂટ ઊંચો આ સ્તૂપ સાણાના સ્તૂપના આકારનો છે. તેની પાછળ પ્રદક્ષિણામાર્ગ છે. ગર્ભગૃહની આગળ બૌદ્ધ ગુફાને હોય તેવી એક બાર ને બે બારીવાળી પરસાળ છે. આ ઉત્તરાભિમુખ ચૈત્ય ગુફાની ડાબી બાજુએ વિહાર ગુફા છે. અહીંથી થોડે દૂર સામે ઉત્તર તરફ એક ઝરણાને કાંઠે સાતેક ગુફાઓનો સમૂહ છે, જેનાં લક્ષણ હીનયાની બૌદ્ધ ગુફાનાં છે.

ઘૂમલીની પશ્ચિમે મોખાણાની દક્ષિણે એક ઝર છે, જેને જાનુ ઝર કહે છે. આ ઝર ઉપર બે બૌદ્ધ સાધકની ચતુષ્કોણ ગુફાઓ છે.

૧૦. ખંભાલીડા : ખંભાલીડાનો અગત્યનો ગુફાસમૂહ જેતપુરની પૂર્વે આઠેક માઈલ અને વીરપુરની દક્ષિણે ત્રણ માઈલ પર આવેલો છે. ખંભાલીડા ગામની ઉત્તરે ભાદરને મળવા જતાં એક ઝરણા ઉપર બૌદ્ધોએ આ ગુફામંડપ બનાવ્યા છે. જતા ડાબા હાથ ઉપર સાતેક નાની ગુફા કોટડીઓ છે. પછી ચોક આવે છે. ત્યાં ત્રણ મોટી ગુફાઓ પૂર્વમુખે ઊભી છે ચોકમાં ઉત્તરે તેમ જ દક્ષિણે મુખ્ય ગુફાઓની બન્ને બાજુએ ગુફામંડપની પરસાળો એક કાળે હશે, તેનાં તળિયાં દેખાય છે. મુખ્ય ગુફાઓમાં બન્ને બાજુ વિહાર અને વચ્ચે ચૈત્ય-ગુફા છે. વિહારોમાં વચ્ચે ચોરસ કંડારેલા સ્તંભોથી છતને ટેકો છે, જ્યારે ચૈત્યમાં વચ્ચે ગોળાકાર સ્તૂપ લાગતો ધીંગો સ્તંભ છતને અડકે છે. તેને ફરતો પ્રદક્ષિણામાર્ગ છે. લક્ષ ખેંચે એવું તો ચૈત્ય-ગુફાના દ્વાર પરનું શિલ્પ છે. દ્વારની બન્ને બાજુ માનવથી વિશેષ કદની બોધિસત્ત્વોની પ્રતિમાઓ અને તેની પાછળ તેના પરિવાર દેવતા તથા વટવૃક્ષનાં શિલ્પ છે. એક બાજુ પદ્મપાણિ અને બીજી બાજુ વજ્રપાણિનાં દર્શન થાય છે. ચૈત્ય ને વિહારના દ્વારના ઉપરના ભાગે ચૈત્ય-બારી, જે ચોકઠાંની ઝીણી હારમાળાનાં શિલ્પ દેખાય છે, જે આ ગુફામંદિરોને મહાયાની બૌદ્ધોની ઠરાવે છે, અને સમય ઉપરકોટ-જૂનાગઢના

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૬૯ માટેનું 'પર્સી હેરિસન ફૉસેટ'ના લેખક શ્રી અશોક હર્ષને મળે છે..

ગુફામંડપનો સમાનકાળ છે. આ મંડપથી જરા દૂર ઝરણા પર ત્રણેક ગુફાઓ ભંડાર અને સાધક માટે લાગે છે. સામેના ભાગમાં પણ બે ચોરસ ગુફાઓ સાધકના આવાસ છે. બીજીથી સાતમી સદી સુધી આ સંઘારામમાંથી ત્રણ શરણના મંત્રધ્વનિએ વાતાવરણને ગૂંજતું રાખ્યું હશે.

૧૧. ભીમોરા : ઝાલાવાડમાં ચોટીલા તાલુકાના ભીમોરા ગામે ત્રણેક પ્રાચીન ગુફાના અવશેષ છે. હીનયાની આ ગુફામંડપમાં આશ્રમનાં બાળકો આજે આનંદે છે. બાજુમાં ત્રણેક ભગ્ન ગુફાઓ છે જે સાધકોના વિહાર છે

૧૨. હોથલીઓ ડુંગર : વિસાવદર તાલુકે જેતલવાડ ગામની દક્ષિણે બે માઈલ પર હોથલીઓ ડુંગર છે. આ ડુંગરના વાયવ્ય ભાગે ઉપરના ભાગમાં કુદરતી ગુફા છે જે 'હોથલની ગુફાઓ' કહેવાય છે. માણસે થોડુંઘણું ખોદકામ કરી અઘોરી સાધકોના રહેઠાણ જેવું કરેલું છે. આજે પણ અઘોરીનાં ભોંયરાં અથવા રાની જાનવરના રહેઠાણ જેવું છે.

૧૩. ઝીલેશ્વર-ફૂલનાથ : ભીમદેવળ પાસે નારિયેળા વોકળાના મૂળમાં ઝીલેશ્વરની ગુફા છે; અને સરસ્વતી-નારિયેળાના સંગમ ઉપર ફૂલનાથની ગુફા છે. આ બ્રાહ્મણ ગુફાએ માનવસાજત શૈલગૃહો છે.

ગોરખનાથની ગુફા, ગોરખમઢી અને માત્રી માતાની વાવ-માંગરોળ, તેમ જ નોંઘણ કૂવો-જૂનાગઢ માનવકૃત ભોંયરાંના અનન્ય નમૂનાઓ સૌરાષ્ટ્રમાં છે.

આ ગુફાઓ ઉપરાંત કચ્છ તરફ દૃષ્ટિ કરીએ તો સિયોત-કટેશ્વરીની ગુફાઓ છે. ઓખા બેટ, માધવપુર-ઘેડ, મધુવંતી કાંઠે મેંદરડામાં પણ ગુફાગૃહોનાં ચિહ્નો છે, જ્યાં પ્રાગ્બૌદ્ધ સમયના માનવો રહ્યા હશે. પહાડોનાં નિર્ઝરણ પાસે, દાદ દેતા ખડકોમાં ગુફાગૃહો ને પૂજાસ્થાનો રચાયાં, જેમાં પ્રાકૃત, બૌદ્ધ, જૈન, શૈવ શક્તિના રાગી-વિરાગીઓએ સાધના કરી અને જે ઉત્થાન થયાં, પતનના કાળમાં અઘોરી, ચોર, ડાકુ ને જંગલી જાનવરોનાં રહેઠાણ થઈ નષ્ટ થયાં. ભૂતકાળની ગાથાઓ કહેતી માનવ સર્જિત ગુફાઓના અવશેષો જે આપણા દેશમાં રહી છે તેની આ ઝાંખી છે. □

ડિટેક્ટિવ ફેલુદા અને એની સત્યાન્વેષી શક્તિનો પરિચય આપતી સત્યજિત રાયની એક રહસ્યકથા

બાદશાહી અંગૂઠી

(ગતાંકથી ચાલુ)

અનુવાદક · સુકન્યા ઝવેરી

બીજા દિવસે બપોરે વેળાસર જમી લઇને અમે ઈમામબાડા જોવા ઊપડયા. બાપુજી ને ધીરુકાકા મોટરમાં ગયા. એમની ગાડીમાં જગ્યા તો હતી જ, પણ મેં અને ફેલુદાએ ટાંગામાં સહેલ કરતા જવાનું વિચારેલું.

ટાંગામાં બહુ મઝા આવી. કલકત્તામાં તો એ બને તેમ જ નથી. અને ખરું કહું તો હું કદી કોઈ પણ જાતની ઘોડાગાડીમાં બેઠો જ નથી. ફેલુદાએ એ અનુભવ કરેલો છે. એ કહે કે વિકટોરિયા કરતાં ટાંગામાં ધક્કા દોલા લાગે, અને ખાધું હજમ કરવા માટે એ સારા.

'તારા કાકાનો બાવરચી ફર્સ્ટક્લાસ રસોઈ બનાવે છે. તેથી અહીં પ્રમાણસર ખાવાનું બનશે નહિ, એટલે આમ વચ્ચે વચ્ચે ટાંગા-રાઈડ કરીને ખાધું પચાવવાની જરૂર પડવાની જ'.

અજાણ્યા શહેરના રસ્તા જોતા જોતા અમે જે જગ્યાએથી પસાર થતા હતા તેનું નામ ટાંગાવાળાને પૂછ્યું. એ હતું કૈસર-બાગ. ફેલુદા કહે : 'જોયું જર્મન અને ઉર્દૂ કેવાં મળી ગયાં છે!'

નવાબીના જમાનામાં જે મહેલ-બહેલ હતા એ લગભગ બધા આ કૈસરબાગની આસપાસમાં જ છે. ટાંગાવાળો અમને એ દેખાડવા લાગ્યો. 'વો દેખિયે, બાદશાહ મંઝિલ...વો હૈ ચાંદીવાલી બરાદરી. ઉસકો બિલતે હૈ લાખુફટક...' થોડી વારે અમે એક બહુ મોટા ગેઈટ વચ્ચેથી પસાર થયા. એ હતો રૂમી દરવાજો. એ વટાવી અમે મચ્છી ભવન પહોંચ્યા, અને મચ્છીભવન એટલે બડા ઈમામબાડા.

ઈમામબાડાનું કદ જોતાં જ હું તો દંગ થઈ ગયો. કોઈ ઈમારત આટલી ગંજાવર હોઈ શકે એ મારી કલ્પનામાં જ નહોતું. ટાંગામાંથી ધીરુકાકાની ગાડી દેખાઈ. ટાંગાનું ભાડું ચૂકવી અમે એ તરફ ગયા. બાપુજી ને કાકા મધ્યમ વયના કોઈ એક ઊંચા માણસ સાથે વાતો કરી રહ્યા હતા.

અચાનક ફેલુદાએ મારા ખભા પર હાથ મૂકી ધીરેથી કહ્યું : 'બ્લૅક સ્ટૅન્ડર્ડ હૅરલ્ડ!' ખરેખર ધીરુકાકાની ગાડી પાસે એક કાળી સ્ટૅન્ડર્ડ ઊભી હતી. એની નજીક પહોંચતાં ફેલુદાએ મારું ધ્યાન દોર્યું: 'મડગાર્ડ ઉપર પેલું, તાજા ઘસરકાનું નિશાન જોયું?' 'તાજો શા પરથી કહો છો?'

'હજી એમાં ચૂનો દેખાય છે. ધોળેલી દીવાલ યા ગેઈટ સાથે આ ગાડી ઘસાઈ હશે એમ લાગે છે. આજે સવારે જો ગાડી સાફ ન થઈ હોય તો આ ઘસરકો કાલે રાતે પણ પડયો હોય.'

અમને જોઈ ધીરુકાકા બોલ્યા: 'આવો, ઓળખાણ કરાવું. આ જ વનવિહારીબાબુ, જેમણે પોતાનો પ્રાણીસંગ્રહ ઊભો કર્યો છે એ.'

હું નમસ્કાર કરી એમને જોઈ જ રહ્યો. આ એ જ માણસ! લગભગ છ ફૂટ ઊંચા, ગોરો વાન, પાતળી મૂછ, અણિયાળી દાઢી, આંખ પર સોનેરી ફ્રેઈમવાળાં ચશ્માં. બધું મળીને અલગ તરી આવે એવું વ્યક્તિત્વ.

મારી પીઠ પર ધબ્બો મારતાં એ સજ્જન બોલ્યા : 'કેમ, લક્ષ્મણની રાજધાની કેવી લાગી? જાણે છે ને કે રામાયણકાળમાં આ લખનૌ લક્ષ્મણાવતી નગરી હતી?' સજ્જનનો અવાજ પણ સપ્રમાણ હતો.

ધીરુકાકા કહે : 'વનવિહારીબાબુ ચોકબજાર જતા હતા. આપણી ગાડી જોઈ રોકાયા.'

'હા. બપોરે જ હું મારાં બહારનાં કામ પતાવવા નીકળું છું. સવાર-સાંજનો વખત મારાં પ્રાણીઓ પાછળ જ વીતી જાય છે.'

ધીરુકાકા કહે : 'અમે બધા એક વખત તમારે ત્યાં ધામો નાખવા વિચારતા હતા. આ મહેમાનોને તમારાં પ્રાણી જોવાની ખૂબ ઇચ્છા છે.'

'ઍની ડે, જરૂર આવો. અરે, આજે જ આવોને.' હું તો કોઈ આવે તો ખૂબ ખુશ થાઉં. પણ જાનવરોના ડરથી ઘણા તો આવતા જ નથી. એમને હશે કે મારાં પાંજરાં ઝૂ ગાર્ડનનાં જેટલાં મજબૂત નહિ હોય. પણ એમ હોય તો હું શી રીતે રહેતો હોઈશ.?'

એમની વાત સાંભળી ફેલુદા સિવાય અમે સૌ હસી પડયા. ફેલુદા મારા તરફ નમી ધીરેથી બોલ્યા : 'જાનવરોની વાસ ઢાંકવા આપણે ઉગ્ર અત્તર લગાડયું છે.' પછી વનવિહારીબાબુએ હાક મારી એમના ડ્રાઈવરને બોલાવ્યો. પાસે જ ઊભેલી એક બ્લ્યૂ ઍમ્બેસેડરમાંથી એ આવ્યો એટલે એમણે એને ટપાલપેટીમાં નાખી આવવા કેટલાક પત્રો આપ્યા. અચ્છા, તો પેલી સ્ટૅન્ડર્ડ ગાડી એમની નહોતી. પછી અમારા ભણી વળી એમણે કહ્યું, 'તમે ઈમામબાડા જોવા જાઓ છો ને? તો એમ કરો, એ જોઈને સીધા મારે ત્યાં જ આવો.'

'તો પછી તમે પણ અમારી જોડે જ ચાલો ને.' ધીરુકાકાએ કહ્યું.

'ભલે, ચાલો. નવાબની જૂની રોનક જોવા મળશે. હું તો લખનૌ આવ્યો તેના ત્રીજા દિવસે ગએલો એ પછી ફરી ગયો જ નથી!'

અંદરના વિરાટ ચોકમાં થઈને મહેલ ભણી ચાલતાંચાલતાં વનવિહારી બોલ્યા : 'બસો વર્ષ પહેલાં નવાબ અસફુદ્દૌલાએ આ મહેલ બંધાવ્યો હતો. દિલ્હી-આગરાને યે ટક્કર મારે એવો બેનમૂન મહેલ બનાવવા એણે મુલકભરના ઉસ્તાદ સલાટ-કારીગરોની એક કૉમ્પિટીશન યોજી હતી. એ બધાએ મોકલાવેલા નકશાઓમાંથી શ્રેષ્ઠ પ્રમાણે એણે આ ઈમારત ઊભી કરી. બહારથી એ મુઘલ મહાલોની સરખામણીમાં કુછ બિસાતમાં નથી, પણ સાઈઝમાં નંબર વન છે. આટલો મોટો દરબારખંડ દુનિયાના કોઈ મહેલમાં નથી.' અને ખરેખર એક ફૂટબૉલ ગ્રાઉન્ડ જેટલો એ મોટો દરબારખંડ મને લાગ્યો. ત્યાં એક કૂવો હતો. એટલો મોટો કૂવો પણ મેં કદી જોયો નહોતો. ગાઈડ કહે : 'અસલમાં ગુનેગારોને આ કૂવામાં ફેંકી દઈને એમને મોતની સજા કરવામાં આવતી.'

પણ આ બધાંમાં સૌથી વધુ અજબ હતી ભૂલભુલૈયાં. આ બાજુ, પેલીબાજુ, આડીઅવળી સંખ્યાબંધ સુરંગો એટલે કે સાંકડી ગલીઓ તેમાં હતી. બે બાજુ દીવાલ ને ઉપર નીચી છત. દેખાવમાં બધી એક જ સરખી. કયાંથી પેઠા ને કયાં નીકળ્યા તેની સમજ જ ન પડે. દરેક દીવાલમાં બરાબર વચ્ચે એકએક ગોખલો હતો. ગાઈડ કહે કે નવાબો એમની બેગમો સાથે અહીં સંતાકૂકડી રમતા ત્યારે તેમાં દીવા મુકાતા. રાતવેળા આ સુરંગો કેવી ભયાનક લાગતી હશે!

ફેલુદા વારંવાર શા માટે પાછળ રહી જતો હતો અને શા માટે એ સુરંગની દીવાલની અડોઅડ ચાલતો હતો એ મને સમજાતું નહોતું. જોકે ભૂલભુલૈયાં જોવામાં અને તેમાં સંતાકૂકડી રમવાની વાતમાં હું એટલો મશગૂલ થઈ ગયો હતો કે એના તરફ મારું બહુ લક્ષ પણ નહોતું. પણ એકાએક બાપુજી એને ન જોતાં બોલી ઊઠયા : 'અરે, ફેલુ કયાં ગયો?' પાછા ફરી મેં જોયું તો ખરેખર ફેલુદા અમારી પાછળ નહોતા. મારી છાતી ધડકી ઊઠી. ભુલભુલામણીમાં પાછળ એકલા પડી અટવાઈ ગયા કે શું? બાપુજીએ એને બોલાવવા બૂમ પાડી: 'ફેલુ! ફેલુ!' બે ત્રણ વારની બૂમ પછી ભાઈસા'બ પાછળની એક ગલીમાંથી બહાર આવ્યા.

કહે : 'તમે સૌ આટલા જલ્દી જલ્દી ચાલે તો આ ભૂલભુલેયાંનો પ્લાન ભેજામાં કઈ રીતે ઊતરે ?'

અંતે છેલ્લી દરવાજાવાળી ગલીમાંથી અમે બહાર આવ્યા તો ઈમામબાગની વિશાળ અગાશી પર નીકળ્યા. લગભગ આખું લખનૌ શહેર ત્યાંથી દેખાતું હતું. અગાશી ઉપર બીજા પણ કેટલાક લોકો હતા. તેમાંનો એક યુવક ધીરુકાકાને જોઈ હસીને સામો આવ્યો.

'અરે મહાવીર ! તું ક્યારે આવ્યો ?' ધીરુકાકાએ આશ્ચર્યથી પૂછ્યું.

જોતાં જ દેખાઈ આવે કે એ યુવાન બંગાળી નથી, પણ એ બહુ શુદ્ધ બંગાળીમાં બોલ્યો : 'ત્રણ દિવસ થયા. આ દિવસોમાં દર વર્ષે હું અહીં આવું છું ને અહીંની દિવાળી કરીને પાછો જઉં છું. આ વખતે બેએક મિત્રો પણ સાથે છે. એમને લખનૌ શહેર બતાવવા નીકળ્યો છું.'

એની ઓળખ આપતાં કાકા બોલ્યા : 'આ પ્યારેલાલ શેઠનો પુત્ર છે. મુંબઈમાં ફિલ્મમાં ઍક્ટિંગ કરે છે.' પણ આ દરમિયાન મહાવીર જે રીતે વનવિહારીબાબુને આશ્ચર્યથી જોઈ રહ્યો હતો તે પરથી લાગ્યું કે અગાઉ પણ એ એમને મળ્યો હશે, પણ ક્યાં તે કદાચ એને યાદ આવતું નહોતું. વનવિહારીબાબુ બોલ્યા: 'ઓળખીતો ચહેરો લાગે છે !'

મહાવીર કહે: 'હા, પણ આપણે ક્યાં મળ્યા હોઈશું ?'

'તારા પિતા સાથે એક વાર મેળાપ થએલો. પણ ત્યારે તો તું અહીં નહોતો.'

મહાવીર જરા છોભીલો પડી જઈ બોલ્યો : 'ઓહ, તો પછી કદાચ મારી ભૂલ થતી હશે.' પછી અમને સૌને નમસ્કાર કરી એ ચાલ્યો ગયો. એની વય કદાચ ફેલુદા કરતાં થોડી ઓછી હશે, પણ દેખાવે બહુ સોહામણો અને કસાએલા બાંધાનો. મને થયું કસરત કરતો હશે યા મેદાની રમતોમાં ભાગ લેતો હશે.

'મને લાગે છે કે આપણે હવે મારે ઘેર જ જઈએ. જાનવરો જોવાં છે તો અજવાળું હોય ત્યાં સુધીમાં જોવાં ઠીક પડશે. કારણ પાંજરાંમાં બત્તીની વ્યવસ્થા હજી હું કરી શક્યો નથી.'

ગાઈડને બક્ષિશ આપી અમે છત ઉપરથી સીધા નીચે આવ્યા. ગેઈટ બહાર આવતાં જોયું કે મહાવીર પોતાના મિત્રો સાથે પેલી બ્લૅક સ્ટૅન્ડ-ર્ડમાં બેસતો હતો.

વનવિહારીબાબુને ત્યાં પહોંચ્યા ત્યારે લગભગ ચાર વાગ્યા હતા. બહારથી તો ખબર પણ ન પડે કે અહીં અંદર પ્રાણી-સંગ્રહાલય હશે, કારણ એ એમના મકાનની પાછળના ભાગમાં હતું. મ્યુટિની (૧૮૫૭ના વિદ્રોહ)ના પહેલા ત્રણેક દાયકા અગાઉ એક ધનિક મુસલમાને એ મકાન બંધાવેલું. વનવિહારીબાબુએ કહ્યું કે એમણે એ મકાન એક સાહેબ પાસેથી ખરીદેલું. જોતાં જ સમજાઈ જાય કે એ ખૂબ જૂનું મકાન હતું. એની છત દીવાલો પરની કલાત્મક કારીગરી જોતાં નવાબોની જ વાતો યાદ આવી જાય. અંદર ગયા પછી વનવિહારીબાબુએ પૂછ્યું, 'તમે બધા કૉફી લેશોને ? કેમ કે મારા ઘરમાં ચાની વપરાશ જ નથી.'

અમારા ઘરમાં તો ચાનું જ ચલણ છે એટલે કૉફી તો ક્યારેક જ પીવા મળે. પણ મને કૉફી બહુ ભાવે છે, એટલે મને તો મજા પડી ગઈ. પણ કાકા કહે : 'કૉફી પછી, પહેલાં જાનવરો જોઈ લઈએ.'

બેઠકખંડમાંથી બરામદામાં થઈને અમે પાછળના બગીચામાં પ્રવેશ્યા. ત્યાં બંને બાજુએ પિંજરાંમાં જુદાંજુદાં જાનવરો હતાં અને વચ્ચે કાંટાળા તારની વાડવાળો એક હોજ હતો. એની કિનારે એક મગર તડકો ખાતો પડ્યો હતો. એને બતાવતાં વનવિહારીબાબુએ કહ્યું: 'દસેક વર્ષ પહેલાં મુંગેરથી આને લાવ્યો ત્યારે તો સાવ નાનું બચ્ચું હતો. કલકત્તામાં મારા ઘરના પાણીના ટાંકામાં એને રાખેલો. એક વાર એમાંથી બહાર આવી બિલાડીના એક બચ્ચાને ગળી ગયો હતો !

એવામાં પિંજરાંની દિશામાંથી ફૅાંસ ફૅાંસ જેવો અપરિચિત અવાજ સાંભળી અમે મગરને જોવાનો છોડી એ તરફ ગયા. ત્યાં જઈને જોયું તો એક પિંજરામાં મધ્યમ કદના કૂતરા જેવડી, લીલી ચળકતી આંખોવાળી એક બિલાડી તેમાં હતી. એના બદન પર કથ્થાઈ રંગના ચટાપટા હતા. આટલી મોટી અને ચટાપટાવાળી બિલાડી તો વાઘ જ લાગે.

'એ આફ્રિકાની રહેવાસી છે.' વનવિહારીબાબુએ ઓળખ આપતાં કહ્યું: 'કલકત્તામાં રિપન સ્ટ્રીટમાંથી એક ફિરંગી પાસેથી ખરીદી હતી. એ પણ જાનવરોનો વેપારી હતો. આ ચીજ તમને અલીપુરના પ્રાણી બાગમાં પણ જોવા નહિ મળે.'

એ બિલાડી પછી હાઈના (ઝરખ), વરુ વગેરે બીજાં કેટલાંક હિંસક પ્રાણી જોયાં. પછી જોયો અમેરિકાનો રૅટલ સ્નેક. એની પૂછડી પર ગોકળગાયના શીંગડા જેવું કંઈ હતું. સાપ આમતેમ ચાલે અને પૂછડી હલે ત્યારે જમીન સાથે એ ઘસાઇને ઘૂઘરા જેવો કરકર અવાજ થાય. જંગલમાં એ અવાજ સાંભળી દૂરથી જ લોકો સમજી જાય કે આસપાસમાં ક્યાંક રૅટલ સ્નેક છે.

આ પછી જે બીજા બે જીવ જોયા એનાથી તો ધ્રુજારી જ છૂટી જાય. એક હતો કાચના બૉક્સમાં રાખેલો બ્લ્યૂ રંગનો કદરૂપો મોટો વીંછી. એ યે અમેરિકાનો વાસી. એનું નામ 'બ્લ્યૂ સ્કૉર્પીઅન.' ને બીજો હતો કાચની મોટી બરણીમાં પૂરેલો, આંગળીઓ પહોળી કરીને રાખેલા હાથના પંજા જેવો કાળો રૂવાંદાર કરોળિયો. નામ 'બ્લૅક વિડો' આફ્રિકાનો વાસી.

વનવિહારીબાબુ કહે : 'આ વીંછી ને આ કરોળિયો બંને એટલા તો ઝેરી છે કે એના એક જ ડંખથી માણસ તુરત જ ખતમ થઈ જાય.'

આ બધા હિંસક અને ઝેરી જીવો જોઈ અમે બેઠકખંડમાં આવીને બેઠા. પછી વનવિહારીબાબુ બોલ્યા : 'રાતના ચારેબાજુ સન્નાટો વ્યાપી ગયો હોય ત્યારે મારા બગીચામાંથી વનબિલાડીનો ઘુરકાટ, હાઈનાનું હાસ્ય, વરુના ખોંખારા, રૅટલ સ્નેકનો કરકરાટ વગેરેનો અવાજ મળીને એક સુંદર કોરસ સંગીત સાંભળવા મળે. એની વચ્ચે મને તો ઘસઘસાટ ઊંઘ આવે. આવા ચોકીદારો કોની પાસે હશે ? જો કે ચોર આવે તો આ બધાં કંઈ હેલ્પ કરી શકે નહિ. કેમ કે એ બધાં તો પિંજરામાં પુરાએલાં છે. પણ તો યે લોકો એનાથી ડરે છે. ચોકી માટે મેં અલગ વ્યવસ્થા કરી છે.' આટલું કહી એમણે બૂમ મારી : 'બાદશાહ !'

તુરત જ બાજુના ખંડમાંથી એક જબરદસ્ત કાળો કૂતરો દોડી આવ્યો. 'મારા ઘરની જ નહિ, મારા પ્રાણીસંગ્રહાલયની પણ આ બરાબર ચોકી કરે છે.' વનવિહારીબાબુએ એ કૂતરો બતાવી કહ્યું.

ફેલુદા મારી બાજુમાં જ બેઠા હતા. કૂતરો જોઈ મારા કાનમાં કહ્યું : 'લૅબ્રેડોર હાઉન્ડ. બાસ્કરવિલેના કૂતરાની જાતનો.'

અત્યાર સુધી બાપુજી ખાસ કંઈ બોલ્યા નહોતા. એમણે પૂછ્યું : 'અચ્છા, વનવિહારીબાબુ, તમને આ બધા હિંસક જીવોની વચ્ચે રહેવાનું ગમે છે ?'

પાઈપમાં તમાકુ ભરતાંભરતાં એમણે જવાબ આપ્યો: 'કેમ ન ગમે ? ડર શાનો ? એક જમાનામાં મેં કેટલાક વાઘ ને રીંછ માર્યાં છે, ખબર છે ? વાઈલ્ડ ઍનિમલ્સનો જ હું શિકાર કરતો. નિર્દોષ જાનવરોને છેડતો નહિ. મારું નિશાન પણ અચૂક. એક વાર શી દુર્બુદ્ધિ સૂઝી કે ચાંદાના જંગલમાં એક અમેરિકન પાસે બડાશ મારી નિશાન દેખાડવા દોઢસો વાર દૂરથી એક હરણ પર મેં ગોળી ચલાવી. પણ મરતાં પહેલાંનો તેનો તરફડાટ જોઈ મને બહુ પસ્તાવો થયો, એટલે શિકાર છોડી દીધો. પણ જાનવરો વિના મને ચેન ન પડે એટલે પછી એમને જીવતાં પકડીને પરદેશમાં મોકલવાનો ધંધો શરૂ કર્યો. પછી તો એ પણ છોડી દઈ હવે ઘરમાં જ આ પ્રાણીસંગ્રહ ઊભો કર્યો. આસપાસ આવાં પ્રાણીઓ હોય તો મને ઓર લિજ્જત આવે છે. આ બધાં હિંસક કે ઝેરી છે એ સૌ જાણે છે, અને આ બધા જીવો પણ પોતાની એ લાક્ષણિકતા છુપાવતા નથી.

પરંતુ માણસોમાં જુઓ. તમે જેને બહુ સજ્જન માનતા હો એ જ ક્યારેક ક્રિમિનલ નીવડે. આજકાલ તો ગાઢ મિત્રનો યે ભરોસો કરી શકાય ખરો? એટલે મેં તો આવાં જાનવરોની વચ્ચે જ બાકીની જિંદગી વિતાવવાનું નક્કી કર્યું છે. લોકોમાં બહુ ઓછો ભળું છું. કોઈ સાથે ઝાઝી લેવાદેવા જ નહિ. મારું મેળવેલું હું ભોગવું એમાં કોઈ શું કહેશે તેની ફિકર હું રાખતો જ નથી. પણ સાંભળ્યું છે કે મારા આ પ્રાણીસંગ્રહની ધાકથી આ લત્તામાં ચોરીચપાટીનો ભય પણ ઘટી ગયો છે. અને એમ જ હોય તો એ રીતે જાણ્યે-અજાણ્યે હું લોકો પર ઉપકાર જ કરું છું.'

આ છેલ્લું વાક્ય સાંભળી મેં ધીરુકાકા ભણી ને પછી ફેલુદા ભણી નજર ફેરવી. તો શું વનવિહારીબાબુ શ્રીવાસ્તવના ઘરની ઘટના નહિ જાણતા હોય? આના ઉત્તર માટે વધુ રાહ જોવી ન પડી, કારણ વનવિહારી બાબુનો નોકર કૉફી ને મીઠાઈ લઈને આવ્યો એ જ વખતે શ્રીવાસ્તવ પણ આવી ચડ્યા. સહુને નમસ્કાર કરી ધીરુકાકાને સંબોધીને બોલ્યા : 'તમારા ઘર નજીક કેલવિન રોડ પર એક છોકરો ઝાડ પરથી પડી જતાં એનો પગ ભાંગી ગયો છે. એને જોઈને તમારે ત્યાં ગયો તો ખબર પડી કે તમે હજી પાછા ફર્યા નહોતા. કદાચ મહેમાનોને લઈ બારોબાર અહીં આવ્યા હશો એમ ધારીને અહીં આવ્યો'.

ધીરુકાકાએ ઇશારાથી દાક્તરબાબુને જણાવી દીધું કે એમની અંગૂઠી સહીસલામત છે. વનવિહારીબાબુ પણ શ્રીવાસ્તવને ઓળખતા હતા. નાના શહેરમાં એક જ લત્તામાં વસતા લોકો વચ્ચે સરળતાથી ઓળખાણ થઈ જતી હશે! શ્રીવાસ્તવે મજાકમાં કહ્યું : 'વનવિહારી બાબુ, તમારા ચોકીદારો આજકાલ બરાબર ચોકી ભરતા લાગતા નથી'.

'એટલે?' વનવિહારીબાબુએ જરા નવાઈ પામતાં પૂછ્યું.

'મતલબ કે કાલે રાતે મારે ત્યાં ચોર આવ્યો હતો. તમારા એક્ પણ જાનવરે અવાજ કર્યો નહિ હોય'.

'શું કહો છો? તમારે ઘેર ચોર આવ્યો? ક્યારે?'

'રાતના ત્રણના શુમારે. જો કે હું જાગી ગએલો, એટલે કંઈ લીધા વિના જ એ નાસી ગયો'.

'ન ચોરાયું હોય તોપણ ચોર બહુ એક્સપર્ટ હશે. બાકી મારો બાહદારહ ખૂબ જ સજાગ છે. તમારું ઘર અહીંથી બસોએક વાર દૂર ભલે હોય, પણ ચોરને ત્યાં જવા માટે મારા કૉમ્પાઉન્ડની પાછળથી જ જવું પડે, એટલે બાહદારહને પણ એની ખબર પડે જ'.

'ખેર, આ તો મેં તમારી જાણ ખાતર જ કહ્યું.' ને પછી શ્રીવાસ્તવે કૉફી સાથે નોકર જે મીઠાઈ મૂકી ગયો હતો એ અમારા માટે નવતર હોઈ એનું નામ અમને કહ્યું: 'એ સાંડિલા લાડુ છે. આ સાંડિલા, ગુલાબી, રેવડી ને ભૂના પેડા આ ત્રણ લખનૌની સ્પેશિયાલિટી ગણાય છે.'

મને ગળી ચીજ વહુ ભાવતી નથી એટલે એની વાતમાં બહુ ધ્યાન ન આપતાં હું વનવિહારીબાબુને જોઈ રહ્યો હતો. મને એ જરા અન્યમનસ્ક લાગ્યા. ફેલુદાએ તો આટલી વારમાં બે લાડુ ખતમ કરી નાખ્યા, મારી કૉફીના કપ પરથી માખી ઉડાવવાને બહાને હાથચાલાકી કરીને મારી પ્લેટમાંથી એક લાડુ ઉઠાવી લીધો.

અચાનક વનવિહારીબાબુએ દાક્તરને પૂછ્યું : 'તમારી પેલી બાદશાહી અંગૂઠી તો સલામત છે ને?' આ એકાએક પુછાએલા પ્રશ્નથી શ્રીવાસ્તવ ચમકી ગયા. પછી તુરત જ જાતને સંભાળી લઈ હસીને બોલ્યા : 'બાપ રે, હજી તમને એ યાદ છે!'

'યાદ ન હોય?' પાઈપમાંથી એક સટ ખેંચી એ બોલ્યા : 'જો કે મને એવી ચીજોમાં ખાસ કંઈ ઇન્ટરેસ્ટ નથી, પણ છતાં એવી અંગૂઠી સાધારણ રીતે જોવા ન મળે એ ખરું.'

'એ અંગૂઠી તો સહીસલામત છે, અને એની વૅલ્યૂ પણ હું જાણું છું.'

પછી એકાએક વનવિહારીબાબુ ઊભા થઈ જતાં બોલ્યા : 'એક્સક્યુઝ મી, મારી બિલાડીને ખોરાક આપવાનો સમય થઈ ગયો છે.'

આ સાંભળ્યા પછી હવે અહીં રોકાઈ ન શકાય, એથી અમે પણ જવા માટે ઊભા થઈ ગયા. બહાર આવતાં એક માણસને વનવિહારીબાબુના ગેઈટમાં દાખલ થતો જોયો. એના હાથમાં એક બૅગ હતી. બદન પર ખમીસ હોવા છતાં એની નીચે ઢંકાએલા એના કસાએલા ને મજબૂત મસલ્સ ઊપસી આવતા દેખાતા હતા. વનવિહારીબાબુએ એની ઓળખ આપતાં કહ્યું : 'એ ગણેશ ગુરુ છે. જ્યારે મેં જાનવરો પરદેશ મોકલવાનું શરૂ કર્યું ત્યારથી એ મારી સાથે જ છે. હાલમાં મારા પ્રાણીઓની દેખભાળ રાખે છે. એના વિના હું મારો પ્રાણીસંગ્રહ મેઈનટેઈન ન કરી શકું. ભય જેવી ચીજ એ સમજતો જ નથી. એક વાર વાઈલ્ડ કૅટનાં નહોરિયાં ખાધાં તો ય એણે પોતાનું કામ છોડ્યું નથી.'

પછી અમે ગાડીમાં બેઠા ત્યારે અમને વળાવતાં એમણે કહ્યું : 'તમે સૌ આવ્યા એ મને ખૂબ ગમ્યું. આવી રીતે ક્યારેક ક્યારેક આવતા રહેજો. હમણાં તો રોકાવાના છો ને?'

'હજી થોડા દિવસ તો છીએ જ. પછી આ લોકોને હરદ્વાર વગેરે પણ બતાવી દેવા વિચાર છે.'

'અચ્છા! લક્ષ્મણ ઝૂલાથી બાર ફૂટ લાંબા એક પાયથનની ખબર આવી છે. એટલે હું પણ એ તરફ જવા વિચારું છું.'

શ્રીવાસ્તવને પણ ગાડીમાં સાથે લીધા હતા. એમને ઉતારવા અમે થોભ્યા એ જ વખતે વનવિહારીબાબુના ઘર તરફથી એક વિચિત્ર ચિત્કાર સંભળાયો. ફેલુદાએ બગાસું ખાતાં કહ્યું : 'હાઈના.'

'બાપ રે, 'હાઈનાનું હાસ્ય' તે આ જ કે?' મેં પૂછ્યું.

શ્રીવાસ્તવ કહે, 'શરૂશરૂમાં તો આ સાંભળી હું ધ્રૂજી ઊઠતો. હવે તો ટેવાઈ ગયો છું.'

'પછી કાલે તમારે ત્યાં કંઈ ધમાલ થઈ નથી ને?' ધીરુકાકાએ પૂછ્યું.

'નો નો. નથિંગ.'

અમે ઘેર પહોંચ્યા ત્યારે લગભગ સાંજ પડી ગઈ હતી. દૂરદૂરથી ઢોલનગારાંનો અવાજ આવતો હતો. ધીરુકાકાએ કહ્યું : 'દર દશેરામાં અહીં રામલીલા થાય છે. એના પ્રીપરેશન્સ—તૈયારીનો આ અવાજ છે.'

'રામલીલા કેવી હોય?' મેં પૂછ્યું.

'લગભગ દસ માથોડાં ઊંચો એક રાવણ બનાવે, ને એના બદનમાં દારૂખાનું ભરે. પછી બે છોકરા રામ-લક્ષ્મણનો વેષ સજાવે. તેઓ રથમાં બેસીને સરઘસ કાઢી જ્યાં રાવણ ઊભો કર્યો હોય ત્યાં આવે અને પછી આમતેમ કૂદી રાવણ સાથે લડવાનું થોડુંક નાટક કરી અંતે સળગતાં તીર છોડીને પેલા રાવણના શરીરમાં આગ ચાંપે. બસ પછી તો તેની અંદરના દારૂખાનાની આતશબાજી જ ચાલુ થઈ જાય. અંદર હવાઈ, ચકરી, ફૂલઝર, કોઠી, રામબાણ વગેરે જે જાતજાતનું દારૂખાનું ભર્યું હોય એ ફટાફટ ફૂટવા લાગે ને રાવણ શમશરણ થઈ જાય. એ યે એક જોવાલાયક દૃશ્ય છે.' ઘરમાં જતાં શ્રીવાસ્તવ અહીં આવી ગયાના ખબર બેરાએ આપ્યા. અને પછી કહે : 'એક ઔર સાધુ ભી આયા થા. આધા ઘંટા બેઠકે વહ ચલા ગયા.'

'સાધુ?' ધીરુકાકાનો ચહેરો જોતાં લાગ્યું કે કોઈ સાધુને તેઓએ એક્સપેક્ટ કર્યો નહિ હોય.

'કહાં બૈઠા થા વહ?' 'બૈઠકખાને મેં.'

'મુઝે મિલને આયા થા?' 'જી, હાં.'


'મેરા નામ દીયા થા?' 'હાં જી.'

'નવાઈ કહેવાય!' ધીરુકાકા આશ્ચર્ય પામતા બોલ્યા. પછી એકાએક એ પોતાના સૂવાના ખંડમાં દોડી ગયા. પેલો ગોદરેજનો કબાટ ખૂલવાનો અવાજ સંભળાયો ને પછી એમનો ખુદનો અવાજ આવ્યો : 'સર્વનાશ!'

ફેલુદા, બાપુજી અને હું એકદમ એમના ખંડમાં દોડી ગયા. જઈને જોયું તો તેઓ કબાટ પાસે ઊભા હતા. એમના હાથમાં પેલી અંગૂઠીની ડબ્બી હતી અને તેઓ એના તરફ ફાટી આંખે તાકી રહ્યા હતા. ડબ્બીનું ઢાંકણું ખુલ્લું હતું અને તેમાં અંગૂઠી નહોતી!

કાકા તદ્દન હતઃપ્રભ અને અવાક્ થઈ ગયા હતા. એકાએક તેઓ પોતાના પલંગ પર બેસી પડ્યા.

(ચાલુ)



ભાસ્કર

લેખક · ડૉ. પરંતપ પાઠક

ભારતનો બીજો કૃત્રિમ ઉપગ્રહ ભાસ્કર તારીખ ૭ જૂન ૧૯૭૯ના રોજ સોવિયેત રશિયાના કાપુસ્તીન યાર નામે ઓળખાતા ઉપગ્રહ પ્રક્ષેપન મથક ઉપરથી આશરે ૫૨૫ કિ. મી.ની ઊંચાઈ ઉપર લગભગ વર્તુળાકાર ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો. તેની ભ્રમણકક્ષા અને પૃથ્વીની વિષુવવૃત્તીય સપાટી વચ્ચે લગભગ ૫૧ અંશનો ખૂણો બને છે. તેને પૃથ્વીની એક ભ્રમણકક્ષા પૂરી કરતાં લગભગ ૯૫ મિનિટ જેટલો સમય લાગે છે; આ રીતે એક દિવસમાં તે લગભગ ૧૫ વખત પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે.

બાહ્ય દેખાવમાં બરાબર 'આર્યભટ' જેવા આકારનો ભાસ્કર ઉપગ્રહ લગભગ ૪૪૦ કિલોગ્રામ વજનનો છે. દૂર-સંવેદન–Remote Sensing–પદ્ધતિ વડે ભૂ-અવલોકન કરવા માટે ભાસ્કરની રચના કરવામાં આવી છે. આર્યભટમાં હતાં તેવાં બધાં જ ઉપ-તંત્રો ભાસ્કરમાં પણ રાખવામાં આવ્યાં છે. વિદ્યુત-શક્તિ મેળવવા માટે ભાસ્કરની બહારની સપાટી ઉપર મોટી સંખ્યામાં સૌર-કોષ મૂકવામાં આવ્યા છે, જેની મદદથી સૂર્યના પ્રકાશનું વિદ્યુત શક્તિમાં રૂપાંતર થાય છે. આ રીતે ભાસ્કરને આશરે ૪૭ વૉટ જેટલી વિદ્યુત-શક્તિ મળી શકે છે. આ ઉપરાંત, ભાસ્કરમાં ચાર્જ કરી શકાય તેવી રાસાયણિક બેટરી પણ રાખવામાં આવી છે. સૌર-કોષ દ્વારા મળતી વિદ્યુત-શક્તિની મદદથી આ બેટરી આપમેળે ચાર્જ થતી રહે છે અને ભાસ્કર જ્યારે પૃથ્વીના અંધારા ભાગ ઉપર હોય છે ત્યારે તેનાં બધાં જ યંત્રો આ રાસાયણિક બેટરી ઉપર ચાલે છે. ભાસ્કરમાં નિષ્ક્રિય પદ્ધતિથી ઉષ્ણતા–નિયંત્રણ કરવામાં આવે છે. જેથી ભાસ્કરની બહારની સપાટીના ઉષ્ણતામાનમાં મોટું પરિવર્તન થવા છતાં અંદર મૂકેલાં બધાં જ વીજાણુ ઉપકરણો ૦° થી ૪૦° સે.ના ગાળામાં કાર્ય કરી શકે છે. ભાસ્કરની અમુક માહિતીનો સંગ્રહ કરવા માટે તેમાં રશિયન બનાવટનાં બે ટેઈપ રેકોર્ડર પણ રાખવામાં આવ્યાં છે.

ભાસ્કર દ્વારા પ્રસારિત થતા રેડિયો–સંદેશા ગ્રહણ કરવા માટે ભારતમાં મુખ્ય બે ભૂમિ-મથકો તૈયાર કરવામાં આવ્યા છે. આમાંનું એક મથક આંધ્ર-પ્રદેશમાં શ્રીહરિકોટા ખાતે છે અને બીજું અમદાવાદમાં છે. ભાસ્કર પ્રક્ષેપિત કરવામાં આવ્યો ત્યારે શરૂઆતમાં મોસ્કો પાસે બેર્સ લેઈક–Bears Lake–ખાતેના ભૂમિ–મથકનો પણ ઉપયોગ કરવામાં આવતો હતો. અમદાવાદ અને શ્રીહરિકોટાના ભૂમિ-મથકોમાં ભાસ્કરનાં ઉપકરણોનું નિયંત્રણ કરવા માટે રેડિયો-આદેશ મોકલવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

ભાસ્કર એક ચાક-સ્થિત ઉપગ્રહ છે, અર્થાત્ અવકાશમાં તેની અમુક કોઈ એક દિશામાં સ્થિર રાખવા માટે તેને ચાક આપવામાં આવે છે. આર્યભટની જેમ ભાસ્કરના ચાક-તંત્ર માટે ભારે દબાણથી નાઈટ્રોજન વાયુ ભરેલા ટાઈટેનીઅમની મિશ્ર ધાતુના બનેલા છ ગોળા રાખવામાં આવ્યા છે. બે સામસામી બાજુએથી વિરુદ્ધ દિશામાં આ વાયુ છોડવાથી મળતા પ્રત્યાઘાતી બળ વડે ભાસ્કરને જરૂરી ચાક આપી શકાય છે. આ ઉપરાંત, આ ચાક-તંત્રના ઉપયોગથી ભાસ્કરની ચાક-ધરીનું દિશા-નિયંત્રણ પણ કરી શકાય છે. ભાસ્કરની ચાક-ધરી અને તેની ભ્રમણકક્ષાની સપાટી વચ્ચે હમેશાં ૯૦ અંશનો ખૂણો રાખવામાં આવે છે. ચાક-ધરીની દિશા બદલાય અથવા ચાક ઓછી થાય ત્યારે ભૂમિ-મથક ઉપરથી રેડિયો-આદેશ મોકલીને પરિસ્થિતિનું નિયંત્રણ કરવામાં આવે છે. ભાસ્કરની ચાક-ધરીની દિશા જાણવા માટે તેમાં દિશાસૂચક ઉપકરણો મૂકેલાં છે. આ ઉપકરણો વડે ચાક-ધરી અને સૂર્ય વચ્ચેનો ખૂણો, તથા ચાક-ધરી અને ભૂ-ચુંબકીયક્ષેત્ર બળ વચ્ચેનો ખૂણો માપી શકાય છે અને એ ઉપરથી ગણતરી કરીને ભાસ્કરની ચાક-ધરીની દિશા જાણી શકાય છે.

દૂર-સંવેદન પદ્ધતિ વડે ભૂ-અવલોકન કરવા માટે ભાસ્કરમાં બે ટેલિવિઝન કૅમેરા તથા સૂક્ષ્મ-તરંગ વિકિરણમાપક (Satellite Microwave Radiometer–SAMIR) મૂકવામાં આવ્યાં છે. ટેલિવિઝન કૅમેરા બે જુદીજુદી તરંગ-લંબાઈના ગાળામાં કાર્ય કરે છે. આમાંનો એક ગાળો દૃશ્યમાન (લીલા તથા પીળા રંગના) પ્રકાશમાં છે તથા બીજો ગાળો લાલરંગ નજીકના અધો–રક્ત પ્રકાશમાં છે. દિવસના ભાગમાં ભાસ્કર ભારત ઉપરથી પસાર થાય ત્યારે અમદાવાદ અથવા શ્રીહરિકોટાના ભૂમિ-મથક ઉપરથી રેડિયો-આદેશ મોકલીને તેના ટેલિવિઝન કૅમેરા ચાલુ કરવાથી ઉપર્યુક્ત બંને તરંગ-લંબાઈના ગાળામાં સૂર્યના પરાવર્તિત પ્રકાશથી પૃથ્વીના વિશાળ પ્રદેશોની છબી ટેલિવિઝન કૅમેરામાં બને છે. આવી જાતની દરેક છબીની ફ્રેઈમ ૩૪૧ × ૩૪૧ ચોરસ કિલોમીટર ક્ષેત્રફળ ધરાવતો વિસ્તાર બતાવશે. આવી જાતની છબીનું વિભેદન માપ (નાનામાં નાની વિગત જોઈ શકવાની ક્ષમતા) લગભગ ૧ કિલોમીટર જેટલું હશે, અર્થાત્ આવી છબી દ્વારા ૧ કિલોમીટરથી ઓછો કોઈ પણ વિસ્તાર સ્પષ્ટતાથી જોઈ નહીં શકાય. ભાસ્કરમાં મૂકેલા ટ્રાંસમીટરની મદદથી આ ટેલિવિઝન ચિત્ર પ્રસારિત કરવામાં આવશે, જે ભૂમિ-મથક ઉપર ગ્રહણ કરીને તેમાંથી છબી તૈયાર કરવામાં આવશે. આ પ્રકારનાં ચિત્રોની મદદથી ભૂમિના જુદા જુદા પ્રકારો–ખેતી લાયક જમીન, વન-પ્રદેશ, જળાશય તથા ભૂ-આકૃતિ (Physiography) વગેરે વિષે માહિતી મેળવી શકાશે.

ભાસ્કરમાં મૂકવામાં આવેલું સૂક્ષ્મ-તરંગ વિકિરણમાપક ૧૯.૩૫ અને ૨૨.૨૩૫ ગીગાહર્ટ્ઝ એમ બે જુદી જુદી સૂક્ષ્મ તરંગ કંપસંખ્યામાં કાર્ય કરે છે, જેનાથી પૃથ્વી દ્વારા નૈસર્ગિક રીતે ઉત્સર્જિત થતું સૂક્ષ્મ-તરંગ વિકિરણ માપી શકાય છે. ખાસ કરીને સમુદ્રની સપાટી ઉપરથી ઉત્સર્જિત થતું સૂક્ષ્મ-તરંગ વિકિરણ માપવાની સમુદ્રની (શાંત કે તોફાની), સ્થિતિ સમુદ્ર ઉપરના પવનો, સમુદ્રની સપાટીનું ઉષ્ણતામાન વગેરે વિષે માહિતી મેળવી શકાય છે. આ પ્રકારની માહિતી હવામાનના

આયુર્વેદ વડે સામાન્ય રેગોપચાર-૧૦૪ · કૅન્સર

[-] 'કૅન્સર એટલે કૅન્સલ' એ વાત સાચી નથી. જો આ રોગની શરૂઆતમાં જ સાચું નિદાન કરીને તેની યોગ્ય અને પૂરતી સારવાર લેવાય તો મોટા ભાગે તેના પર કાબૂ મેળવી શકાય છે.

કૅન્સર શું છે?

આપણું શરીર અસંખ્ય કોષોનું બનેલું છે. આ દરેક કોષ એક સ્વતંત્ર એકમ છે અને તેનું આગવું તંત્ર હોય છે. તેમનો કાર્યવ્યવહાર વ્યવસ્થિત અને નિશ્ચિત હોય છે. પરંતુ કૅન્સરમાં અમુક કોષો નિયમનો ભંગ કરી, અસામાજિક તત્ત્વની જેમ આજુબાજુના કોષોનું પોષણ પોતે મેળવી, તેમને દબાવી, હટાવી, પોતાની જ વૃદ્ધિ કરે છે. આવા કોષો ખૂબ ઝડપથી વધે છે. આ વૃદ્ધિ ઉપયોગી કે ઉપકારક નથી, વળી નુકસાન કરનારી છે. આ કોષો આજુબાજુના કોષો પછી અંગ-ઉપાંગ ઉપર પણ પોતાનો પંજો ફેલાવી, તેમને પણ સ્વાહા કરી જઈ પોતાની અસાધારણ વૃદ્ધિ વધાર્યા જ કરે છે. આને કૅન્સર કહે છે. સારું છે કે કૅન્સર એ ચેપી, ઔપસર્ગિક કે વારસાગત રોગ નથી. નહિ તો દુનિયાના વિનાશ માટે તે સૌથી વધુ જવાબદાર બનત.

કૅન્સર શરીરના અનેક ભાગ જેવા કે મોં, ગળું, અન્નનળી, શ્વાસનળી, ફેફસાં, હોજરી, આંતરડાં, મળાશય, ગુદા, મૂત્રેન્દ્રિય, લોહી, ચામડી, મગજ, આંખ, કાન, ડોક, બગલ, લીવર, કિડની, મૂત્રાસય, સ્તન, ગર્ભાશય, હાડકાં વગેરેમાં થાય છે.

કારણો

કૅન્સર થવાનાં કોઈ ચોક્કસ કારણ નથી. પરંતુ કૅન્સર થયા પછી તે કયા કારણે થયું તે પકડી શકાય છે. તેમાંના મુખ્ય કારણો નીચે મુજબ મળ્યાં છે:

(૧) વિજાતીય દ્રવ્યોનો સતત સંપર્ક, (૨) ભેળસેળવાળા આહારનું સેવન, અને (૩) અમુક જગ્યાએ સતત ઘસારો થવો. દા. ત. શિક્ષકોને ગળાનું, સ્ત્રીઓને ગર્ભાશય કે સ્તનનું, મજૂરને પીઠ પર, બહુ દાંત ખોતરનારને દાંતનું કૅન્સર થાય છે. વળી, (૪) અતિશય ધૂમ્રપાનથી, (૫) કેટલીક ભારે દવાના બિનજરૂરી સેવનથી, (૬) અગ્નિમાંદ્ય, અપચા કે અજીર્ણથી તથા (૭) ઝેરી કચરા અને ગૅસના સંપર્કથી પણ કૅન્સર થાય છે.

લક્ષણો

(૧) ગાંઠના સ્વરૂપે એનો આરંભ થાય છે, (૨) મોંમાં ચાંદા જેવું થાય પણ રૂઝાય નહિ, (૩) ઝડપથી વજન ઘટવા લાગે, (૪) માંસનો એકદમ ક્ષય થવા લાગે, (૫) રોગી નિસ્તેજ બને, (૬) હાજતો બદલાઈ જાય, (૭) અવાજ બેસી જાય, (૮) કાંતિ હણાઈ જાય, (૯) ભૂખ મરી જાય અને (૧૦) પાચનતંત્ર બગડી જાય.

ઉપચાર

દરેક ગાંઠ એ કૅન્સર નથી. બાયોપ્સી પરીક્ષણથી કૅન્સરનું નિદાન કરાવ્યા પછી જ કૅન્સરના ઉપચાર કરવા. ચિકિત્સાક્ષેત્રમાં કૅન્સરને મટાડનાર ચોક્કસ ઔષધો હજી પ્રાપ્ત થયાં નથી, પરંતુ, શરૂઆતનું પ્રાથમિક અવસ્થાનું કૅન્સર સામાન્ય સારવારથી મટાડી શકાય છે. વળી સારવાર ખૂબ કાળજીપૂર્વક કરવી કે જેથી રોગીને ખોટી રીતે રિબાવું કે હેરાન થવું ન પડે. સાંપ્રત વિજ્ઞાનમાં શસ્ત્રક્રિયા અને ડીપ રેડિયમનાં કિરણોથી દહન-કર્મ એ બે પદ્ધતિ પણ સારવારમાં વપરાય છે. આયુર્વેદમાં નીચેની સારવાર શક્ય છે જે રોગીને રાહત આપશે અને તેને બળતરા-વેદના અને હેરાનગતિથી બચાવશે:

(૧) સંપૂર્ણ શાસ્ત્રીય પંચકર્મ કરાવવું. (૨) વરુણાદિ કવાથ તાજો ઉકાળી ૪-૪ તોલા બે વખત લેવો. (૩) કાંચનાર ગૂગળ ને ત્રિફલા ગૂગળની ૪-૪ ગોળી ૩ વાર ટુકડા કરીને લેવી. (૪) પથ્યાદિ ક્વાથ અને રોહિતકાસવ બંનેનું મિશ્રણ ૨-૨ તોલા ત્રણ વાર લેવું. સરગવાની આંતરછાલ, પુનર્નવા (સાટોડી), ગોખરું, વાયવરણાં આ ચારેયને સરખા ભાગે લઈ તેને અધકચરાં ખાંડી તેનો ઉકાળો ૪-૪ તોલા સવાર-સાંજ લેવો. અને કૂચા વધે તેને લસોટી ગાંઠ ઉપર લગાવવા. આ પ્રયોગથી ઘણાંને લાભ થયો છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

અભ્યાસમાં ઉપયોગી બને છે. સૂક્ષ્મ-તરંગ વિકિરણની વિશિષ્ટતા એ છે કે એ વાદળાંને ભેદી શકે છે આથી સૂક્ષ્મ-તરંગ વિકિરણમાપક રાત દિવસ તેમ જ બધી ઋતુમાં ઉપયોગી થઈ શકે છે. આની સરખામણીમાં ભાસ્કરના ટેલિવિઝન કૅમેરા ફક્ત દિવસ દરમિયાન જ વાપરી શકાય છે.

આપણે ઉપર જોયું એ પ્રમાણે ભાસ્કરની ચાક-ધરી અને તેની ભ્રમણકક્ષા વચ્ચે હમેશાં ૯૦ અંશનો ખૂણો રાખવામાં આવે છે. ભાસ્કરનાં ઉપર્યુક્ત બંને દૂર-સંવેદન ઉપકરણો (ટેલિવિઝન કૅમેરા અને સૂક્ષ્મતરંગ વિકિરણમાપક) એવી રીતે સામસામે મૂકવામાં આવ્યાં છે કે જેથી ઉપગ્રહના દરેક ચાક દરમિયાન આ બંને ઉપકરણો વારાફરતી પૃથ્વી તરફ જોઈ શકે. ભાસ્કરનો ચાક એવી રીતે રાખવામાં આવે છે કે ટેલિવિઝન કૅમેરા દ્વારા લેવાતાં ક્રમિક ચિત્રોનો થોડો ભાગ બેવડાતો રહે. આ પ્રકારનાં ચિત્રોના ઉપયોગથી આખાં મોઝેઈક તૈયાર કરવામાં અનુકૂળતા રહે છે અને એથી ચિત્રોનું વાસ્તવિક અર્થઘટન પણ સરળ બને છે.

ભાસ્કર તેની ભ્રમણકક્ષામાં પ્રક્ષેપિત કરવામાં આવ્યો તે પછી પ્રથમ તેને રેડિયો-આદેશ દ્વારા જરૂરી ચાક આપવામાં આવ્યો હતો અને પછી રેડિયો-આદેશ દ્વારા તેની ચાક-ધરી ભ્રમણકક્ષાની સપાટી સાથે લંબ દિશામાં ગોઠવવામાં આવી હતી. કમનસીબે હજુ સુધી તેના ટેલિવિઝન કૅમેરા ચાલુ નથી થઈ શકયા, પરંતુ ભાસ્કરના બંને સૂક્ષ્મ-તરંગ વિકિરણમાપક અપેક્ષા પ્રમાણે કાર્ય કરી રહ્યા છે.

દૂર-સંવેદન માટેનાં બંને ઉપકરણો ઉપરાંત ભાસ્કરમાં કેટલાંક અન્ય હેતુ માટેનાં ઉપકરણો પણ મૂકવામાં આવ્યાં છે, જે નીચે પ્રમાણે છે: (૧) અવકાશના સ્રોતમાંથી ઉદ્ભવતા ક્ષ-કિરણોના અભ્યાસ માટેનું ઉપકરણ.

(૨) ભારતીય બનાવટના સૌર-કોષનું અવકાશની પરિસ્થિતિમાં પરીક્ષણ કરવા માટે સૌર-કોષની નાની પેનલ.

(૩) નિષ્ક્રિય પદ્ધતિ વડે ઉષ્ણતા-નિયંત્રણ કરવા માટે ભારતમાં બનાવેલા કાળા અને સફેદ રંગનું અવકાશની પરિસ્થિતિમાં પરીક્ષણ કરવા માટેની વ્યવસ્થા.

(૪) સક્રિય પદ્ધતિ વડે ઉષ્ણતા-નિયંત્રણ માટે વિકસાવવામાં આવેલા Heat-pipe નામના સાધનનું પરીક્ષણ અને છેલ્લે

(૫) ભારતમાં જુદેજુદે સ્થળે ગોઠવેલાં સ્વયંસંચાલિત હવામાન અવલોકન મથક દ્વારા પ્રસારિત થતી હવામાન અંગેની માહિતી ગ્રહણ કરવા માટેનું સાધન.

ઉપર્યુક્ત જુદાજુદા પ્રાયોગિક ઉપકરણોમાંના અમુક ઉપકરણો દ્વારા અપેક્ષિત યોજના પ્રમાણે માહિતી મેળવી શકાઈ છે. ક્ષ-કિરણોના અભ્યાસ માટેનું ઉપકરણ થોડો સમય કાર્ય કરીને કોઈ કારણસર બંધ પડી ગયું છે, જ્યારે હવામાન સંબંધિત પ્રાયોગિક સાધન હજુ શરૂ નથી થઈ શક્યું, બાકીનાં બધાં ઉપકરણો દ્વારા થોડી માહિતી મેળવી શકાઈ છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક: પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

પ્રકરણ ૨: મંથનકાળના મહાપુરુષો (પૂર્વાર્ધ)

અંગ્રેજી રાજ્યની સ્થાપના પછી ગુજરાતની પ્રજાએ શાંતિ અને નિરાંતનો શ્વાસ લીધો. નવી વિદ્યા અને કેળવણીનો પ્રકાશ પ્રસરવા માંડ્યો. તેમ છતાં સમાજનો મોટો વર્ગ જૂનવાણી વિચાર ધરાવનારો રૂઢિચુસ્ત હતો. અંગ્રેજી સંસ્કૃતિના સંપર્કથી પ્રકટવા માંડેલા નવા વિચારો તેમને સ્વીકાર્ય નહોતા. નવા સુધારાના પ્રકાશ સામે તેમણે આંખ મીંચી દેવામાં સાર્થક્ય માન્યું હતું. રૂઢિનો અંધારો કૂવો તેમને જીવનરક્ષા માટે સુરક્ષિત લાગતો હતો. વ્યક્તિની ગતિ વાડકામાંના મંકોડાની જેમ જ્ઞાતિના નાના વર્તુલમાં જ સીમિત હતી. વ્યક્તિ પર જ્ઞાતિનો પ્રબળ પ્રભાવ હતો. તેમ છતાં અંગ્રેજી સંસ્કૃતિએ પ્રેરેલા નવા વિચારો ઝીલવા કેટલાક જુવાનો ઉત્સુક હતા. પ્રજાની વહેમી, સંકુચિત મનોદશાથી દુઃખી બનીને તેમણે પ્રમાદમાં ડૂબેલી પ્રજાને જાગ્રત કરવાનો પુરુષાર્થ કર્યો. પ્રત્યેક નવા સુધારા સામે આરંભમાં રૂઢિચુસ્તો તરફથી ઉગ્ર પ્રત્યાઘાતો ઊઠતા હોય જ છે. રૂઢિઓના જાળામાં વર્ષોથી રહેઠાણ કરી તેમાં જ સુરક્ષિતતા શોધનારને, એ જાળા પર કોઈ પ્રહાર કરે તે વસમો લાગે છે, અને એનું રક્ષણ કરવા તે જીવ પર આવીને ઝૂમે છે. એટલે કોઈ પણ સુધારક માટે સુધારાનું કાર્ય કપરું હોય છે. તેમને જીવનમાં પછડાટ પણ ખાવી પડે છે, જીવન હોડમાં પણ મૂકવાના પ્રસંગ બને છે. પણ તેમના સતત ને સખત પરિશ્રમથી જ ધીમેધીમે લોકમાનસ પલટાવા માંડે છે.

દુર્ગારામ મહેતાજી

ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધ સુધી અને તે પછી પણ થોડોક વખત ગુજરાતમાં જૂના અને નવા વિચારો વચ્ચે સંઘર્ષ ચાલ્યો. એ મંથનકાળમાં કેટલાક મહાપુરુષોએ લોકજાગ્રતિનું સમર્થ કાર્ય કર્યું. દુર્ગારામ મંછારામ (ઈ. ૧૮૦૯-૧૮૭૮) એ મંથનકાળના એવા એક મહાપુરુષ હતા. એમનો જન્મ ઈ. ૧૮૦૯માં સૂરતમાં થએલો અને નાની વયમાં માતાનું અવસાન થવાથી એ માસીને ઘેર ઊછરેલા. ઈ. ૧૮૩૦માં સૂરતની નિશાળના મહેતાજી તરીકે તે નિયુક્ત થયા ત્યારથી શિક્ષણની સાથેસાથે વ્યવસ્થિત રીતે તેમની સમાજસુધારા પ્રવૃત્તિ પણ શરૂ થઈ. તેમના જીવનનાં ત્રણ મુખ્ય કાર્ય ગણી શકાય. એક તો તેમણે વિધવાવિવાહના પક્ષે આંદોલન જગાવ્યું. પોતે વિધુર થયા પછી વિધવાઓની મનઃસ્થિતિ વિષે તેમણે વિચાર્યું અને વિધવાઓ માટે તેમના ચિત્તમાં અનુકંપા જાગી. સ્મૃતિઓમાંથી અને પુરાણોમાંથી તેમને વિધવાવિવાહનાં દષ્ટાંતો જડી રહ્યાં અને શાસ્ત્ર રચનારા પુરુષો હતા તેથી જ પુરુષ જાતિ માટે પક્ષપાત અને સ્ત્રીજાતિ માટે અન્યાય કરવામાં આવ્યા એવો નિર્ણય તેમના મનમાં ઊગ્યો. દુર્ગારામના વિધવાવિવાહના આંદોલનથી પ્રભાવિત થએલી મથુરી નામની એક વિધવા તેમની સાથે લગ્ન કરવા તૈયાર થઈ. આ લગ્ન અટકાવવા સામાજિક પરિબળો એકત્ર થયાં. દુર્ગારામ ધમકીથી ડર્યા નહિ, પણ એક કુંવારી કન્યાને પરણવાની લાલચમાં લપટાયા. પોતે વિધુર છતાં વિધવા મથુરીને પરણવાનું ટાળ્યું એ તેમની સમાજસુધારક તરીકેની નિર્બળતા. એથી વિશેષ નિર્બળતા તો એ કે વિધવાવિવાહ અંગે લોકોને બોધ નહિ કરવાની કન્યાપક્ષની શરત મંજૂર કરીને પરણ્યા.

એ પછી આ વિષે તેમની ચર્ચાઓ ભલે મંદ પડી ગઈ, પણ તેમનું હાડ જ સુધારકનું, એટલે સમાજસુધારણા માટે તેમણે ઈ. ૧૮૪૪માં 'માનવ ધર્મસભા' સ્થાપી. એ સભામાં દુર્ગારામ, દાદોબા, દલપતરામ માસ્તર, દિનમણિશંકર શાસ્ત્રી અને દામોદરદાસ મુખ્ય હતા. એ બધાનાં નામ 'દ' અક્ષરથી શરૂ થતાં હોવાથી તેમની મંડળી 'પાંચ દદ્દાની મંડળી' તરીકે ઓળખાતી. માનવધર્મ-સભા સ્થાપવાના મુખ્ય પ્રયોજનનો ખયાલ તેના આ સાત નિયમો પરથી આવશે: ૧) ઈશ્વર એક છે; ૨) મનુષ્યમાત્રની એક જાતિ છે; ૩) એક જ ધર્મ-માનવધર્મ; ૪) માણસને ગુણ પરથી, નહિ કે કુળ પરથી ઓળખવો; ૫) વિવેકાનુસારી કર્મ કરવાં; ૬) ઈશ્વરના અનુગ્રહ માટે ભક્તિ કરવી; ૭) સદ્‌માર્ગનો બોધ સર્વને કરવો.

દુર્ગારામની માનવધર્મસભા (ઈ. ૧૮૪૩) એ તેમનું મહત્ત્વનું જીવનકાર્ય છે. એ સભામાં અનેક જિજ્ઞાસુ આવતા અને ધર્મ, ઈશ્વર, મોક્ષ. વર્ણવ્યવસ્થા વગેરે વિષયોની ચર્ચા કરતા. 'દુર્ગારામ ચરિત્ર'માં મહીપતરામે એ માનવધર્મસભાની કામગીરીનો ચિતાર આપ્યો છે. એ સભાએ પ્રજામાનસમાં ઘર કરી બેઠેલાં જંતરમંતર અને ભૂવાઓનાં ધતિંગને



દુર્ગારામ મહેતાજી

દૂર કરવાનું મોટું કામ કર્યું. દુર્ગારામે શહેરના સમસ્ત જાદુગરો, ભૂવાઓ વગેરેને પોતાના પર એમનો ઈલમ અજમાવવા પડકાર કર્યો ને એ માટે જાહેર સભા યોજી, શહેરમાં એ અંગે તેમણે ચોપાનિયાં વહેંચીને લોકોમાં કુતૂહલ ને જાગ્રતિ પ્રેર્યાં. જાહેર સભામાં માત્ર વજેરામે (વજો ભૂવો) દુર્ગારામ સામે બાખડી બાંધી. તેણે દુર્ગારામને ધાકધમકી અને ધતિંગ દ્વારા ડરાવવાની મથામણ કરી જોઈ, પણ એ કશો 'ચમત્કાર' બતાવી શક્યો નહિ. તેનાં બહાનાં ખુલ્લાં પડી ગયાં અને લોકોમાં ઉત્સાહનો સંચાર થયો. જાદુ અને મંતરજંતરમાં તેમનો વિશ્વાસ ઘટી ગયો. દુર્ગારામને લોકોના ચિત્તમાંથી વહેમની આ બદી દૂર કરવા માટે પોતાના પ્રાણ હોડમાં મૂકવા પડ્યા હતા.

દુર્ગારામે માનવધર્મ સભા અંગે નોંધ કરવાનું રાખ્યું હતું. એ નોંધ વ્યવસ્થિત નથી, પણ આત્મકથાનાં બીજ એમાં રહેલાં છે. એમની પછી નર્મદે 'મારી હકીકત' લખીને આત્મકથાનો સાહિત્યપ્રકાર રીતસર ખેડ્યો, 'માનવધર્મ સભા'માં દુર્ગારામ સાથે વિવિધ કોમના માણસો ચર્ચા કરવા આવતા હતા. દુર્ગારામના વક્તવ્યમાંથી તેમની સમાજસુધારણા વિષેની ધગશ જોવા મળે છે. એ પોતે વેદાંતી હોવાનું પણ જણાય છે. મૂર્તિપૂજામાં તે માનતા નથી, તેમ છતાં એકે ગ્રંથ ઈશ્વરસર્જિત હોવાનું પણ તેમને માન્ય નથી. મૂર્તિપૂજા વિષે તેમનાં વક્તવ્યોમાંથી એક અહીં રજૂ કર્યું છે:'

'પરમેશ્વર છે. તે માણસ કરતાં ઘણા સમર્થ છે. જેની ઇચ્છાથી આ જગત થયું છે એવા ભગવાનને ઠેકાણે મૂર્તી કરીને પારણે ઝુલાવે છે, તથા ઘુઘરો, જાંખુડી તથા ટાચકાની રમત કરી ભગવાનને રમાડે છે, તે જોઈને મને હસવું આવે છે કે આ માણસ ભગવાનની શક્તિથી કેવાં અજાણ્યાં છે, કે બ્રહ્માંડને રમાડનાર ભગવાનને પોતે મોટું માણસ થઈ તથા ભગવાનને નાહાન છોકરાના જેવા જાણીને રમકડે રમાડે છે!' (દુર્ગારામ ચરિત્ર, પૃ. ૧૦૮.)

ચર્ચાઓમાં દુર્ગારામનાં દૃષ્ટાંતો પણ લોકોને ગળે ઊતરી જાય તેવાં છે અને એ કાળના પ્રારંભિક ગદ્યના સારા નમૂના પણ તેમાં મળે છે. એક દૃષ્ટાંત નોંધીએ: 'સાચી વાતને વરસાદની પેઠે વરસાવવી જોઈએ. જુઓ વરસાદ છે તે સારી ભોંયમાં, નઠારી ભોંયમાં, સમુદ્રમાં પહાડ ઉપર, ઈત્યાદિ સઘળી જગોએ વરસે છે, જેમ કંઈ પાત્ર જોતો નથી. તેમ આપણે પણ જોવું નહિ, સાચેસાચી વાત જ્યાં હોય ત્યાં બોલવી, જેવું માણસ હશે તેને વત્તોઓછો બોધ તે પ્રમાણે લાગશે. જેને લોકોનું કલ્યાણ કરવું હોય તેણે માન રાખવું નહિ; ને જેને માન છે તેથી લોકોનું કલ્યાણ થવાનું નહિ.' (એજન, પૃ. ૧૮૦-૧૮૧.)

મહીપતરામ રૂપરામ નીલકંઠ

દુર્ગારામની જેમ જ મહીપતરામે(ઈ. ૧૮૨૯-૧૮૯૧) પણ સમાજસુધારણાનું કાર્ય જીવનભર કર્યું. તેમની ખ્યાતિ ખાસ તો એ જમાનામાં તેમના પરદેશગમનને કારણે અને તેમના પ્રાર્થનાસમાજને કારણે છે. તે મૂળ સુરતના વતની. જન્મ પછી ચાર વર્ષમાં તેમનો પાર્વતીકુંવર નામની બાળા સાથે વિવાહ થયો અને છઠ્ઠે વર્ષે તો તેમનું લગ્ન પણ થઈ ગયું. પાર્વતીકુંવરે આગળ જતાં એમના જીવનકાર્યને પ્રેરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

અંગ્રેજ સરકારે સુરતમાં બે ગુજરાતી નિશાળ સ્થાપેલી. તેમાં એકમાં દુર્ગારામ મહેતાજીનો ડંકો વાગે; બીજી નિશાળમાં પ્રાણશંકર મહેતાજીનો રૂઆબ પ્રસરેલો હતો. મહીપતરામ પ્રાણશંકર મહેતાજીની નિશાળમાં દાખલ થયા, પણ દુર્ગારામ મહેતાજીના સમાજસુધારણાના કાર્યને તે દૂરથી મીટ માંડીને નીરખતા. સંસારસુધારાનું બીજ એમનામાં એ સમયથી જ રોપાયું. એમને અંગ્રેજી ભણવા માટેનો સમય પાક્યો તે અરસામાં, ઈ. ૧૮૪૨માં સરકારે સુરતમાં અંગ્રેજી નિશાળ સ્થાપી. એમાં તેમના સહાધ્યાયી નંદશંકર તુળજાશંકર મહેતા હતા. ('કરણ ઘેલો'ના કર્તા) મહીપતરામ વિષે એ કહેતા: 'મહીપતરામ એટલા જ ગરબડિયા; કામ બધું સટરપટર; પણ એમના મગજમાં બધું ચોક્કસ. આગ્રહી સ્વભાવ તો ત્યારનો જ પ્રકટ થએલો.' ('મહીપતરામ'-ભાનુસુખરામ મહેતા, આવૃત્તિ ઈ. ૧૯૩૦, પૃ. ૨૧.)

એમનો ધમાલિયો સ્વભાવ એમને પત્રકારત્વ તરફ ખેંચી ગયો. સુરતમાંથી પ્રગટતા 'પરહેજગાર' પત્રના એ તંત્રી બન્યા. એ પછી તો કટકેકટકે અનેક પત્રોનું—સામયિકોનું સંચાલન તેમને સંભાળવાનું આવ્યું કરસનદાસ મૂળજીનું 'સત્યપ્રકાશ', અમદાવાદની ટ્રેઈનિંગ કૉલેજનું 'ગુજરાત શાળાપત્ર', પ્રાર્થનાસમાજ તરફથી 'જ્ઞાનસુધા' ઈત્યાદિ પત્રો તેમણે કુશળતાથી સંભાળ્યાં. મુંબાઈની 'બુદ્ધિવર્ધક હિંદુ સભા'માં પણ તેમણે સક્રિયપણે ભાગ લીધો. શિક્ષણના અને સુધારાના ક્ષેત્રમાં તેમણે જીવનભર કામ કર્યું. તેમ છતાં તેનના જીવનનું ઉત્તમ અને સાહસિક કાર્ય તે તેમના પરદેશગમનનું હતું. એ જમાનામાં પરદેશગમન પર જ્ઞાતિ તરફથી સખત પ્રતિબંધ હતો. મહીપતરામ એ વખતે કેળવણીખાતામાં હતા. ગુજરાતના શિક્ષણકાર ઇંગ્લૅન્ડ જઈને શિક્ષણ અંગેની તાલીમ અને અનુભવ લઈ આવે તો સમાજને તે લાભદાયી નીવડે એવી ધારણાથી કેળવણીખાતાના અધિકારીઓએ પહેલાં તો સીનિયર શિક્ષક નંદશંકરને વિનંતી કરી. નંદશંકર તૈયાર થયા નહિ, એટલે મહીપતરામને પરદેશ જવાની તક મળી. નાગરી ન્યાતે તેમને ન્યાત બહાર મૂકવાની ધમકી આપી. ત્યારે ન્યાત બહાર થનાર વ્યક્તિનાં સગાંસંબંધી પર પણ આફત ઊતરી આવતી. મહીપતરામને તેમનાં સગાંએ પરદેશ નહિ જવા ખૂબ વીનવ્યા. પણ મહીપતરામ મક્કમ રહ્યા. નર્મદ, દલપતરામ, ભોળાનાથ જેવા થોડાક સમાજસુધારકોએ તેમને પરદેશગમન માટે પ્રોત્સાહન આપ્યું. પણ ખરી હિંમત અને પ્રેરણા તેમને તેમનાં પત્ની પાર્વતીકુંવર તરફથી મળ્યાં. તે ન્યાતીલા કે સગાંની ધાકધમકી કશાને વશ થયાં નહિ અને મહીપતરામને માનસિક રીતે સજ્જ કર્યા અને ઈ. ૧૮૬૦માં મહીપતરામ ઇંગ્લૅન્ડ ઊપડી ગયા.

તેમણે એ પ્રવાસ દરમ્યાન અને ઇંગ્લૅન્ડમાં પણ આહારવિહારમા પૂરી શુદ્ધિ જાળવી હતી. તેમ છતાં ઈ. ૧૮૬૧માં તે પાછા આવ્યા ત્યારે તેમના પર જ્ઞાતિએ પરતાળ પાડી. ગુજરાતમાં એમની અગાઉ નડિયાદના એક પાટીદાર શામળદાસ દેસાઈ વિલાયત જઈ આવેલા. મહીપતરામ પરદેશગમન કરનાર બીજા ગુજરાતી હતા. એમની સામે સમાજમાં ભારે ઊહાપોહ થયો. એક વાર એ ભીમરાવ દિવેટિયાને ત્યાં વડોદરામાં મહેમાન હતા. બીજા એક જૂનાગઢી ગૃહસ્થ અને એક બે મિત્રો પણ હતા. ભીમરાવે જૂનાગઢી ગૃહસ્થ સાથે મહીપતરામનું ઓળખાણ કરાવ્યું એટલે એકદમ એ ગૃહસ્થ બોલી ઊઠ્યા: 'આ મહીપતરામ કે! આપણી ન્યાતમાં ઘોળ ઘાલ્યો હતો તે જ આ મહીપતરામ? ઓ શંકરભાઈ, આમ આવો, મહીપતરામ જોવા હોય તો.' આવાં ઉપહાસનાં અને અંગત આક્ષેપનાં વચનો મહીપતરામે શાંતિથી જીરવ્યાં. પણ ન્યાતે તેમનો પીછો મેલ્યો નહિ. એમના પિતા રૂપરામના અવસાન પ્રસંગે કોઈ ક્રિયા કરાવનાર પણ તેમને મળ્યો નહિ, ત્યારે કોર ન્યાતના પ્રબળ વિરોધ સામે અંતે મહીપતરામ ઝૂક્યા ને પ્રાયશ્ચિત્ત કરી ન્યાતમાં દાખલ થયા. એમની આ પીછેહઠથી રોષે ભરાઈને નર્મદે 'દાંડિયો' પત્રમાં તેમની ખૂબ ઝાટકણી કાઢી. એ પછી મહીપતરામે વળી ફેરવી તોળ્યું ને ન્યાતમાં ફરી ચકચાર જગાવી. એમનો વિલાયતગમનનો સમગ્ર કિસ્સો રસિક છે. ભલભલા નીડર સુધારકોને પણ ન્યાત સામે બાખડી બાંધવાનું કેવું મૂલ્ય ચૂકવવું પડતું તેનું નિદર્શન એમાંથી મળી રહે છે.

મહીપતરામની સાહિત્યપ્રવૃત્તિ

ઓગણીસમા સૈકામાં અંગ્રેજી સાહિત્યની અસર હેઠળ આપણે

ત્યાં પણ સાહિત્યમાં નવલકથા, નાટક ઈત્યાદિ અર્વાચીન ઢબનાં સ્વરૂપો ખેડાવા માંડ્યાં. આરંભની કૃતિઓમાં સંસારસુધારો એ પ્રેરકબળ બની રહ્યું. ઈ. ૧૮૬૬માં ગુજરાતી ભાષાની પ્રથમ મૌલિક નવલકથા 'કરણ ઘેલો' નંદશંકરે પ્રકટ કરી. એ જ વર્ષના અંતમાં મહીપતરામે 'સાસુ વહુની લડાઈ' નામની સામાજિક લઘુ નવલકથા પ્રકાશિત કરી. પ્રસ્તાવનામાં વાર્તાકારે સમાજસુધારાનું પોતાનું પ્રયોજન સ્પષ્ટ કરતાં નોંધ્યું છે : 'કલ્પિત વારતાને રૂપે અનેક નાતોમાં ચાલતી સારીનઠારી રીતભાતો વગેરેને જાહેરમાં લાવી સારી હોય તેને વખાણવી અને માઠીને વખોડવી એ મારો હેતુ છે.' એ નવલકથામાં સુંદર નામની એક પંદર વર્ષની કિશોરી પરણીને સાસરે ગયા પછી પતિ અને સાસુ તરફથી જે ભયાનક સિતમ વેઠે છે અને છેવટે સાસરિયાંના ત્રાસમાંથી છૂટવા જંતરમંતરને ખોટે રવાડે ચડીને કરુણ મૃત્યુ પામે છે તેનો ચિતાર છે. વાર્તાકથનની શૈલી અણઘડ છે. નાગરી ન્યાતના અનેક રિવાજો અને બીજું ઘણું ચવચવ આ વાર્તામાં લેખકે ઠાંસ્યું છે. જેમ કે પાટીદારોના રિવાજો વિષે એક સમાજશાસ્ત્રીય નિબંધ પણ લેખકે દાખલ કરી દીધો છે. કથાના એક પાત્ર રવિનારાયણ દવેના મુખે લેખકનો અભિગમ પ્રકટતો દેખાય છે : 'જ્યાં સુધી બાળલગ્નો ચાલુ રહેશે ત્યાં સુધી સાસુવહુની લડાઈ, વહુવારૂની ગુલામગીરી, અને તેનાં માબાપની કમબખ્તી મટનાર નથી, આપણા દેશના લગ્ન સંબંધીના ધારા બધા ફેરવી નાખી સુધારવાની જરૂર છે.' (પૃ. ૬૪)

મહીપતરામની બીજી બે નવલકથાઓ 'વનરાજ ચાવડો (ઈ. ૧૮૮૧) અને 'સધરા જેસંગ' (ઈ. ૧૮૯૦ ?) ઐતિહાસિક છે. ખરું જોતાં એ વાર્તાત્મક જીવનચરિત્રો છે. 'વનરાજ ચાવડો'માં વનરાજના જન્મ પૂર્વેની ગુજરાતની ઐતિહાસિક ભૂમિકાથી આરંભીને વનરાજ વાનપ્રસ્થ થઈને એના પુત્ર યોગરાજને રાજગાદી સોંપી, તેના પુત્ર ક્ષેમરાજને પણ રમાડવાનો લહાવો લઈ મૃત્યુ પામે છે ત્યાં સુધીની કથા છે. વનરાજના યુવા વયનાં પરાક્રમોની કથા રસપ્રદ બની છે. વનરાજનું શૌર્ય, તેની આઝાદી માટેની ભાવના, ભુવડનું મૃત્યુ વગેરે ઘટનાઓ પ્રેરક અને રોચક છે. ભુવડે ગુજરાત પર ચડાઈ કરી તે વખતે જયશિખરના સાળા (વનરાજના મામા) સુરપાળને ફોડવાના પ્રયત્નરૂપે ભુવડનો સેનાપતિ મિહિર તેને એક ગુપ્ત પત્ર લખે છે. સુરપાળનો જવાબ તેના ખમીરવંતા વ્યક્તિત્વનો નિદર્શક છે. એ પત્રમાં વાર્તાકારના સચોટ મનહર ગદ્યનો પણ પરિચય થાય છે : 'શાસ્ત્રમાં કહ્યુ છે કે 'ધર્મો જય.' માટે અંતે ગૂર્જરોનો જય થવાનો જ છે. તમે પાપી છો. અને મને પાપના ખાડામાં ખેંચવા પ્રયત્ન કરો છો. પણ 'પાપો ક્ષય'. માટે હું તમારો તાણ્યો તણાવાતો નથી. રે દુષ્ટ ! ભૂંડા, શું તારો રાજા પણ તારા જેવો દુષ્ટ હશે કે તારા ભરમાવ્યાથી ભૂલ્યો ? ઈન્દ્રાસન મળતું હોય તોપણ હું મારો ધર્મ ચૂકું નહિ. ત્રિલોકના રાજ્યની લાલચે પણ હું લુણહરામ ન થાઉં, મારા સ્વામીની સેવા તજું નહિ, વિશ્વાસઘાત કરું નહિ. લાભના લોભથી કે વેર લેવાને, કે બીજા કશાથી કદી ડગું નહિ, કદી સત્ય છોડું નહિ, હું સાચો છું ને મારા દેહમાં જીવ છે ત્યાં સુધી સાચો રહીશ. ધિક્કાર છે નફટ લાંચ લેનારને ! લ્યાનત છે લાંચ આપનારને અને આપવાનો પ્રયત્ન કરનારને !' (ત્રીજી આવૃત્તિ, ૧૮૮૩, પૃ. ૬૭.)

વાર્તાકારે વનરાજના ચરિત્રની કથામાં નાનીમોટી સંખ્યાબંધ વાર્તાઓ ગૂંથીને નવલકથા દળદાર બનાવી છે. રૂપસુંદરી વનરાજને એના બચપણમાં જે બાલવાર્તાઓ કહે છે—રાજાની તોતડી રાણીઓની વાર્તા 'એ વંઓ તો મેં તંઓ' (એ વડીઓ તો મેં તળીઓ), ભેંસના પોદળામાં દટાએલી ચકલીની વાર્તા, લાલજી મણિયારની વાર્તા—આ બધી બાલવાર્તાઓ ગિજુભાઈએ એમના 'બાલવાર્તા' સંગ્રહોમાં રજૂ કરીને અમર કરી દીધી છે. વનરાજનાં તોફાનોનું વર્ણન કરતાં વાર્તાકારે ડોસાના પેટમાં દેડકું પેસાડી દેવાની વાર્તા આપી છે તે ગ્રામ્ય હાસ્યના નમૂનારૂપ છે. વનરાજના રાજ્યઅમલમાં નાગરિકો ચોરનો સામનો કરતા નથી અને ચોર લોકો નિરાંતે ચોરી કરીને ચાલ્યા જાય છે. વનરાજ તેમને ચૂડા પહેરવાની શિક્ષા કરે છે, પણ પછી માફી આપતાં કહે છે : 'હવેથી હિમ્મત પકડી લડશો ?' બંદીવાનો કહે : 'બાપજી જીભથી તો લડીએ, ને જો એવો બંદોબસ્ત કરો કે સામાવાળા અમને ના મારે તો વળી હથીઆરથી જરા અજમાશ કરીએ...' (એજન પૃ. ૨૭૨). વાર્તાકારે હાસ્યના પણ પ્રસંગો (ભલે અપ્રસ્તુત છતાં) ગૂંથીને વાર્તાને શક્ય તેટલી રસિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. લેખકની સમાજસુધારાની ધગશ તો દરેક પ્રકરણમાં દેખાય છે. વનરાજ એની વૃદ્ધાવસ્થામાં એના પુત્ર યોગરાજને ઉચ્ચ અને પછાત કોમોના રીતરિવાજોનો એને પોતાની સાથે પગપાળા ફેરવીને અનુભવ કરાવે છે ને અનિષ્ટ રિવાજોની ટીકાટિપ્પણી પણ કરી દેખાડે છે !




મહીપતરામ રૂપરામ નીલકંઠ

આ નવલકથા લખતી વખતે 'કરણ ઘેલો' અને 'વીરમતી નાટક'ના નમૂના લેખકની નજર સામે છે : તેમણે 'રાસમાળા'નો પણ ખાસો ઉપયોગ કર્યો છે. વનરાજનું ચરિત્ર લેખકને પ્રજામાં શૌર્યોદ્બોધ કરવા માટે ઉત્તમ લાગ્યું. દેશીઓ પણ વનરાજની જેમ દેશભક્તિ દાખવે, નિશ્ચિતપણે પોતાના ઉત્તમ કાર્યક્રમો પાર પાડે તેવી વાર્તાકારની ભાવના છે. એ યુગમાં સર્જકોએ વાર્તાને નીતિબોધનું વાહન બનાવ્યું હતું અને સર્જક પોતે દેશબંધુઓને હિતોપદેશ આપવાનું પોતાનું કર્તવ્ય સમજતા હતા. અને પ્રજાને પણ આવા નીતિબોધની ગરજ હતી.

મહીપતરામની 'સધરા જેસંગ' (ઈ. ૧૮૯૦ ?) નવલકથા પણ વાર્તાત્મક ચરિત્ર છે. એ કથા માટે લેખકે 'રસમાળા' ઉપરાંત 'પ્રબંધ ચતુર્વિંશતિ', કીર્તિકૌમુદી કાવ્ય', 'વસ્તુપાલ ચરિત્ર' ઈત્યાદિ અનેક ગ્રંથોનો આધાર લીધો છે. કથા ભલે ઐતિહાસિક છતાં તેમાં અર્વાચીનના રંગ તેમણે પૂર્યા છે. સધરા જેસંગ અને જસમા, રાણકદેવી, સધરા જેસંગનું માળવા પર આક્રમણ, ત્યાંના રાજવી યશોવર્માનો પરાજય ઈત્યાદિ ઇતિહાસપ્રસિદ્ધ ઘટનાઓ વાર્તાકારે આ નવલકથામાં નિરૂપી



GUJARĀT AND RĀJASTHĀN



Bikaner
Alwar
Brindāban
Mathurā
ASTHĀN
Agra
Jamuna River
Jaipur
Kishanghad
Ajmer
Jodhpur
Gwālior
Datiā
Orchhā
Khajurāho
Bundi
Kotah
Aravalli Hills
Sirohi
Nāthdvār
Chitor
Ābu
Udaipur
Khedbrahmā
Idar
Shamalāji
Sānchi
Bhopāl
Vindhya
Mts.
Vindhya Mts.
Modāsā
Ratlām
Ujjain
Kapadwanj
Ahmedābād
Godhrā
Bāgh
Indore
Dākor
Kaira
Pavāghad
Champāner
Baroda
Narmadā River
Sātpurā Hills
Kavi
Jambusar
Dabhoi
Sankhedā
Chandod
Gandhār
Broach
Rājpiplā
Shuklatirtha
Sātpurā Hills
Tāpti
Surat
Dharampur
Sahyādri Hills
Ajantā
Ellorā
Nāshik
Kalyān
MAP SHOWING
Places noted for wood-carving
" " " Textiles
" " " Brass-work
" " " Architecture and sculpture
Places showing fresco-paintings
Places where illustrated manuscripts are copied
Ancient trade route

સંસ્કૃત કાવ્યશાસ્ત્રની સારણી

• કાવ્યાંગવિવેચનમાં કાવ્યનાં દશ અંગોનું વિવેચન આવરી લેવામાં આવ્યું છે.

કાવ્યશાસ્ત્ર

નાટ્યશાસ્ત્ર

- નંદિકેશ્વર ? અભિનયદર્પણ
- ભરતમુનિ (ઈ. પૂ. ૧લી શતા૦) નાટ્યશાસ્ત્ર
- ધનંજય અને ધનિક (ઈ. ૧૦મી શતા૦) દશરૂપક
- સાગરનંદી (૧૧મી શતા૦ પૂર્વાર્ધ) નાટકલક્ષણ રત્નકોષ
- રામચંદ્ર અને ગુણચંદ્ર (૧૨મી શતા૦ ઉત્તરાર્ધ) નાટ્યદર્પણ
- શારદાતનય (૧૩મી શતા૦ મધ્ય)
- શિંગભૂપાલ (૧૪મી શતા૦) નાટક પરિભાષા
- ત્ર્યંબક ? નાટક-પરિભાષા
- વસંતરાજ (૧૪મી શતા૦) નાટ્યશાસ્ત્ર
- રૂપ ગોસ્વામી (૧૬મી શતા૦) નાટકચંદ્રિકા
- સુંદરમિશ્ર ઔનગરિ (૧૭મી શતા૦) નાટ્યપ્રદીપ
- ત્રિલોચનાદિત્ય ? નાટ્યાલોચન
- પુંડરીક ? નાટકલક્ષણ

કાવ્યાંગવિવેચન

- વિષ્ણુધર્મોત્તર પુરાણ (ઈ. ૫મી શતાબ્દી)
- અગ્નિપુરાણ (૧૧મી શતાબ્દી)
- ભોજરાજ (૧૧મી શતા૦ પૂર્વાર્ધ) સરસ્વતી-કંઠાભરણ
- મમ્મટ (૧૧મી શતા૦ ઉત્તરાર્ધ) કાવ્યપ્રકાશ
- હેમચંદ્ર (ઇ. ૧૦૮૮-૧૧૭૨) કાવ્યાનુશાસન
- વાગ્ભટ (૧૨મી શતા૦ પૂર્વાર્ધ) વાગ્ભટાલંકાર
- મલધારિ નરેન્દ્રપ્રભ (૧૨મી શતા૦) અલંકાર મહોદધિ
- વિશ્વનાથ (૧૪મી શતા૦) સાહિત્યદર્પણ
- વિદ્યાધર (ઈ. ૧૨૭૫-૧૩૨૫) એકાવલી
- વિદ્યાનાથ (૧૪મી શતા૦ પૂર્વાર્ધ) પ્રતાપરુદ્રયશોભૂષણ
- વાગ્ભટ (બીજા) (૧૪મી શતા૦) કાવ્યાનુશાસન
- કવિ કર્ણપૂર (૧૬મી શતા૦) અલંકાર-કૌસ્તુભ
- કેશવમિશ્ર (૧૬મી શતા૦ ઉત્તરાર્ધ) અલંકારશેખર
- પંડિતરાજ જગન્નાથ (૧૮મી શતા૦) રસગંગાધર
- નરસિંહ કવિ (૧૮મી શતા૦) નંજરાજયશોભૂષણ

સિદ્ધાંતપ્રવર્તન

અલંકાર સમ્પ્રદાય

- ભામહ (૬ઠ્ઠી શતા૦ મધ્ય ભાગ) કાવ્યાલંકાર
- દંડી (૭મી શતા૦ ઉત્ત૦) કાવ્યાદર્શ
- ઉદ્‌ભટ (૮મી શતા૦ પૂર્વાર્ધ) અલંકારસારસંગ્રહ
- રુદ્રટ (૯મી શતા૦ પૂર્વાર્ધ) કાવ્યાલંકાર
- રુય્યક (૧૨મી શતા૦ મધ્ય ભાગ) અલંકારસર્વસ્વ
- શોભાકરમિત્ર (૧૨મી શતા૦) અલંકાર રત્નાકર
- અજિતસેન (૧૨મી શતા૦) અલંકાર ચિંતામણિ
- જયદેવ (૧૩મી શતા૦) ચંદ્રાલોક
- અપ્પય દીક્ષિત (૧૬મી શતા૦) કુવલયાનંદ
- આશાધર ભટ્ટ (૧૭મી શતા૦) અલંકારદીપિકા
- કલ્યાણ સુબ્રહ્મણ્યમ (૧૮મી શતા૦) અલંકાર કૌસ્તુભ
- વિશ્વેશ્વર પંડિત (૧૮મી શતા૦) અલંકાર કૌસ્તુભ

રસ સમ્પ્રદાય

રસવિવેચ

- નંદિકેશ્વર ? અભિનયદર્પણ
- ભરતમુનિ નાટ્યશાસ્ત્ર
- અભિનવગુપ્ત અભિનવ ભારતી
- શિંગભૂપાલ (૧૪મી શતાબ્દી) રસાર્ણવ સુધાકર
- ભાનુ દત્ત (૧૩મી શતા૦ અન્તભા અને ૧૪મી આરંભ) રસતરંગિણી
- પૌણ્ડરીક રામેશ્વ (ઇ. ૧૫૦૦-૧૫૫૦ રસસિન્ધુ
- ભૂદેવ શુક્લ (ઈ. ૧૬૬૦-૧૭૨૦ રસવિલાસ
- ગંગારામજડિ (૧૮મી શતા૦) રસમીમાંસા

રી

કર્તા : પ્રા. રઘુનાથ આર. ભટ્ટ

કાવ્યશિક્ષા

...તિ સમ્પ્રદાય
વામન
(ઈ. ૭૫૦-૮૫૦)
...ાવ્યાલંકાર સૂત્ર

ધ્વનિ સમ્પ્રદાય
આનંદવર્ધન
(ઈ. ૮૫૫-૮૮૩)
ધ્વન્યાલોક
•
અભિનવગુપ્ત
(ઇ. ૯૬૦-૧૦૨૦)
ધ્વન્યાલોક લોચન

વક્રોક્તિ સમ્પ્રદાય
કુન્તક
(૧૦મી શતા૦)
વક્રોક્તિજીવિત

ઔચિત્ય સમ્પ્રદાય
ક્ષેમેન્દ્ર
(૧૧મી શતા૦ ઉત્ત૦)
ઔચિત્યવિચારચર્ચા

શૃંગારવિવેચન
રુદ્ર ભટ્ટ
(૧૦મી શતા૦)
શૃંગારતિલક
•
ભાનુ દત્ત
(૧૩-૧૪મી શતા૦)
રસમંજરી
•
ભોજરાજ
(૧૧મી શતા૦)
શૃંગારપ્રકાશ
•
અજિતસેન દેવયતીશ્વર
(૧૧મી શતાબ્દી)
શૃંગારમંજરી
•
મંડન
(ઇ. ૧૪૦૦-૪૮)
શૃંગારમંડન
•
પદ્મસુંદર
(૧૬મી શતા૦)
શૃંગારરસવિવેચન
•
સામરાજ દીક્ષિત
(૧૭મી શતા૦)
શૃંગારામૃતલહરી
•
અકબર શાહ
(૧૭મી શતા૦)
અકબરસાહિ શૃંગારદર્પણ

રાજશેખર
(ઈ. ૮૮૦-૯૨૦)
કાવ્યમીમાંસા
•
ક્ષેમેન્દ્ર
(૧૧મી શતા૦)
કવિકંઠાભરણ
•
જયમંગલ
(ઇ. ૧૦૯૪-૧૧૪૩)
કવિશિક્ષા
•
અમરચંદ અરિસિંહ
(૧૩મી શતા૦ મધ્યભાગ)
કાવ્ય કલ્પલતા
•
દેવેશ્વર
(૧૪મી શતા૦ પ્રારંભ)
કવિ કલ્પલતા
•
અનંતાચાર્ય
(૧૪મી શતા૦)
કવિસમય કલ્લોલ
•
ગંગાદાસ
(૧૫મી શતા૦)
કાવ્યશિક્ષા
•
રઘુનાથ
(ઇ. ૧૭૫૮-૧૮૨૦)
કવિકૌસ્તુભ

પ્રો. રઘુનાથ ભટ્ટે તૈયાર કરી મોકલેલી

છે. વાર્તાની મુખ્ય ઘટનાઓમાં અહીં પણ તેમણે છૂટથી આડકથાઓ ભેળવી છે. વાર્તાકારને વસ્તુની સુશ્લિષ્ટતાના ખ્યાલ કરતાં, વાર્તા જનમનરંજક બને તે હેતુનો સવિશેષ ખ્યાલ છે. સિદ્ધરાજ અને મધુમુખીના લગ્ન પૂર્વેનું સંવનન વાર્તાકારના અર્વાચીન માનસનો રંગ પ્રકટ કરે છે. બંને પાત્રો એકબીજાને પત્રો લખે છે, પત્રોમાં કવિતા બીડે છે, કવિતામાં કાવ્યગુણોની ચર્ચા કરે છે! એ વાંચતાં ગોવર્ધનરામનાં સરસ્વતીચંદ્ર અને કુમુદ વચ્ચેનો પત્રવ્યવહાર સહેજે સ્મરણમાં ચડે: 'સ્વસ્તિ ક્ષેત્ર ગૂર્જર દેશના મહારાજાધિરાજ શ્રી જયસિંહદેવ જોગ લિ. સ્વસ્તિ શ્રી અજોધ્યાપુરીથી રાજકન્યા મધુમુખી. વિશેષ વિનંતી કે આપનો કાગળ અને આપની છબી આપે કૃપા કરી મોકલી તેથી મને બહુ આનંદ થયો. એ કૃપા માટે હું આપનો પાડ માનું છું. આપની મનોહર છબી સહુથી પહેલી મારે હાથ આવી અને તે આવતી વારને તેણે મારું ચિત્ત વેધ્યું...' અને ભુજંગી છંદમાં કાવ્યપંક્તિઓ લખે છે—

'મટાડો પરિતાપ સન્દેહ મારો,
પુરી પ્રીત આણી જ શીઘ્રે પધારો.'

સમગ્ર કાવ્યની નુક્તેચીની કરતાં ઉમેરે છે-'આ લીટીઓમાં કવિતાની ખૂબીઓ નથી, તથાપિ એ મારા મનનો ઊભરો દર્શાવે છે. એ દર્પણરૂપ છે. એમાં આપ મારું મન જોશો...'

નવલકથામાં આવા કેટલાક મનોહર ગદ્યના ખંડ પ્રસન્ન કરે છે. જયસિંહના દરબારનું વર્ણન 'કરણ ઘેલો' નવલકથાનાં વર્ણનોની છટાનું સ્મરણ કરાવે છે. યશોવર્મા સાથેના યુદ્ધનું વર્ણન પણ રસપ્રદ છે. વાર્તાકારે આ કથામાં શેક્સપીઅરની 'મર્ચન્ટ ઑવ વેનિસ'ની કથા પણ રૂપાંતર કરીને ગોઠવી દીધી છે! આવી અનેક અનાવશ્યક કથાઓથી આ નવલકથા દળદાર બની છે. ભૂતપ્રેત ને ચમત્કાર સામે, લગ્નના કુરિવાજો સામે લેખકની જેહાદ આ નવલકથામાં પણ તરત ધ્યાન ખેંચે છે. વાર્તાકારને આ બંને ઐતિહાસિક નવલકથામાં કાળક્રમની વિસંગતિનો ખયાલ રહ્યો જ નથી. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસ અને નવલકથા વચ્ચેના સંબંધની ચર્ચા એ સૈકામાં અજાણી હતી. ઐતિહાસિક નવલકથા દ્વારા લેખક દેશી બંધુઓને શૂરવીર, ધર્મવીર અને કર્મવીર બનાવવાનું, તેમને સંસારબોધ કરવાનું પ્રયોજન તાકતો હતો. આરંભની ઐતિહાસિક નવલકથાઓ વાંચતાં એ પ્રયોજન તરત સ્પષ્ટ થાય છે અને વાર્તાકારે એ પ્રયોજન નિઃસંકોચ પ્રકટ કર્યું છે. મહીપતરામે આ બે ઐતિહાસિક નવલકથાઓમાં વાર્તાકાર તરીકે ઠીક ગતિ દેખાડી છે. તેમનું ગદ્ય પણ અગાઉની 'સાસુવહુની લડાઈ' નવલકથાના ગદ્ય કરતાં વધુ સુરુચિસભર, મનોહર ને પ્રસંગોપાત્ત ઓજસ્વી છે.

મહીપતરામે 'દુર્ગારામ ચરિત્ર' તેમ જ 'કરસનદાસ મૂળજી' ચરિત્ર લખીને તટસ્થ ચરિત્રકાર તરીકેનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. એમનું બીજું એક પુસ્તક 'અકબર ચરિત્ર' પણ છે. એ પોતે ઇંગ્લૅન્ડ જઈ આવેલા તેના આધારે 'ઇંગ્લૅન્ડની મુસાફરી'નું પુસ્તક પણ રચ્યું છે, અને તેમણે એ યુગમાં પ્રચલિત લોકભવાઈના વેશો પરથી 'ભવાઇસંગ્રહ'નું પણ સંપાદન કર્યું છે.

(ચાલુ)

પારિજાત (અનુસંધાન પૃષ્ઠ ૩૨૩થી) રાત બેસતાંની સાથે જ કેસરી દાંડલી અને પાંચથી છ શુભ્રવર્ણી પાંખડીઓવાળાં ચમેલી જેવાં નમણાં પુષ્પો રૂપે ખીલી ઊઠે છે. આખી રાત એના મધુર–મોહક પરિમલથી વાતાવરણ મહેકતું રહે છે. ઘર-આંગણે પારિજાત હોય તો શું પૂછવું! સૂર્યોદય થતાંથતાં તો બધાં પુષ્પો પૃથિવી પર પથરાઇ જાય છે ત્યારે પુષ્પોની એ બિછાત ખૂબ નયનરમ્ય લાગે છે. સામાન્ય રીતે પારિજાતનો પુષ્પકાળ સપ્ટેંબરથી નવેંબર સુધી હોય છે. પરન્તુ કેટલાક પ્રદેશોમાં આખું વર્ષ થોડાં થોડાં પુષ્પો ખીલતાં રહે છે. એપ્રિલ મહિનામાં એનાં બધાં પાન ખરી જાય છે. એની પુષ્પવૃંતિકા (દાંડલી) ને પાંખડીઓથી છૂટી પાડીને શ્વેત ચંદન સાથે ઘસવાથી મનોરમ નારંગી રંગનો સુવાસિત અને સંતર્પક લેપ તૈયાર થાય છે: તે દેવપૂજા વગેરે ધાર્મિક અનુષ્ઠાનો વખતે તિલક તરીકે લગાડવામાં આવે છે. કેસરિયા (નારંગી) દાંડલીને પાણીની કૂંડીમાં ચોળીને મહિલાઓ પોતાની સાડી રંગવા અને સુવાસિત કરવાનો પ્રયોગ કરતી એવા ઉલ્લેખો પણ પ્રાપ્ત છે. પુષ્પોમાંથી એક જાતનું ઉડ્ડયનશીલ તેલ નીકળે છે. દાંડલીના રંગથી બૌદ્ધસાધુઓ પોતાના પરિધાને રંગતા. ટસર–સિલ્કને રંગવામાં પણ એનો ઉપયોગ થાય છે. નમણા સૌંદર્ય અને મધુર સુવાસને લીધે પારિજાત પુષ્પ ભારતવર્ષમાં ખૂબ લોકપ્રિય થઈ ગયું છે. પુષ્પો ત્રણથી પાંચના ઝૂમખામાં હોય છે: પુષ્પો ખરી પડતાં ચપટાં, ગોળ પાવલી જેવાં ફળ બેસે છે. આવા એક સંપુટમાં બે બીજ હોય છે:

સામાન્યતયા આ બીજો વડે જ નવાં વૃક્ષ ઉગાડાય છે. સારી માવજતથી વૃક્ષો જલ્દી પાંગરે છે અને પુષ્પો આવતાં થઈ જાય છે.

ડૉ. વામન દેસાઈના મત પ્રમાણે પારિજાતનાં પાન પિત્તનાશક, જ્વરનાશક, કફહર, સારક અને ચર્મરોગ-નિવારક છે, અને સેન્ટોનીનની જેમ કૃમિહર છે. એનાં પાનનો ઉકાળો સાંધાના દુખાવા અને વાતરોગ ઉપર ખૂબ જ ઉપકારક નીવડ્યો છે. બાળકોના કૃમિરોગમાં એનાં પાનનો રસ સાકર સાથે આપવાથી કૃમિ મરીને બહાર નીકળી જાય છે. ખાંસી અને આમ–વાત–જ્વર માટે પણ એનાં પાન ઉપયોગી છે. બંગાલના વૈદ્યો જ્વરનાશક ઔષધિઓ સાથે એનાં પાનનો સ્વરસ અનુપાન તરીકે વાપરે છે. મદ્ય-પેય પદાર્થોને રંગવા માટે પારિજાતની દાંડલીનો ઉપયોગ પણ થાય છે. વૈદ્યશાસ્ત્રી બાપા શાસ્ત્રીના અનુભવ પ્રમાણે વારી વારીથી આવનાર તાવ માટે પારિજાતનાં પાન ઉત્તમ દવા છે. □

અનુસંધાન] **૬નો આંક** [પૃ. ૩૨૩ની

ષડ્ પ્રશ્ન– ચાર પુરુષાર્થો તથા લોકવ્યવહાર અને તત્ત્વજ્ઞાનમાં પ્રવીણ હોય તેને ષડ્પ્રશ્ન કહે:

धर्मार्थ–काम–मोक्षेषु लोक-तत्वार्थयोरपि।
षट्सु प्रश्ना तु यस्यासौ षट्प्रश्नः परिकीर्तितः॥

ષડ્ ભગ– ઇશ્વરના છ પ્રકારના ભગ (ઐશ્વર્ય): સમગ્ર ઐશ્વર્ય, સમગ્ર ધર્મ, સમગ્ર યશ, સમગ્ર શ્રી, સમગ્ર જ્ઞાન, સમગ્ર વૈરાગ્ય.

ષડ્ ભાવ– શરીરની છ અવસ્થાઓ: જન્મવું, હોવું, વધવું, વિપરિણામ પામવું, અપક્ષય થવો અને વિનાશ.

ષડ્-ભુજા– દુર્ગા

ષડ્ રસ– (છ પ્રકારના રસ)– મીઠો, ખારો, ખાટો, તીખો, કડવો, તૂરો.

ષડ્ રાગ–સંગીતશાસ્ત્ર પ્રમાણે છ મુખ્ય રાગ: ભૈરવ, મલ્હાર, શ્રીરાગ, હિન્દોલ, માલકોશ, દીપક.

भैरवः कौशिकश्चैव
हिन्दोलो दीपकस्तथा।
श्रीरागो मेघरागश्च
रागाः षडिति कीर्तिताः॥
भरताचार्य॥

ષડ્ રિપુ (ષડ્ વર્ગ)– મનુષ્યના છ આંતરિક શત્રુઓ: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર.

कामः क्रोधस्तथा लोभो–
मद-मोहौ च मत्सरः।

ષડ્ લિંગ– વેદાન્તશાસ્ત્રમાં શ્રુતિ આદિના તાત્પર્ય-નિર્ણય માટે ઉપયોગી છ સાધનો: ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, અપૂર્વતા, ફળ અને ઉપપત્તિ (અર્થવાદ).

ષડ્ સંપત્તિ– વેદાંતના અધિકારી માટે આવશ્યક છ ગુણો: શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન.

પુષ્પમાળા-૮

પારિજાત

લેખક - શંકરદેવ વિદ્યાલંકાર

परिमल सुरभित नभसो बहवः कनकाद्रि-परिसरे तरवः ।
तदपि सुमनसां चेतसि निवसितमिव पारिजातेन ॥

પરિમલથી આકાશને સુરભિત કરનારાં ઘણાં વૃક્ષો મેરુ પર્વતની હરાઈમાં વિલસે છે, પરન્તુ દેવતાઓના માનસમાં તો પારિજાત જ સદાને માટે વસી ગયું છે.

દેવતાઓના પુષ્પ તરીકે આખા ભારતવર્ષમાં જાણીતા અને મનભાવતા આ ફૂલની ફરતે અનેક દંતકથાઓ અને પુરાણકથાઓ સંકળાએલી છે. એના નામ અને ફૂલની લાક્ષણિકતાને લીધે પણ વિવિધ વાતો સંપર્ક ધરાવે છે.

એમ કહેવાય છે કે એની ઉત્પત્તિ સમુદ્રમાંથી થઈ છે. સંસ્કૃતમાં પારી એટલે સમુદ્ર. પારિષુ : સમુદ્રાત્ જાત : ઇતિ પારિજાત : ઉત્પત્તિ પછી એ દેવરાજ ઇન્દ્રની નંદનવાટિકામાં રોપવામાં આવ્યું. એની મનોરમ આકૃતિ અને મોહક સુવાસથી મુગ્ધ થઈને શચી ઇન્દ્રાણી પારિજાત પુષ્પોથી પોતાનો કેશશૃંગાર કરવા લાગી, તેથી સાહિત્યમાં એ દેવવૃક્ષ તરીકે જાણીતું થયું. એની સાથે નીચે જણાવેલાં પાંચ વૃક્ષો પણ દેવવૃક્ષો તરીકે જાણીતાં થયાં છે :

पंचैते देवतरवः मंदारः पारिजातकः ।
संतानः कल्पवृक्षश्च पुंसि वा हरिचन्दनम् ॥

દંતકથા એવી છે કે એક રાજાની કુંવરી સૂર્યદેવ સાથે પ્રેમમાં પડી, પરન્તુ સૂર્યદેવે એનો સ્વીકાર કર્યો નહિ. રાજકુંવરી આત્મહત્યા કરીને બળી મરી. એની ચિતાભસ્મમાંથી પારિજાત પ્રકટ થયું. સૂર્ય એમને ગમતો નથી-એટલે સૂર્યોદય થતાંથતાંમાં એનાં બધાં પુષ્પો ખરી પડે છે. અતિ મૃદુલ પારિજાત પુષ્પ સૂર્યની તીવ્ર દૃષ્ટિને સહન કરી શકતું નથી.

પુષ્પપ્રેમી પ્રાચ્ય વિદ્યા-પ્રેમી સર વિલિયમ જોન્સ (૧૭૪૬-૧૭૯૪) કહે છે: The Grey tree (for nothing sorrowful appears in its nature) spreads its rich odour to a considerable distance every evening.

પુરાણકથા પ્રમાણે નારદજી નંદનવાટિકામાંથી પારિજાત પુષ્પો લઈ આવ્યા અને શ્રીકૃષ્ણને અર્પણ કર્યા. એમણે એ પુષ્પો રુક્મિણીરાણીને કેશશૃંગાર માટે આપ્યાં. એ જોઈ બીજી રાણી સત્યભામા રુષ્ટ થઈને કોપભવનમાં ચાલ્યાં ગયાં. શ્રીકૃષ્ણ સત્યભામાને મનાવવા ગયા અને રીસનું કારણ પૂછ્યું. સત્યભામાએ કહ્યું. 'બસ, મારે માટે સ્વર્ગનું પારિજાત પુષ્પનું વૃક્ષ લઈ આવો. એને હું મારી વાટિકામાં રોપીશ. શ્રીકૃષ્ણ દેવરાજ ઇન્દ્ર પર ચડાઈ કરીને નંદનવાટિકામાંથી પારિજાતનું વૃક્ષ દ્વારકા લઈ આવ્યા. ત્યારથી આ દેવતરુનો પૃથિવી પર અવતાર થયો.

પારિજાતનું વૈજ્ઞાનિક નામ—**Nyctanthes Arbortristis.** સંસ્કૃતમાં પારિજાત, શેફાલિકા, મન્દાર, રાગપુષ્પી, શુક્લાંગી, ખરપત્રક, નાલ-કુંકુમ વગેરે નામ છે. હિન્દીમાં તેને પારિજાત, શેફાલિકા ને હરસિંગાર; મરાઠીમાં શેફાલિકા, ચિહલી, પારિજાતક; બંગાલીમાં શેફાલિકા, શિઉલી અને ઉર્દૂમાં ગુલે જાફરી કહે છે. અંગ્રેજીમાં Coral Jasmine, Night Jasmine, Tree of Sorrow તથા Indian Mourner નામે ઓળખવામાં આવે છે.

એ સિવાય 'Nyctanthesનો અર્થ થાય છે રાતનું ફૂલ', અને Arbortristisનો અર્થ થાય છે દુઃખનું ઝાડ–Tree Of Sorrow.



પારિજાતનાં વૃક્ષો હિમાલયની આખી તરાઈમાં આસામ સુધી વન્ય રૂપમાં પ્રભૂત માત્રામાં થાય છે. હરિદ્વાર પાસે શિવાલક પર્વતની ઘાટીમાં સહસ્રો નહિ અપિતુ, લાખોની સંખ્યામાં પારિજાતનાં વૃક્ષો પથરાએલાં છે. સપ્ટેંબરથી નવેંબર સુધી એનાં પુષ્પો પોતાના મોહક પરિમલથી સેંકડો માઈલ સુધી મહેકી ઊઠે છે ત્યારે એમ જ લાગે છે કે આપણે નન્દનવાટિકામાં ઊભા છીએ. ઉપરાંત ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, મધ્ય પ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ અને બ્રહ્મદેશ તથા શ્રી લંકાનાં ઉદ્યાનોમાં પણ પારિજાત વૃક્ષો શૉખથી ઉછેરવામાં આવે છે. ત્રણ હજાર ફીટની ઊંચાઈ સુધી પણ એ ઊગે છે.

ભારત સમસ્તમાં આ પુષ્પવૃક્ષ સેંકાઓથી જાણીતું અને પ્રિય રહ્યું છે. સંસ્કૃત સાહિત્યમાં અને બીજાં પ્રાંતીય સાહિત્યોમાં એનાં પ્રચુર વર્ણનો મળે છે. કવિ કુલગુરુ કાલિદાસ ઋતુસંહારમાં લખે છે :

शेफालिका-कुसुम-गंध-मनोहराणि
प्रोत्कण्ठयन्त्युपवनानि मनांसि पुंसाम् ॥

અર્થાત્ શેફાલિકાનાં પુષ્પના પરિમલથી ઉપવનો મહેકી ઊઠ્યાં છે અને સહૃદયોને આકૃષ્ટ કરી રહ્યાં છે.

કવિ રાજશેખર (નવમી શતી) પોતાની 'કાવ્યમીમાંસા'માં લખે છે :

उषःसु वचुराकृष्ट जडावश्याम-शीकराः ।
शेफाली-कलिका-कोश कषाया मोदिनोऽनिलाः ।

અર્થાત્-ઉષાકાલમાં ઝાકળથી શીતલ બનેલાં શેફાલિકાનાં પુષ્પોના સૌરભથી પ્રસન્ન-મધુર બનેલા પવનો વહેતા થયા. પુનઃ કવિરાજ શેખર એક સુંદર ઉપેક્ષામાં કહે છે–

त्वद्-विप्रयोग-किरणे स्तयोग्रैः दग्घास्मि कृत्स्नं दिवसं सवित्रा ।
इतीव दुःखं शशिने गदन्ती शेफालिका रोदति पुष्प-बाष्पैः ॥

અર્થાત્-પુષ્પાશ્રુઓથી રડતીરડતી શેફાલિકા ચંદ્રદેવને કહે છે, તમારાથી વિખૂટી પડેલી મને દિવસનો સૂર્ય પોતાના ઉગ્ર કિરણોથી દગ્ધ કરી દેશે.

પારિજાતનું ઝાડ ૧૦ થી ૩૦ ફૂટ સુધી ઊંચું વધે છે. નવી શાખાઓ ચતુષ્કોણ હોય છે. છાલ ખરબચડી અને ધૂસરાભ શ્વેત હોય છે. પાન સામસામાં, લંબગોળ, ત્રણથી ચાર ઇંચ લાંબાં, અને બેથી અઢી ઇંચ પહોળાં અણીદાર હોય છે. પાન ઉપરથી લીલાં અને નીચેથી શ્વેત આભાવાળાં રુંવાટીદાર અને ખરસટ હોય છે. (અનુસંધાન પૃ. ૩૨૨)

આપણી જીવનસંસ્કૃતિ અને ૬ નો આંકડો

લેખક : શંકરદેવ વિદ્યાલંકાર

આપણાં સાહિત્ય, સંસ્કૃતિ અને જીવનવ્યવહારમાં વિવિધ આંકડા જુદીજુદી રીતે સંકળાએલા છે. ધાર્મિક અનુષ્ઠાનો, સાહિત્યરચના, સામાજિક કાર્યો, કર્મકાંડ, શાસ્ત્રો વગેરેમાં અન્ય શબ્દો સાથે સમાસરૂપે જોડાઇને આ આંકડાઓએ પ્રબોધક અને મનોરંજક અર્થવિસ્તાર દ્વારા આપણી ભાષાકીય અને વ્યાવહારિક સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે. ગયા વર્ષે પાંચના આંકડાનો આખો 'પ્રપંચ' (વિસ્તાર) જોયા પછી આ વર્ષે છનો આંકડો જોઇએ. સારસ્વત-વિનોદ માટે એ ઉપયોગી અને આનંદ-પ્રદ થશે.

ષડંગ

(૧) શરીરનાં છ અંગોને સામૂહિક રીતે કહેવાં હોય તો તે ષડંગ કહેવાય યથા—બે પગ, બે બાહુ, શિર અને શરીરનો મધ્ય ભાગ:

जंघे बाहू शिरो मध्यम् । षडंगमिद मुच्यते ॥

(૨) વેદવિદ્યાના અધ્યયન માટે આવશ્યક છ વિદ્યાઓ એટલે વેદાંગ: યથા—શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છન્દઃશાસ્ત્ર.

शिक्षा कल्पो व्याकरणं निरुक्तंछन्दसां चितिः।
ज्योतिषामयनं चेति षडंगावेद उच्यते ॥

(૩) ગાયની છ વસ્તુઓ: ગોમૂત્ર, ગોબર, દૂધ, ઘી, દહીં અને ગોરોચન.

गोमूत्रं गोमयं क्षीरम् सर्पिः दधि च रोचना ।
षडंगमेतद् मांगल्यं पठितं सर्वदा गवाम् ॥

ષડ્અગ્નિ – કર્મકાંડ સંબંધી છ અગ્નિઓ: (૧) ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણાગ્નિ, સભાગ્નિ, આવસથ્ય, ઔપાસનાગ્નિ.

(૨) ધૂમાગ્નિ, મંદાગ્નિ, દીપાગ્નિ, મધ્યમાગ્નિ, ખરાગ્નિ, મંત્રાગ્નિ.

ષટ્ અભિચાર – તંત્રશાસ્ત્ર પ્રમાણે છ પ્રકારના અભિચારો: (૧) મારણ, મોહન, સ્તંભન, વિદ્વેષણ, ઉચ્ચાટન અને વશીકરણ. (૨) શાંતિ, વશીકરણ, સ્તંભન, વિદ્વેષ, ઉચ્ચાટન, મારણ, (જાદુવિદ્યા પ્રમાણે)

ષટ્ ઇતિ – ખેડૂત પર આવી પડતી છ પ્રકારની પ્રાકૃતિક અને ભૌતિક આપત્તિઓ: અતિવૃષ્ટિ, ઉંદરોનો ત્રાસ, તીડનાં આક્રમણ, પોપટ વગેરે પંખીઓનો ઉપદ્રવ અને આજુબાજુના રાજાઓ તરફથી થતો ત્રાસ:

अतिवृष्टिः अनावृष्टिः मूषिकाः शलभाः शुकाः।
प्रत्यासन्नाश्च राजानः षडेताः ईतयः स्मृताः ॥

ષટ્ ઊર્મિ – જીવનની છ પ્રવૃત્તિઓ: ક્ષુધા, પિપાસા, જન્મ, મરણ, શોક, મોહ.

ષટ્ ઉષ્ણ – આયુર્વેદ પ્રમાણે છ પ્રકારનાં ગરમ વસાણાં: પીપર, ગંઠોડા, ચવક, ચિત્રક, સૂંઠ અને કાળાં મરી.

पिप्पली, पिप्पलीमूलम् चव्य-चित्रक-नागरम्।
पंचकोलमिदं प्राहुः पंचोषणमथा परे।
पंचकोलं समरिचं षडूषणमुदाहृतम् ॥

ષટ્ ઋતુ – વસન્ત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમન્ત, શિશિર

ષટ્ કર્મ – (૧) બ્રાહ્મણનાં છ કર્મો: ભણવું, ભણાવવું, યજ્ઞ કરવો, યજ્ઞો કરાવવા, દાન કરવું અને દાન લેવું:

अध्यापनमध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहश्चैव षट् कर्माण्यग्रजन्मनः ॥
मनुस्मृति ॥

(૨) જે બ્રાહ્મણો ગોરપદું કે કર્મકાંડ વગેરે નથી કરતા અને આજીવિકા માટે સ્વાધીન રહેવા ઇચ્છતા હોય તે માટેનાં છ કર્મો આ પ્રમાણે છે: ખેતરોમાંથી અનાજ વીણવું, દાન લેવું, ભિક્ષા, વાણિજ્ય, પશુપાલન અને ખેતીવાડી.

उञ्छः प्रतिग्रहो भिक्षा वाणिज्यं पशुपालनम् ।
कृषिकर्म तथा चेति-षट्कर्माण्यग्रजन्मनः ॥

(૩) શ્રાવકે કરવાનાં છ કર્મ – દેવપૂજન, ગુરુભક્તિ, શાસ્ત્રવાચન, સંયમ, તપ ને દાન.

(૪) હઠયોગ પ્રમાણે કરવાની છ યૌગિક ક્રિયાઓ:

धौतिर्वस्ती तथा नेती नौलिकी त्राटकस्तथा।
कपाल-भातिश्चैताति षट्-कर्माणि समाचरेत् ॥

(૫) મિત્રનાં ષટ્ કર્મ: આપવું, લેવું, ગુપ્ત વાત કહેવી, ગુપ્ત વાત પૂછવી, ભોજન કરવું અને ભોજન કરાવવું.

ददाति प्रतिगृह्णाति गुह्यमाख्याति पृच्छति।
भुंक्ते भोजयते नित्यं षड्विधं प्रीति-लक्षणम् ॥
पंचतंत्र ॥

ષટ્-કર્મવિદ્ – વેદ-વેદાંગના જ્ઞાતા બ્રાહ્મણને શ્રોત્રિયનું વિશેષણ અપાય છે:

एकां शाखां सकल्पां वा
षड्भिरंगैरधीत्य च ।
षट्-कर्म-निरतो विप्रः
श्रोत्रियो नाम धर्मवित् ॥

ષડ્ગુણ – (૧) ઈશ્વરના છ ગુણો: ધર્મ, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય.

(૨) રાજનીતિ પ્રમાણે યોગ્ય સમયે રાજાએ આચરવાનાં કાર્યો: સંધિ, વિગ્રહ, યાન, આસન, સંશ્રય, દ્વૈધીભાવ.

ષટ્ ગયા – ગયા, ગયાસુર, ગાયત્રી, ગયાગજ, ગયાદિત્ય, ગદાધર એ બધા મુક્તિદાયક મનાય છે:

गया-गजो, गयादित्यो गायत्री च गदाधरः ।
गया, गयासुरश्चैव षड्-गया मुक्तिदायकाः ॥

ષટ્ ચક્ર – (૧) યોગશાસ્ત્ર પ્રમાણે શરીરનાં છ રહસ્ય-મય ચક્રો. (૧) મૂલાધાર, અધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર; (૨) મૂળાધાર, લિંગ, નાભિ, હૃદય, કંઠ અને મૂર્ધા:

ષટ્ તિલા – પોષ વદ અગિયારસ 'ષટ્-તિલા એકાદશી' કહેવાય છે. તે દિવસે તેલમાલિશ, તૈલસ્નાન, તિલહોમ, તલ દાન, તલ-ભોજન અને તલની વાવણી કરવી જોઈએ: આ બધું કરનાર ષટ્તિલી વ્યક્તિને કોઈ દુઃખ આવતું નથી.

तिलोद्वर्ती तिलस्नायी
तिलहोमी तिलप्रदः ।
तिलभुक् तिलवापी च
षट्तिली नाव सीदति ॥

ષટ્-દર્શન (ષટ્ શાસ્ત્ર) – વેદોનાં છ ઉપાંગ: સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાન્ત દર્શન

ષટ્ દુર્ગ – છ પ્રકારના કિલ્લાઓ:

धन्वदुर्गं महीदर्गम्
गिरि-दुर्गं तथैव च ।
मनुष्य-दुर्गं मृद-दुर्गम्
वनदुर्गमिति क्रमात् ॥

ષડ્ ધૂપ – ખાંડ, ગોઘૃત, મધ, ગૂગળ, અગરુ કાષ્ઠ અને શ્વેત ચંદનના મિશ્રણથી બત્તી જેવો બનાવેલો ધૂપ.

(અનુસંધાન પૃ. ૩૨૨)

આવાર્તા


'આચાર્ય'ની વ્યંગચિત્રકલા

'આચાર્ય'ની સહીથી 'જનસત્તા'માં 'આચાર્યની આજકાલ'ની કટાક્ષચિત્રમાળા તથા 'નૂતન ગુજરાત'માં 'આનંદમેળો'—હાસ્ય વિભાગના સંપાદનથી જાણીતા ડૉ. ઈન્દ્રદેવ આચાર્યની કટાક્ષકળાથી ગુજરાતી વાચકો સુપરિચિત છે. આમ તો તેઓ એક મોટી કંપનીમાં આર્થિક પ્રશ્નોના સલાહકાર છે, અને 'કાર્ટૂન' ચીતરવાં તથા હાસ્યલેખો લખવા એ એમનો વ્યાસંગ છે. છેલ્લા બે દાયકાથી એમણે પોતાના આ શોખના વિષયમાં પણ આગવી સિદ્ધિ દાખવી છે. કૅનૅડા, ગ્રીસ, ઈટાલી, યુગોસ્લાવિયામાં પણ એમનાં વ્યંગચિત્રો પ્રદર્શિત અને પ્રકટ થયાં છે. અગાઉ 'કુમાર'માં એમની કટાક્ષકળાની વાનગી સાથે એમનો વિસ્તૃત પરિચય પ્રકટ થઈ ચૂક્યો છે. એ વખતે એમના વિષે લખતાં 'રંગલા' જયંતી પટેલે કહેલું; '...સર્જનજૂની માનવ નબળાઈઓ અને બેવકૂફીને દિનપ્રતિદિન આકાર આપતાં આચાર્યનાં વ્યંગચિત્રોમાં રહેલી સૂક્ષ્મ ચિંતનની ઝલક પામનારને, એ માનવક્ષતિઓ પ્રત્યેની અનુકંપાભરી સહાનુભૂતિનાં જ દર્શન થશે. સુંદરતાનો સ્વાંગ સજીને આવતી કુરૂપતાને, શિષ્ટતાના આવરણ હેઠળ મહાલતી મલિનતાને, સાધુતાનો અંચળો ઓઢી સમાજમાં ફરતી દુષ્ટતાને આચાર્યની પીંછી સત્ય સ્વરૂપમાં ઉઘાડી પાડી દે છે. એમનાં વ્યંગચિત્રો સમાજનાં સાર્વત્રિક પ્રવૃત્તિમાં પ્રવેશેલાં દર્દની ચિકિત્સા કરીને આપણને આપણી માનસિક તંદુરસ્તી બક્ષે છે...એમની કૃતિઓ અમેરિકાના સમર્થ કલમબાજ સ્વ. થર્બરનું સ્મરણ કરાવે છે.'

આ જ રીતે સ્વ. કલાગુરુ રવિશંકર રાવળે પણ એમના અભિગમને બિરદાવતાં લખેલું: '...સત્કાર્મોના ધખારા, યોજનાઓના ગબારા, રાજકારણની રંગતો, સરકારની બનાવટો, અમદાવાદી લાક્ષણિકતા, ઘરસંસારનાં ઘમસાણો વગેરે જેવાં માનવજીવનના ખૂણેખૂણાનાં દશ્યોમાંથી એમની ચબરાક નજર વ્યંગચિત્રોનો 'ટબ્કો' પકડી લે છે, માનવીની મામૂલી જીવનલીલામાંથી ખરી વાત ઉઘાડી પાડી દે છે.'

ગયા જુલાઈમાં મુંબઈમાં એમની આ બે દાયકાની હાસ્યરસ સેવાને બિરદાવી એમનું સમ્માન કરવામાં આવ્યું હતું. એ પ્રસંગે 'હસાહસ' માસિકે એમની હાસ્યપ્રવૃત્તિઓનો પરિચય આપતો હાસ્યાંક પ્રકટ કર્યો હતો, જેમાં એમના પરિચય સાથે એમના આ વ્યાસંગ-પ્રવૃત્તિ વિષેનાં પ્રશસ્તિવચનો ઉપરાંત એમનાં લેખન તથા સંખ્યાબંધ વ્યંગચિત્રોના નમૂના પ્રકટ કર્યા છે. એમાંથી વાનગીરૂપ આપેલાં આ થોડાં વ્યંગચિત્રો એમની આલેખનક્ષમતા તથા એમના વિષયવ્યાપનો ખયાલ આપવા સાથે ફરી એક વાર મર્માળી ગમ્મત આપશે.





△ કૅનેડામાં યોજાએલા 'સ્વ. નેહરુ' વિષેના આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં વર્ષના શ્રેષ્ઠ કાર્ટૂનોમાંના એકની ગણના પામેલી 'આચાર્ય'ની કૃતિ. (જમણી બાજુ) આધુનિક કલા પરનો કટાક્ષ. નીચે : આજનાં વહીવટ-ચાતુર્યનું દર્શન.



ફરિયાદ-પેટી



ફાઈલનો નિકાલ



હાસ્યરસમાં તરબોળ



માપસર બન્યું છે ને ?



ગરમીનો ઉકેલ



'કહું છું, ટૂથપેસ્ટ લીધું' ને ?'



△ પ્રાઇવેટ સેક્રેટરી]



'આપકો પાંચ નંબરકી બસમેં જાના હૈ, ઔર મુઝે એક નંબરકી બસમેં.
યહ પંદરા નંબરકી બસ આઈ, ચલો સાથમેં ચલે.'



[ધર્મ-અધર્મ △



'હવે ફરિયાદોની ચિંતા નહિ, આ ભાઈ બહેરા છે.'





રમતોત્સવ લોકશાહીમાં......અને......સરમુખત્યારશાહીમાં

ઘર, દફ્તર, બજાર કે જાહેર સ્થાન યા રાજકારણ, કોઈ પણ ક્ષેત્રમાંથી વિષય લઈને કટુ થયા વિના આચાર્ય તેના પર વ્યંગ કરે છે.

સાહિત્યસંપર્ક

બે મહાનિબંધ

ધીરુ પરીખ

યુનિવર્સિટી શિક્ષણનો વ્યાપ વધ્યો છે ત્યારે એના એક આનુષંગિક ફળરૂપે પીએચ. ડી.ના વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. આ ક્ષેત્રમાં તૈયાર થતા મહાનિબંધો સર્વથા ઉત્તમ કક્ષાના જ હોય એવું બનતું નથી. વળી, જે મહાનિબંધો તૈયાર થાય છે તેમાંથી કેટલાક પ્રકટ પણ થાય છે, અને એમાં ઉચ્ચ-નિમ્ન સ્તરનો ભેદ જોવા મળે છે. જે અપ્રકટ રહે છે તેના વિષે ય લાભહાનિ બંનેની શક્યતાઓ છે. સામાન્ય ઉપાધિવાંછુ વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા મહાનિબંધો પ્રકટ ના થાય તો એમાં સરવાળે નુકસાન નથી, પણ આર્થિક ને અન્ય અવરોધોને કારણે સારા મહાનિબંધો માત્ર યુનિવર્સિટીનાં ગ્રંથાલયોમાં જ ધૂળ ખાતા પડયા રહે તે વિદ્યાજગતને ઓછું નુકસાન નથી. આ પરિસ્થિતિમાં પ્રકટ થએલા નીચેના બે મહાનિબંધો આવકાર્ય છે.

કવિ નાનાલાલની કવિતામાં માનવજીવન દર્શન : આ મહાનિબંધ ડૉ. ધનવંતભાઈ શાહે મૂર્ધન્ય વિદ્વાન શ્રી રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન હેઠળ મુંબાઈ યુનિવર્સિટીની પીએચ.ડી.ની ઉપાધિ માટે તૈયાર કર્યો હતો તે હવે પ્રકટ થાય છે ત્યારે નાનાલાલ વિષેની અભ્યાસસામગ્રીમાં એક અગત્યના ગ્રંથનો ઉમેરો થાય છે. આ મહાનિબંધને કુલ તેર પ્રકરણોમાં વહેંચ્યો છે અને ચાર પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે. પ્રથમ પ્રકરણમાં નહાનાલાલનાં જીવનઘડતર અને કવિકર્મની સાધાર ચર્ચા કરવામાં આવી છે. ત્યાર પછીનાં પ્રકરણોમાં કવિવરની કૃતિઓમાં પ્રતીત થતા જીવનચિંતનને વિષયવાર વહેંચી સોદાહરણ ચર્ચા કરવામાં આવી છે. પ્રણયની વિશાળ ભાવના, લગ્ન-દામ્પત્ય, નારીજીવન, સનાતન કુલયજ્ઞ, જગત-જીવન, સંસાર-સંસારી, માનવ, આર્યત્વ, સંજીવની વસંત વગેરે વિષયોને આ પ્રકરણોમાં આવરી લેવાયા છે. પ્રકરણ અગિયારમું ‘કવિ-કવિતા’ વિષેનું છે, જેમાં નાનાલાલની કાવ્યવિભાવના વિષે તેમના સર્જનમાંનાં ઉદાહરણ સહિત ચર્ચા કરાએલી છે. બીજી રીતે કહેવું હોય તો આ પ્રકરણ જ આ મહાનિબંધની આધારશિલા છે. નાનાલાલે જે રીતે જીવનલક્ષી કલાવિભાવના સ્વીકારી ને પ્રયોજી હતી તે રીતે જ તેમના સાહિત્યને મૂલવવાનો આગ્રહ એ વિષયપ્રતિજ્ઞાનો આ પ્રકરણ પુરાવો છે. બારમા પ્રકરણમાં ‘આંતર સંવેદનનાં સ્રોત’ જેવા શીર્ષક નીચે લેખકે કવિવરની વિવિધ સંવેદનાઓને અનેક ઉદાહરણોથી ચકાસી છે ને પોતાનો નિષ્કર્ષ પણ આપ્યો છે. પરિશિષ્ટોમાં નાનાલાલની કૃતિઓ અને એમના પરના સંદર્ભગ્રંથોની પૂરી યાદી આપી છે, જે અભ્યાસીઓને ઉપયોગી છે.

સમગ્ર ગ્રંથમાં લેખકનો હેતુ સ્પષ્ટ છે કે એમણે શુદ્ધ કલાદૃષ્ટિએ નાનાલાલનું સર્જન તપાસવાનો અહીં ઉપક્રમ રાખ્યો નથી, પરંતુ એમના સર્જનરાશિમાંથી ઊપસતાં જીવનચિંતનને તારવવાનો અને તપાસવાનો બીજા છેડાનો અભિગમ રાખ્યો છે. કોઈ પણ માતબર સર્જકના સર્જનમાં એના દર્શનનું અવિનાભાવિ મહત્ત્વ હોય છે. અલબત્ત, એ કલાનિર્મિતિનો આનંદ આપે છે પ્રથમ, પણ પછી દર્શનાનંદની ભૂમિકાએ પણ ઊંચકી જાય છે. પરંતુ આ પ્રકારની અભ્યાસમૂલક પ્રવૃત્તિમાં કલા ને દર્શનને આમ જુદાં તારવવામાં જોખમ હોવાનો ભય સેવવાની વૃત્તિ રાખવાની જરૂર નથી. આ અભ્યાસવૃત્તિને એના હેતુની દૃષ્ટિએ જ તપાસવા-માણવાની વૃત્તિ સેવવામાં લેખક-ગ્રંથનાયક-ભાવકને ન્યાય થાય તેમ હોય છે. ધનવંતભાઈની આ ફલશ્રુતી સર્જનાનુસ્યૂત નાનાલાલની દર્શકપ્રતિભાને માણવાનો સારો લાભ આપે છે. (મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.; પાકું પૂઠું, પૃ. ૪૭૦, રૂ. ૩૮.)

સુરેશ જોષીથી સુરેશ જોષી : ડૉ. સુમન શાહનો આ મહાનિબંધ પ્રો. મોહનભાઈ પટેલના માર્ગદર્શન નીચે ગુજરાત વિદ્યાપીઠની ‘વિદ્યાવાચસ્પતિ’ની ઉપાધિ માટે તૈયાર થયો હતો. ઈ. ૧૯૫૫ પછીથી દાયકો-દોઢ દાયકો શ્રી સુરેશ જોષીની સર્જન-વિવેચન પ્રવૃત્તિએ નવા-જૂના સહુનું ઠીકઠીક ધ્યાન ખેંચ્યું હતું. આ મહાનિબંધમાં સર્જક-વિવેચક સુરેશભાઈની સાહિત્યિક પ્રતિભા ને પરિણામોનો તલસ્પર્શી અભ્યાસ આપવામાં ડૉ. સુમન શાહની પરિશ્રમ-પ્રવૃત્તિ લેખે લાગી જણાશે. સમગ્ર ગ્રંથને મુખ્ય ત્રણ પ્રકરણમાં વહેંચી નાખવામાં આવ્યો છે. પ્રથમ પ્રકરણમાં સર્જક સુરેશભાઈની પ્રવૃત્તિને નવલિકા, નવલકથા, કવિતા અને નિબંધના સંદર્ભમાં તપાસી છે. આ પ્રકરણનો સૂર એ છે કે પ્રસ્તુત સાહિત્ય સ્વરૂપોમાં શુદ્ધ કલાનિર્મિતિના આગ્રહથી સુરેશભાઈ સર્જન-પ્રવૃત્ત રહ્યા છે. તો બીજું પ્રકરણ એમની વિવેચન પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખીને લખાયું છે. આ પ્રકરણમાં સુરેશભાઈની કવિતા, નવલિકા, નવલકથા વગેરે સ્વરૂપોની વિવેચના ને સૈદ્ધાન્તિક વિવેચનોની તપાસ કરવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં ઉક્ત બન્ને પાસાં સિવાયની સુરેશભાઈની પૂરક પ્રવૃત્તિઓનો અભ્યાસ રજૂ થયો છે તો સમકાલીન સર્જક-વિવેચક પેઢી પર એમની પ્રવૃત્તિના પ્રભાવની પણ વિગતે વાત કરવામાં આવી છે.

ડૉ. સુમન શાહની લખાવટમાં પોતાના મતને તર્કબદ્ધતાથી રજૂ કરવાની ફાવટ છે એટલું જ નહિ, પણ એમાં આત્મપ્રતીતિ પ્રેરિત અહમનો અવાજ પણ તારસ્વરે સંભળાય છે.

શબ્દકથા : જવ, જવારા

સંસ્કૃત **यव**, પ્રાકૃત **जव** ઉપરથી ગુજરાતી જવ, હિંદી **जौ** વગેરે થયા છે. **यव**નો મૂળ અર્થ સામાન્યપણે ‘અનાજ’ હોવાનું જણાય છે. અવેસ્તાઇ તેમ જ અન્ય કેટલીક ભાષાઓમાં **यव** અનાજનો વાચક છે. પછીથી વિશેષ પ્રકારના અનાજનો અર્થ વિકસ્યો—જેમ સંસ્કૃત **धान्य** ‘અનાજ’ એવા અર્થમાંથી હિંદી **धान** ‘ડાંગર’ એવો વિશિષ્ટ અર્થ વિકસ્યો; અથવા તો જે રીતે અમેરિકામાં સામાન્યપણે ‘અનાજ’ અર્થનો વાચક કૉર્ન વિશિષ્ટપણે ‘મકાઇ’ એવા અર્થમાં રૂઢ થયો; અથવા સંસ્કૃત **भक्त**ના ‘રાંધેલું ધાન્ય’ અર્થમાંથી પછીથી ‘રાંધેલા ચોખા’ એવો અર્થ વિકસ્યો અને પ્રાકૃત **मत्त** તથા ગુજરાતી ભાતમાં તે જળવાયો પણ છે. (પણ ભાત નપુંસકલિંગમાં ‘ભોજન’ અર્થ જળવાયો છે.)

जवारा ‘જવ, ઘઉં વગેરેના તાજા અંકુર’ એવા અર્થમાં બહુવચનમાં જ વપરાય છે. અમુક અમુક વ્રત કે માંગલિક પ્રસંગે ઘરે કૂંડામાં જવારા વાવવાની પ્રથા છે. નેપાળીમાં जडंडा એટલે ચાર માસના જવારા, જેની ડાળખી દશેરાને દિવસ માથા પર ધારણ કરવાની પ્રથા છે. जउंडा શબ્દના મૂળ તરીકે ટર્નરે **यववृन्त** શબ્દ આપ્યો છે તે તો બરાબર છે, પણ जवारा માટે **यवाकार** (‘જવના જેવા આકારનું’) એવા મૂળની કલ્પના કરી છે તે પ્રતીતિકર નથી. પ્રાકૃત जवरय શબ્દ ‘જવારા’ના અર્થમાં હેમચંદ્રાચાર્યે નોંધ્યો છે, તે પણ આના સમર્થનમાં ટાંકી શકાય. जवारानु મૂળ અત્યારે તો અસ્પષ્ટ જણાય છે.

હરિવલ્લભ ભાયાણી

શાસ્ત્રીય અભ્યાસની રીતિએ એમણે અહીં પ્રત્યેક મુદ્દાની સાધક-બાધક ચર્ચા કરી તટસ્થતા જાળવવાનો પુરુષાર્થ કર્યો છે. સુરેશભાઈ એમના ગુરુ છે, પણ અંધ ગુરુભક્તિથી અહીં એઓ મુક્ત રહ્યા છે; તો આ[illegible]પ્રેરિત અપ્રસ્તુત ગુરુનિર્ભર્ત્સનાથી પણ દૂર રહ્યા છે એ આ મહાનિબંધના અને એ નાતે વાચકના લાભની વાત છે. સુમનભાઈએ પોતાના મુદ્દાના પક્ષ-વિપક્ષમાં અન્ય લેખકોનાં અવતરણો પણ વચ્ચે-વચ્ચે ગૂંથી લઈ એ આખા સમયગાળાનો સંદર્ભ રચી આપ્યો છે. જોકે એમ લાગ્યા વગર રહેતું નથી કે જો આ અવતરણોની ભીડ અને કેટલીક આડવાતો થોડી ઓછી થઈ હોત તો ગ્રંથના ફુલાવાને થોડું લાભદાયક નુકસાન થાત. પોતાના જ સમયના એક ઊહાપોહ જગાડનાર સર્જકનો આ રીતે અભ્યાસ કરવો એ મોટું સાહસ છે, તે લખ્યા પછી પાર પાડયાનો લેખકને ને વાંચ્યા પછી પાર પડયાનો આપણને આનંદ થશે એ નિઃશંક હકીકત અત્રે ઉલ્લેખવી રહી. આધુનિક સાહિત્યના સર્જકો વિશે આમ ઝીણવટ અને ખંતથી લખવાનો અન્યને પણ ઉત્સાહ જાગશે તો તે આનું આનંદદાયક આનુષંગિક ફળ હશે. ગ્રંથની સુઘડ છપાઈ અને સુરેશભાઈની આર્ટ પેપર પર રજૂ થએલી વિવિધ છબીઓ પણ આ ગ્રંથની મનોહારિતામાં ઉમેરો કરે છે. (પ્રકા. કુમકુમ પ્રકાશન, મામુનાયકની પોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ. પાકું પૂઠું, પૃ. ૬૯૮, રૂ ૬૦.) □

નવાં પ્રકાશનો

વોરા ઍન્ડ કંપની
ગાંધી ચેમ્બર્સ • ગાંધી રોડ • અમદાવાદ-૧

સમયરંગ : છેલ્લા થોડા વખતથી મુંબઈની સંસ્થા ચીમનલાલ લિટરરી ટ્રસ્ટે નોંધપાત્ર પુસ્તકોનું પ્રકાશન હાથ ધર્યું છે તેમાં પ્રસ્તુત ગ્રંથ આવકાર્ય ઉમેરો કરે છે. જાણીતા કવિ-વિવેચક શ્રી ઉમાશંકર જોશીએ ઈ. ૧૯૪૭માં શરૂ કરેલા પોતાના માસિક 'સંસ્કૃતિ'માં ચાલુ બનાવો ઉપર 'સમયરંગ' શીર્ષકથી નોંધો આપવી શરૂ કરેલી તેમાંથી ઈ. ૧૯૭૮ સુધીના સમયગાળાની એમણે પસંદ કરેલી સામગ્રી અહીં સંગૃહીત થઈ છે. આ લઘુ લેખોમાં રાજકારણ, સાહિત્ય, સમાજ વગેરે ક્ષેત્રોની મહત્ત્વની ઘટનાઓ પરના લેખકના તત્કાલીન પ્રતિભાવો સ્વચ્છ અને તર્કબદ્ધ ગદ્યમાં રજૂ થયા છે. વિષયનો વ્યાપ, તેની સમ્યક્ છણાવટ અને નિર્ભીક મંતવ્યની રજૂઆત કર્તાની બહુશ્રુતતા અને દૃઢ મતિની પ્રતીતિ તો કરાવે જ છે, પણ સાથેસાથે સ્વતંત્ર ભારતના ત્રણ દાયકા-
૩૧૮ ('કુમાર' અંક ૬૭૦)
ની તાસીરનો દસ્તાવેજી પુરાવો પણ બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૪૮૮, રૂ. ૪૦.)

ચિન-કુશન : પ્રસ્તુત પ્રકાશન સંસ્થા તરફથી પ્રકટ થએલા સુરેશ દલાલના આ પ્રથમ વાર્તાસંગ્રહમાં ઈ. ૧૯૬૨થી ૧૯૭૭ દરમિયાન લખાએલી બાર 'ટૂંકી' વાર્તાઓ સંગૃહીત થઈ છે જેમાંનું વાતાવરણ નગરનું છે. 'સુજાતા' જેવી ખાસ કોઈ ઘટના વગરની કે '—અને હું જીવું છું' જેવી ઘટનાપ્રધાન વાર્તાઓ અહીં એ સૂચવી જાય છે કે લેખકને પરંપરાનો છોછ કે આધુનિકતાનો વ્યામોહ નથી. જે કંઈ સંવેદ્યું છે તેને સ્થૂળ કે સૂક્ષ્મ ઘટનાના સ્તરે ઘાટ આપવાનો આ વાર્તાઓમાં પ્રયાસ છે. એમાંના સંવેદનનું ઊંડાણ હૃદયસ્પર્શી છે તો શૈલીની કાવ્યાત્મકતા હૃદયંગમ છે. (પાકું, પૃ. ૬૮, રૂ. ૧૦.)

વિજ્ઞાનસુધા : ચોક્કસપણે સ્વીકારાઈ ચૂકેલા આ વિજ્ઞાનયુગમાં સામાન્યજનને પણ વિજ્ઞાનનાં ક્ષેત્રોની નવાજૂની જાણવાની ઇંતેજારી રહે તે હવે સ્વાભાવિક ઘટના છે. પરંતુ આ જિજ્ઞાસાને સંતર્પે એવા વિજ્ઞાન વિષયક લેખોના સંગ્રહનું પ્રકાશન એ એટલી સ્વાભાવિક ઘટના હજુ નથી ત્યારે આ પ્રકાશન સહુ વિજ્ઞાનરસિયાઓને અવશ્ય ગમશે એ એમાંના વિષયોનું વૈવિધ્ય અને પ્રવાહી રોચક લખાવટ પુરવાર કરી આપે છે. શ્રી મનુભાઈ મહેતાએ 'જન્મભૂમિ' દૈનિકમાં પ્રાચીન વિજ્ઞાનીઓ અને વિજ્ઞાન, પશ્ચિમના પ્રાચીન-અર્વાચીન વિજ્ઞાનીઓ, ભૂમિવિજ્ઞાન, પ્રદૂષણ વિજ્ઞાન, બ્રહ્માંડ-ખગોળ-અવકાશ ઉડ્ડયન, જીવશાસ્ત્ર વગેરે વિષયો પર લખેલા લેખોમાંથી પસંદ કરેલા અને યથાવશ્યકતા સુધારા-વધારા કરેલા લેખો ઉપરાંત થોડા નવા લેખો પણ અહીં સંગૃહીત થયા છે. (પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૨૦.)

વિનોદની નજરે : આ માસિકમાં ઈ. સ. ૧૯૭૬થી શરૂ થએલી શ્રી વિનોદ ભટ્ટની વિનોદલક્ષી રેખાચિત્રની શ્રેણીએ વાચકોમાં સારું આકર્ષણ જમાવેલું તેની પ્રતીતિ એ જ શ્રેણી હજુ આ માસિકમાં પૂરી થાય ત્યાં જ આમ પુસ્તકાકારે બહાર પડે છે તેમાં છે. અહીં રજૂ થએલાં રેખાચિત્રો મોટે ભાગે સાહિત્યક્ષેત્રની જાણીતી યુવાન-પ્રૌઢ વ્યક્તિઓનાં છે, અલબત્ત, એ રેખાચિત્રની સામગ્રીમાં જે તે વ્યક્તિના પ્રસંગો કે તે પ્રસંગોની લેખકની જાણકારી વિવિધ મર્યાદા ઊભી કરે એ કહ્યા વગર પણ સ્વીકારાય તેવી હકીકત સાથે શૈલીની રોચકતા આ ચિત્રોને સજીવ અને સરસ બનાવે છે તે હકીકત કહેવા જેવી અવશ્ય છે. વ્યક્તિત્વનું ગૌરવ ક્યાંય ગોબાય નહિ તેમ જે તે વ્યક્તિની મર્યાદાઓને હળવી રીતે કેમ રજૂ કરી શકાય એનું પણ દૃષ્ટાંત આ અક્ષરછબિઓમાં મળી રહે છે, અને એ રીતે આપણા હાસ્યરસના સાહિત્યમાં નોખી ભાત પાડી જાય છે. (પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૮.)

યોગપથ : એક તરફથી જેમ વિજ્ઞાનપથનું આકર્ષણ આ સદીને છે તેમ બીજી તરફથી 'યોગપથ'નું ય આકર્ષણ વધતું જાય છે, એ વર્તમાનપત્રો અને સામયિકોમાં પ્રકટ થતાં તદ્‌વિષયક લખાણોથી પુરવાર કરી શકાય તેમ છે. શ્રી મકરન્દ દવેને સૌ કવિ તરીકે પિછાણે છે, પણ ઓછાં જણ એમને મરમી સાધક તરીકે પહેચાને છે. આવા સાચા મરમીની કલમે 'જનશક્તિ' દૈનિકમાં 'યોગપથ' શીર્ષક નીચે પ્રગટ થએલાં લખાણો અહીં તે પથની ભૂમિકાથી સિદ્ધિ સુધીની સ્વાનુભવમૂલક સામગ્રી પૂરી પાડે છે, અને તે પણ સરળ શૈલીમાં, ત્યારે તે વિષયના જિજ્ઞાસુઓને ખૂબ જ ઉપયોગી ને શ્રદ્ધેય વાચન સામગ્રી આમાંથી પ્રાપ્ત થઈ રહેશે એ નિઃશંક છે. (પાકું, પૃ. ૧૪૮, રૂ. ૧૦.)

આશ્રમ ભજનોનો સ્વાધ્યાય : ગાંધીજીના અંતેવાસી કુટુંબીજન શ્રી પ્રભુદાસ ગાંધીએ આ પુસ્તકમાં સત્યાગ્રહાશ્રમની પ્રાર્થનામાં ગવાતાં ભજનો પર ગાંધીજીએ જે આધ્યાત્મિક વ્યાખ્યાનો આપેલાં તે પોતાની નોંધોને આધારે રજૂ કર્યાં છે. સરળ શૈલીમાં રજૂ થએલાં આ વાર્તિકો ગાંધીજીની અટલ પ્રભુશ્રદ્ધા અને નિર્મળ દૃષ્ટિ પ્રકટ કરે છે. અનેક મહાન પ્રાચીન સંતપુરુષોની ભજનવાણી પરનાં આ અર્વાચીન મહા પુરુષનાં ચિંતન-મનન કોઈપણ ગાંધીપ્રેમીને તો વાંચવાં ગમશે જ, પરંતુ અન્ય કોઈને ય એ આધ્યાત્મિકતાના સાચા રંગે રંગાએલાં લાગ્યા વગર નહિ રહેતાં વાંચ્યા વિના જતાં કરવાં પાલવશે નહિ. (પાકું પૂઠું, પૃ. ૩૩૮, રૂ. ૧૨-૫૦.)

વેનીશન બ્લાઈન્ડ : શ્રી જયા મહેતાના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં ૫૯ ગદ્યકાવ્યો સંગૃહીત થયાં છે. આધુનિક સંવેદના અને અભિવ્યક્તિની આધુનિક રીતિ આ સંગ્રહનો વિશેષ છે. મુખ્યત્વે વેદના અને તે પણ કટાક્ષથી જ રજૂ થએલી અહીં અનુભવી શકાય છે. કેટલીય રચનાઓ તાજગીને કારણે ગમી જાય તેવી છે તો કેટલીકમાં સંવેદના સપાટી પર રમ્યા કરતી પણ જણાય છે. એકંદરે આ રચનાઓ જયાબેન પાસેથી વધુ સરસ રચનાઓની આશા જન્માવે તેટલી માતબર તો છે જ. (કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧૦.)

કુમકુમ પ્રકાશન
મામુનાયકની પોળ સામે ગાંધીરોડ અમદાવાદ

નરસિંહરાવ : પંડિત યુગના અગ્રગણ્ય સર્જક સ્વ. નરસિંહરાવનાં જીવન-સર્જનને

દિવંગત

ભારત-સેવક આંબિકરજી

મહામના ગોખલેજી દ્વારા સંસ્થાપિત વિશ્રુત લોકસેવા સંસ્થા 'ભારત-સેવક સમિતિ' (સર્વંન્ટ્સ ઑવ ઇંડિયા સોસાએટી : સ્થાપના ૧૯૦૫)ના આજન્મ સેવક અને સેક્રેટરી શ્રી દત્તાત્રેય વાસુદેવ આંબિકરજી ૯૧ વર્ષની પાકટ વયે જુલાઈ (૧૯૭૯)ના પ્રથમ સપ્તાહમાં સ્વર્ગવાસી થયા. એમણે ૬૫ વર્ષ સુધી દેશ ને સોસાએટીની સેવા કરી. ગોખલેજીએ એમને ઈ. ૧૯૧૪માં સોસાએટીની સેવા માટે શિક્ષિત અને દીક્ષિત કર્યા હતા.

શ્રી આંબિકરજીનું કર્તૃત્વ પ્રધાનતયા સોસાએટીનાં બે પત્રો 'સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા'(અંગ્રેજી સાપ્તાહિક) અને 'જ્ઞાન-પ્રકાશ' (મરાઠી દૈનિક)નાં સંપાદન અને પ્રકાશન સાથે જોડાએલું છે. તેઓ સોસાએટીના સુંદર અને સમૃદ્ધ પ્રેસ આર્યભૂષણ મુદ્રણાલયના વર્ષો સુધી પરિચાલક હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી માન્યવર ગોપાલ કૃષ્ણ દેવધર (ત્યારે સોસાએટીના ઉપાધ્યક્ષ અને 'જ્ઞાનપ્રકાશ'ના મુખ્ય તંત્રી) સાથે શ્રી આંબિકરજીએ ભારતીય પત્રકારોના શિષ્ટમંડળ (ડેલિગેશન)માં યુરોપની યાત્રા કરી હતી. આ વ્યવસ્થા ભારત સરકાર તરફથી કરવામાં આવી હતી કે જેથી પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપીય દેશોની પરિસ્થિતિનું સાચું દર્શન તેઓ ભારતીય જનતાને કરાવી શકે.

પ્રો. આર. પી. પટવર્ધન અને પ્રો. ડી. જી. કર્વે સાથે મળીને પૂજ્ય ગોખલેજીની જન્મશતાબ્દી સમયે પ્રસિદ્ધ થએલા શ્રી ગોખલેજીના વ્યાખ્યાન સંગ્રહો (ત્રણ ખંડ)ના સંપાદનકાર્યમાં શ્રી આંબિકરજીનો ખાસ ફાળો હતો. પુણે-સ્થિત ગોખલે સ્મૃતિ મંદિર (હૉલ)ના નિર્માણમાં પણ તેઓ અગ્રણી હતા.

—શંકરદેવ વિદ્યાલંકાર

સમજ અને સન્નિષ્ઠાપૂર્વક મૂલવતી આ પુસ્તિકામાં તેના લેખક શ્રી વ્રજલાલ દવેની અભ્યાસી દૃષ્ટિ અછતી રહેતી નથી. આ પુસ્તિકાને એમણે સાત પ્રકરણોમાં વહેંચી સ્વ. નરસિંહરાવની સાહિત્યસેવાને યોગ્ય રીતે તપાસી છે અને કેટલાંક તારણો પણ આપ્યાં છે. પ્રથમ પ્રકરણમાં નરસિંહરાવના જીવનની મિતાક્ષરી નોંધ આપ્યા બાદ એમની મુખ્ય ત્રણ પ્રવૃત્તિઓ—કવિતા, વિવેચન અને ભાષાશાસ્ત્ર—ને મૂલવી છે. બીજા અને ચોથા પ્રકરણનાં શીર્ષકો 'કવિતા' અને 'ભાષા: ભાષાશાસ્ત્ર' રાખ્યાં છે તેમ ત્રીજા પ્રકરણનું શીર્ષક 'વિવેચક' ને બદલે 'વિવેચન' એમ રખાયુ હોત તો એકવાક્યતા જળવાઈ હોત. પાંચમા, છઠ્ઠા અને સાતમા પ્રકરણમાં એમની ત્રણ વિશિષ્ટ ગદ્યકૃતિઓ— સ્મરણમુકુર, વિવર્તલીલા અને રોજનીશી—વિષે સર્વગ્રાહી સમાલોચના આપવામાં આવી છે. (કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૫.)

અખો : મધ્યકાલના માતબર કવિ અખા વિષેની આ પુસ્તિકામાં અખાના સન્નિષ્ઠ અભ્યાસી શ્રી ભૂપેન્દ્ર ત્રિવેદીએ અખાની સર્જક પ્રતિભા ને જ્ઞાનપ્રતિભાનો સંક્ષેપમાં પણ સચોટ પરિચય કરાવ્યો છે. જ્યાં જ્યાં જરૂર જણાઈ છે ત્યાં ત્યાં અખાના કવનમાંથી યથાયોગ્ય ઉદાહરણો મૂકીને એમણે બેવડું નિશાન તાક્યું છે—પોતાના મતનું આંતરસમર્થન પૂરું પાડવાનું અને ભાવકને કવનપ્રસાદીનો સીધો લાભ આપવાનું. અખા વિષયક જે જનશ્રુતિઓ છે તેનો પ્રથમ અને દ્વિતીય પ્રકરણમાં ઉલ્લેખ કરી આંતરબાહ્ય પ્રમાણોથી અદ્યેય હકીકતનું નિદર્શન કરાવ્યું છે. ત્યાર બાદ અખાના ચિંતનના મુખ્ય બે વિષયો—ગુરુ અને જ્ઞાન—વિષે તેની વિવિધ કૃતિઓમાંથી અવતરણો ટાંકીને ચર્ચા કરી છે, તો ચોથા પ્રકરણમાં 'અખા ભગતની વાણી' એ શીર્ષકથી અખાની વિવિધ રચનાઓના સંદર્ભમાં એની પ્રતિભાને મૂલવવામાં આવી છે. પછીનાં અંતિમ બે પ્રકરણોમાં અખા વિષેના નર્મદથી આજ સુધીના વિવિધ વિદ્વાનોના મતોચ્ચારણોની સંક્ષિપ્ત આલોચના ને અખાનો કયો વાદ છે તેની તારવણી આપી છે. અખા જેવા અઘરા કવિને સમજવા માટે આ પુસ્તિકા સામાન્ય ભાવકોને મૂલ્યવાન પુરવાર થાય તેવી છે. (કાચું પૂઠું, પૃ. ૮૨, રૂ. ૫.)

કનૈયાલાલ મુનશી : જેમની અટક પછી યોગ્ય રીતે જ 'યુગ' એ ઉત્તરપદ મૂકી શકાય તેવા આ સદીના પૂર્વાર્ધના સમર્થ સર્જક ક. મા. મુનશી વિષે એ યુગના એવા જ સમર્થ વિવેચક શ્રી મનસુખલાલ ઝવેરીએ આ પુસ્તિકામાં લાઘવથી પોતાની વિવેચના આપી છે. પ્રથમ પ્રકરણમાં શ્રી મુનશીનો માહિતીસભર જીવનાલેખ રજૂ કરાયો છે, તો પછીનાં બે પ્રકરણોમાંથી શ્રી મુનશીની અનુક્રમે સર્જનાત્મક અને વિચારચિંતનાત્મક કૃતિઓની વાત કરવામાં આવી છે. સ્વ. મુનશીનાં નવલકથાકાર, નવલિકાકાર, નાટ્યકાર, વિવેચક વગેરે લેખક પાસાંને અન્યોના મતોના સંદર્ભમાં સ્વમતોચ્ચારણ સાથે શ્રી મનસુખભાઇએ અહીં સંક્ષેપમાં પણ સમ્યગતયા તપાસ્યાં છે. એક પીઢ સર્જકની એક પીઢ વિવેચકે કરેલી આલોચનના નિષ્કર્ષ જેવી આ લઘુ પુસ્તિકા એની લખાવટની રસિકતા અને છણાવટની સુગ્રથિતતાને કારણે ચિત્તાકર્ષક બની રહે છે. (કાચું પૂઠું, પૃ. ૬૬, રૂ. ૫.)

ગાંધીજી : એમની સર્વક્ષેત્રીય અસરકારક પ્રતિભાને બળે અનેક ક્ષેત્રોમાં જેમ ગાંધીજીનું નામ ગાજતું અને ગૂંજતું રહ્યું છે તેમ સાહિત્યમાં પણ એમના જીવનકાળને 'ગાંધીયુગ'થી નવાજી એમની સાહિત્યિક પ્રતિભા ને પ્રભાવનો જે સ્વીકાર થયો છે તેની ઉચિત પર્યેષણા ગાંધીસાહિત્યના અભ્યાસી પ્રા. ચી. ના. પટેલે આ પ્રકરણરહિત પુસ્તિકામાં કરી છે. આમાં ગાંધીજીની પ્રતિભાભક્તિથી અંજાઈ જઈ ભોળા ભાવે પ્રશસ્તિ કરાઈ નથી, પરંતુ એક નિષ્ઠાવાન અભ્યાસીના દૃષ્ટિતેજને બળે એ પ્રતિભાનું ઘટિત મૂલ્યાંકન કરવામાં આવ્યું છે તેમાં ગ્રંથનાયક અને ગ્રંથકર્તા બન્નેને ન્યાય થએલો જોઈ શકાય છે. ગાંધીજીના જીવનમાં સાહિત્યપ્રવૃત્તિ મુખ્ય નહિ તો ય પ્રધાન આનુષંગિક પ્રવૃત્તિ હતી, અને એ રીતે ગાંધીજીવનની સંક્ષિપ્ત કથાના તાણામાં એ પ્રભાવોત્પાદક સર્જક-વ્યક્તિત્વની વાત વાણાની જેમ ગૂંથી લઈ એક આકર્ષક પોત ઊભું કરાયું છે. (કાચું પૂઠું, પૃ. ૯૩, રૂ. ૫.)

ગુજરાતી ગ્રંથકાર શ્રેણીની આ પાંચ પુસ્તિકાઓ અગાઉ પ્રકટ થએલી દસ પુસ્તિકાઓના તેજમાં સુપેરે વૃદ્ધિ કરે છે. વળી, કાગળના અને છપાઈના વધતા જતા ભાવ વચ્ચે પણ સરેરાશ સાડપાંચ ફર્માની ડેમી સાઈઝની સુઘડ છપાઈવાળી અને આર્ટ પેપર પર ગ્રંથનાયકની છબી આપતી આ પુસ્તિકાની કિંમત માત્ર પાંચ જ રૂપિયા રખાઈ છે તે સાહિત્યપ્રીતિ અને સાહસ માટે પ્રકાશક-સંપાદક ઉભય ધન્યવાદને પાત્ર છે અને અન્ય પ્રકાશન સંસ્થાઓ માટે અનુકરણીય ઉદાહરણરૂપ છે.

હોવું એટલે હોવું : શ્રી વિજય શાસ્ત્રીના આ ત્રીજા વાર્તાસંગ્રહમાં અગાઉ 'નવનીત', 'સમર્પણ', 'કેસૂડાં', 'ચાંદની', 'ગુજરાત', 'હિન્દુસ્તાન સાપ્તાહિક', 'ગુજરાત મિત્ર' વગેરેમાં પ્રકટ થએલી ૨૫ વાર્તાઓ સંગૃહીત થઈ છે. વિષયપસંદગી અને નિરૂપણપદ્ધતિમાં લેખકનો આધુનિકતાનો આગ્રહ અહીં આગળ તરી આવે છે. પરંતુ કલાકૃતિ કંડારવા તરફ એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે એટલે પ્રસ્તુત આગ્રહ નિર્માલ્ય ફૅશન બનતો અટકી જાય છે એટલું આશ્વાસન રહે છે. (પાકું પૂઠું, પૃ. ૧૫૦, રૂ. ૮–૫૦.)

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
સામળદાસ ગાંધી માર્ગ મુંબઇ-૪૦૦ ૦૦૨

શાલિની: આ સદીની ત્રીશીની આઝાદીની લડતથી ધમધમતા વાતાવરણની ભૂમિકા પર તે કાળે સ્ત્રી-જાગ્રતિની પ્રતીક સમી શાલિનીને નાયિકા બનાવતી આ નવલકથામાં સ્ત્રીના આંતર-બાહ્ય સંઘર્ષમય જીવનની સામાજિક-ચૈતસિક પ્રસંગાવલિ સુપેરે નિરૂપાઈ છે. એ વખતના વાતાવરણને ખડું કરતી ને સાથેસાથે વાચનરસ જાળવી રાખતી શ્રીમતી સરલાબેન શેઠની આ નવલકથા એમાંની છાપભૂલો, અસુઘડ છપાઈ અને શિથિલ કલાઘાટના અસંતોષ સાથે પણ સુવાચ્ય તો બની શકી જ છે એટલો સંતોષ રહે છે. (પાકું પૂઠું, પૃ. ૫૨૩, રૂ. ૩૩.)

પૂર્ણાહુતિ: ભગવાન પરશુરામને નાયક બનાવતી, તેમના ઉત્તરજીવનના પ્રસંગોને પ્રધાનતયા નિરૂપતી, ઇતિહાસ અને પુરાણની માન્યતાઓ પર આધાર રાખતી છતાં બુદ્ધિગમ્ય બનતી શ્રીમતી મૃણાલિનીબેન દેસાઈની આ નવલકથા એમની લાઘવયુક્ત શૈલી અને સચોટ નિરૂપણને કારણે વાંચવી ગમે તેવી છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૧૩.)

હોળીનું નાળિયેર: મુંબાઈ નગરીના ઉચ્ચ મધ્યમ વર્ગના સંસ્કારી સમાજને કેન્દ્રમાં રાખી સંવાદ, સંઘર્ષ, ક્રિયાવેગ, પાત્રવિધાન જેવી દૃષ્ટિએ સફળતાથી ભજવી શકાય એવું જાણીતા નાટ્યલેખક પરમસુખ પંડ્યાની કલમે લખાએલું આ ત્રિઅંકી સામાજિક નાટક વાચનની દૃષ્ટિએ પણ એટલું જ સફળ રહે છે. (પાકું પૂઠું, પૃ. ૧૮૬, રૂ. ૬.)

સુપ્રજનનશાસ્ત્ર: પંડિતયુગના વિદ્વાન નર્મદાશંકર દેવશંકર મહેતાના મૂળ અંગ્રેજીમાં લખાએલા નિબંધના ગુજરાતી અનુવાદની આ બીજી આવૃત્તિ છે. તેમાં ત્રણ ખંડો પાડવામાં આવ્યા છે અને તે વિધિ, નિષેધ ને સંરક્ષણની વાત કરે છે. વિધિમાં સુપ્રજા પ્રાપ્ત કરવા કેવાં દંપતીઓએ સંસારધારા વહાવવી તેનું. નિષેધમાં કેવા પ્રકારના સંબંધો વર્જ્ય છે તેનું અને સંરક્ષણમાં વિકારી નરનારીઓથી ભાવિ પ્રજાને કેમ ઉગારવી તેનું શાસ્ત્રીય ભાન કરાવવામાં આવ્યું છે. આજે પણ આ નાનકડા પુસ્તકનું વાચન આદર્શ પ્રજોત્પત્તિમાં ઉપકારક થઈ પડે તેવું હોઈ વાંચવાયોગ્ય બન્યું છે. આ શાસ્ત્રીય વિષયની ગંભીરતાને આંચ આવવા દીધા વગર લેખકે શૈલીનું ભારણ દૂર રાખીને સાદગીથી વાત કરી છે તે પણ સામાન્યજનોને આ શાસ્ત્રીય વિષયમાં રસ લેવા પ્રેરે તેવી હકીકત છે. (પાકું પૂઠું, પૃ. ૧૨૧, રૂ. ૮-૫૦.)

ગોવર્ધન શતાબ્દીગ્રંથ: ઈ. ૧૯૫૫માં ગોવર્ધનરામ ત્રિપાઠીની જન્મશતાબ્દી નિમિત્તે પ્રકટ થએલો સમ્યક્ અભ્યાસગ્રંથ વિદ્વાનોમાં આદર પામ્યો હતો તેની આ બીજી આવૃત્તિ તેના વાચનની અનિવાર્યતા પુરવાર કરે છે. સંપાદક શ્રી ઉપેન્દ્ર છ. પંડ્યાએ આ ગ્રંથમાં ગોવર્ધનરામની જીવનરેખા આપી છે અને જૂની-નવી પેઢીના અનેક લેખકોનાં સ્મરણો અને અભ્યાસલેખો સંગૃહીત કર્યા છે. (પાકું પૂઠું, પૃ. ૫૦૮, રૂ. ૩૦.)

ગોવર્ધનરામ—એક અધ્યયન: જાણીતા વિવેચક શ્રી રમણલાલ જોશીની અભ્યાસનિષ્ઠાના પ્રતીક સમો એમનો શોધપ્રબંધ આ બીજી સંશોધિત આવૃત્તિ પામે છે. તેમાં વિષયભૂત સમર્થ સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી નિમિત્તરૂપ હોય એ તો સ્વાભાવિક છે જ, પણ એ વિષે આ વિવેચકે શો પ્રતિભાવ-નિષ્કર્ષ રજૂ કર્યો છે તે જાણવાની જિજ્ઞાસા પણ એટલી જ નિમિત્તરૂપ હોય તે સહેજે સમજી શકાશે. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી પરના આ મહાનિબંધમાં ડૉ. જોશીની એ સર્જકની સર્જકછબિનું સમ્યક્ દર્શન રજૂ થયું હોઈ ગોવર્ધનરામના અભ્યાસીને અનિવાર્યપણે વાંચવો પડે તેવો આ ગ્રંથ બીજી આવૃત્તિ પામે તે આપણી વાચનભૂખ અને પુસ્તક ખરીદ કરવાની ઇચ્છાની દાદ માગી લે તેવી દ્યોતક ઘટના છે. (પાકું પૂઠું, પૃ. ૪૯૪, રૂ. ૩૬.)

નવભારત સાહિત્ય મંદિર
૧૬૨ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨

શબ્દલોક: નવી યુવાન પેઢીના આશાસ્પદ વિવેચક ડૉ. પ્રમોદકુમાર પટેલનો આ બીજો વિવેચનસંગ્રહ લેખકની અભ્યાસનિષ્ઠા અને લેખનપ્રવૃત્તિના સાતત્યનો પુરાવો છે. એમાં પ્રથમ ચાર લેખો સાહિત્ય વિવેચનો છે, જેમાં 'આજની ગુજરાતી કવિતાનું સંવેદન', 'ઉશનસ્‌ની કવિતાના અમંકોષોમાં', "અથવા"ની કવિતા તથા 'આજની ગુજરાતી નવલિકા'નો સમાવેશ થાય છે. પછીના છ લેખો સિદ્ધાંત ચર્ચાના છે, જેમાં 'કલાત્મક આકૃતિની વિભાવના', 'આકૃતિ અને અંતસ્તત્ત્વ', "નવ્ય વિવેચન"ની ભૂમિકા,' 'સાહિત્ય વિવેચનમાં પ્રકારલક્ષી અભિગમ', 'શૈલી અને શીલ', ગુજરાતી વિવેચનમાં વૃત્તિમય ભાવાભાસનો પ્રશ્ન'નો સમાવેશ થાય છે. બંને પ્રકારના લેખોમાં લેખકની સાહિત્યસૂઝ અછતી રહેતી નથી. (પાકું પૂઠું, પૃ. ૨૪૬, રૂ. ૧૨.)

કથાવલોકન: શ્રી દીપક મહેતાના આ લેખ સંગ્રહમાં 'ગ્રંથ' માસિકમાં પ્રકટ થઈ ગએલાં નવલકથાઓનાં લઘુ અવલોકનો છે. 'કરણઘેલો' જેવી આપણી આરંભની નવલકથા પૂર્વે લખાએલી 'હિંદુસ્તાન મધ્યેનું એક ઝુંપડું'થી આરંભી યુવાન લેખિકા વર્ષા અડાલજાની 'મારે પણ એક ઘર હોય' જેવી આધુનિક નવલકથા સુધીનો વ્યાપ અહીં જોવા મળે છે. સામયિકમાં લખાએલાં આ અવલોકનો હોઈ એમાં વધુ ઊંડાણની અપેક્ષા ન રહે તે સ્વાભાવિક છે. છતાંયે લાઘવમાં લેખકે પોતાને કહેવાની વાત મીઠાશથી કહી છે તેમાં એમની નવલકથાના સ્વરૂપ પરની પકડનો પરિચય મળી રહે છે. (કાચું, પૃ. ૧૮૭, રૂ. ૧૨.)

બાલવર્તનની સમસ્યા: પ્રત્યેક પરિવારમાં બાળઉછેરનો પ્રશ્ન એક યા બીજી રીતે ઓછી કે વધુ માત્રામાં ઊભો થતો હોય છે જ. આજના યુગમાં જ્યારે દંપતીઓ બાળકો પ્રત્યે વધુ સભાન બન્યાં છે ત્યારે આ વિષયના અભ્યાસી અને અનુભવી સુમતિબેન વૈદ્યનું આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૧૬૭, રૂ. ૧૧.)

ખેલો રે ખેલ ખુરશીના: કટોકટીકાળ દરમિયાન લખાએલી અને ત્યાર પછી પ્રકટ થતી આ નવલકથામાં આપણું રાજકારણ સત્તાકારણમાં જ સમાપ્ત થાય છે એ કરુણ અને કમનસીબ ઘટનાને હળવી કટાક્ષમય શૈલીમાં લેખક શ્રી દિનકર જોષીએ અહીં રજૂ કરી રોચક 'નવલ'કથા સાથે સનાતન સત્તાકથા પણ આપી ધાર્યું નિશાન પાડ્યું છે. (પાકું પૂઠું, પૃ. ૧૭૪, રૂ. ૯-૫૦).

અગનપિછોડી: પશ્ચિમની અસરથી પ્રભાવિત થતા જતા આજના સમાજમાં સંસાર-કુટુંબક્ષેત્રે જે મૂલ્ય કટોકટી ઊભી થવા પામી છે તેને કેન્દ્રમાં રાખી, સમાજમાં જોવા મળેલી ઘટનાઓને આધારે શ્રી પ્રિયકાંત પરીખે અહીં પ્રસંગ-સંવેદનપ્રધાન લઘુ વાર્તાઓ કંડારી કાઢી છે. મૂળ તે વર્તમાનપત્ર માટે લખાએલી હોઈ થોડી વાચાળ અને વધુ તાલમેલિયા પણ બની ગયા વગર રહી નથી. પણ આ પ્રકારના સર્જનની આ અનિવાર્યતાને બાદ કરીએ તો એકંદરે સર્જકનો શિલામાંથી શિલ્પ કંડારવાનો સન્નિષ્ઠ પુરુષાર્થ અહીં અપ્રકટ રહેતો નથી. (પાકું પૂઠું, પૃ. ૩૧૨, રૂ. ૧૭.)

શમણાં સળગ્યાં સોહાગરાતે: પ્લાસીના યુદ્ધ પછીની કચ્છની રાજસત્તાને કેન્દ્રમાં રાખી સરળ શૈલીમાં લખાએલી આ નવલકથામાં અંગ્રેજી રાજ્યની ચડતી અને આપણી પડતીમાં કારણભૂત થનાર આપણા દેશી રાજવીઓ અને પ્રજાજનોની બિદરકારી કારણભૂત હતી તે મંતવ્યને પ્રતિપાદન કરવાનો કથામય પુરુષાર્થ કરવામાં આવ્યો છે. રોચક વાચન પૂરું પાડતી રસિક મહેતાની આ છે ઐતિહાસિક નવલકથા. (પાકું, પૃ. ૫૩૬, રૂ. ૩૦.)

કચ્છના રંગમોલમાં: રાજકારભાર એટલે ખટપટ એવું સમીકરણ જગજાનું છે. એ ખટપટના ભોગ કચ્છની ગાદીના સ્થાપક જાડેજા રાજકુમાર ખેંગારજી અને તેમના નાના ભાઈ સાહેબજીને બનવું પડ્યું હતું. તેમના પિતા હમીરજીની હત્યા કરી જામ રાવળે એ વંશની નાબૂદી માટે જે ખેલ ખેલ્યો અને એની સામે આ બે રાજબાળકોને કુટુંબના ભોગે ને જાનના જોખમે છછરબુટ્ટા અને મિયાંકક્કલે કઈ રીતે બચાવ્યા તે સ્વામીભક્તિ અને રાજભક્તિની વાત આ રોમાંચક ઐતિહાસિક નવલકથામાં શ્રી રસિક મહેતાએ રસળતી શૈલીમાં કરી છે. (પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૪.)

લાગણીનાં પડળ: દેશી રાજ્યોના વિલીનીકરણ પછીના ગાળાના ફલક પર રચાએલી આ સામાજિક કથામાં નાયકના સંઘર્ષમય જીવનપ્રસંગોને ઉઠાવ અપાયો છે ને એ સામે નાયકના વ્યક્તિત્વને પણ. આજના સમાજના દુર્દમ પ્રશ્નોને કથાઘાટ આપતી શ્રી નવલકિશોર વ્યાસની નવલકથા. (પાકું, પૃ. ૨૫૬, રૂ. ૧૫.)

ઝેરનો પ્યાલો કોણે મોકલ્યો?: શરાબે જે રાજકીય–સામાજિક–કૌટુંબિક ક્લેશો અને કરુણ અંજામો પ્રકટાવ્યાં છે તેની સામે શરાબબંધીનું આંદોલન ઊપસ્યું છે. આ પુસ્તકમાં સંપાદક ડૉ. પ્રમોદ શાહે આ વિષયને લગતાં વિવિધ સામાજિક કાર્યકરો ને લેખકોનાં લખાણો સંગૃહીત કર્યાં છે તેનું વાચન સહી દિશામાં લઈ જાય તેવું હોઈ આવકાર્ય છે. (પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૨૦.)


કાલિદાસની બાળવાતો: સંસ્કૃત સાહિત્યના અને વિશ્વના ઉત્તમ સર્જકોમાંના એક એવા મહાકવિ કાલિદાસની જીવનોપયોગી બોધદાયક બાળવાતો શ્રી પ્રકાશમ્ રાવલે અહીં રજૂ કરી છે. મોટા અક્ષરમાં સુઘડ છપાઈવાળું આ પુસ્તક બાળકોને હોંશે હોંશે વાંચવું ગમશે. આરંભમાં મહાકવિ કાલિદાસ ને રાજા ભોજની સંક્ષિપ્ત જીવનકથા સરળ શૈલીમાં રજૂ કરવામાં આવી છે તે પણ કિશોરોને જાણવા જેવી હોઈ આવકાર્ય છે. (કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૬.)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રોડ અમદાવાદ-૧

શતરંજ: કૉમ્બિનેશન્સ .... સુરેશ મોદી

આપણે છેલ્લા થોડા મહિનાઓથી મહાન ખેલાડીઓએ રમેલાં કૉમ્બિનેશન્સ જોઈએ છીએ. હવે મહાન ખેલાડી જે રમતાં ચૂકી ગયા છે એવાં એક બે કૉમ્બિનેશન્સ જોઈએ.

સ્માયસ્લૉવ



લુન્ડીન

ઉપરની આકૃતિમાં કાળાની ચાલ છે. વાચકોને ખયાલ હશે જ કે સ્માયસ્લૉવ આ રમત રમાઈ હતી ત્યારે (૧૯૪૬માં) વિશ્વના સૌથી સારા છ ખેલાડીઓમાંના એક હતા. ૧૯૫૪ અને ૧૯૫૭માં તેમને વિશ્વવિજેતા બોટવીનિકને આહ્વાન આપવાની તક મળી હતી. ૧૯૫૪માં બંનેના ૧૨–૧૨ પૉઈન્ટ થયા હતાં, પણ ૧૯૫૭માં તેમણે જીતી ને વિશ્વવિજેતાપદ મેળવ્યું હતું.

આ પરિસ્થિતિમાં તેમણે 1 N–B7ch, K–N1; 2 N–R6ch, K–R1; 3 N–B7ch વિ. ચાલથી કાયમી શેહ આપી ડ્રૉ મેળવી હતી. પણ તેમની પાસે જીતવાની જે ચાલ હતી તે છે.–1..., R–KB7!

આથી સફેદ વજીર પર હુમલો આવે છે. તે N1 સિવાય ક્યાંય જાય તો 2..., Q×R; મ્હાત થાય. માટે સફેદે ફરજિયાત હાથી મારવો પડે છે. અને 2 Q×R, N×Qch; 3 K–N1, N–R6ch; 4 K–R1, Q×KP; 5 R–KB1, N×P. પછી કાળો જીતે છે.

આ જ પરિસ્થિતિ ઊલટા રંગ સાથે ૧૯૦૬માં ચીગોરીનની એક રમતમાં આવી હતી ને તેઓ ઉપર બતાવ્યા પ્રમાણે જીત્યા હતા. પ્યાદાંની રચના સહિત એક સરખી પરિસ્થિતિ ફરી વાર ઉદ્ભવી એ પહેલું આશ્ચર્ય છે. સ્માયસ્લૉવ જેવા સમર્થ ખેલાડી એ સ્થિતિ અને ચીગોરીનની જીતથી અપરિચિત હોય તે બીજું આશ્ચર્ય છે અને ૪૦ વર્ષ પૂર્વે જે જીત ચીગોરીનને દેખાઈ તે સ્માયસ્લૉવને ન દેખાઈ એ ત્રીજું આશ્ચર્ય છે. પણ શતરંજની રસમય રમતમાં આવાં આશ્ચર્ય જોવા મળે તેમાં કંઈ આશ્ચર્ય નથી.

શિવ સંકલ્પ: 'સંસ્કૃતિ' માસિકનાપહેલા પાને આવતા લઘુ લેખોનો એક સંગ્રહ 'ઉઘાડી બારી' પ્રકટ થયા પછી શ્રી ઉમાશંકર જોશીના એ જ પ્રકારના લઘુ નિબંધોનો આ બીજો સંગ્રહ કર્મયોગ, અધ્યાત્મ, પ્રકૃતિપ્રેમ, કેળવણી, વિજ્ઞાન, સાહિત્ય, લોકશાહી, ભારત આદિ વિષયોના કોઈ ને કોઈ મુદ્દા પરની લેખકની સ્વસ્થ અને સ્વચ્છ છણાવટ રજૂ કરી જાય છે. (પાકું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૧૦.)

ધર્મતત્ત્વ વિચાર ભાગ ૩: પંડિતયુગના જાણીતા ચિંતક નર્મદાશંકર દે. મહેતાના આ પુસ્તકમાં એમના પ્રૌઢ વિચારોના નિષ્કર્ષ જેવા ૨૦ નિબંધો છે, જેમાં કર્મ ને સંન્યાસ, વિદ્યા અને મોક્ષ, તીર્થમીમાંસા, ધ્યાન અને જ્ઞાન, ઇશ્વરભાવના, શ્રદ્ધા, પિંડ-ચક્ર-વિચાર આદિ મુદ્દાઓને સમાવી લેવાયા છે. આરંભમાં મુકાએલો પ્રો. અનંતરાય રાવળનો સંપાદકીય લેખ લેખકની ધર્મતત્ત્વ સમજને સુકર કરવામાં મદદરૂપ થાય તેવો છે. (પાકું પૂઠું, પૃ. ૩૪૨, રૂ. ૨૫.)

ચમત્કાર કેમ થાય છે: આજના વિજ્ઞાનયુગમાં પણ મનુષ્યનું આકર્ષણ ચમત્કાર પ્રત્યેથી ઓછું થયું નથી ત્યારે પ્રા. રજનીકાંત પટેલે ભૂતપ્રેતથી માંડીને ઊડતી રકાબી સુધીની ચમત્કારિક ઘટનાઓને અંધશ્રદ્ધાને રાહે નહિ, પણ વૈજ્ઞાનિક ને તાર્કિક દૃષ્ટિએ અહીં સમજાવવાનો સુભગ પ્રયાસ કર્યો હોઈ આ પુસ્તક એ ક્ષેત્રનું અધ્યેય ને ઉપયોગી વાચન પૂરું પાડે છે. ચમત્કારોને નામે તદ્દન મોંમાથાં વગરનાં લખાણો પ્રકટે છે ત્યારે આવું અધિકૃત પ્રકાશન એ ક્ષેત્રના જિજ્ઞાસુઓને સમ્યક્ દર્શન કરાવી રહેશે. (પાકું, પૃ. ૩૭૨, રૂ. ૧૮.)

ગાંધીજીની સત્યસાધના: ગાંધીજીનો અક્ષરપરિચય આત્મસાત કર્યો હોય એવી વ્યક્તિઓ પૈકીના પ્રા. ચી. ના. પટેલે આ પુસ્તકમાં 'ગાંધીજીની સત્યસાધના' ઉપરાંત બીજા દસ લેખો આપ્યા છે. આ લેખોમાં વિષયવૈવિધ્ય તો છે જ, પણ સાથે વિષયની ઊંડી સૂઝ ને રજૂઆતની સ્પષ્ટતા એમાં આગળ તરી આવે છે. (પાકું પૂ., પૃ. ૨૫૨, રૂ. ૧૨.)

શ્રીકૃષ્ણ–પુરુષોત્તમ ને અન્તર્યામી (ઉત્તરાર્ધ): મહાભારતમાં શ્રીકૃષ્ણના જ્યાં જ્યાં ઉલ્લેખો આવે છે તેને ઝીણવટથી તપાસી અહીં સંકલિત કરી આપી, યોગ્ય સ્થાને પોતાનું સ્વતંત્ર ભાષ્ય પણ રજૂ કરી શ્રી ઉપેન્દ્રરાય જ. સાંડેસરાએ આ ગ્રંથના બે ખંડનાં ૧૬ પ્રકરણોમાં શ્રી કૃષ્ણનું પુરુષોત્તમ સ્વરૂપ અને અન્તર્યામી સ્વરૂપ રજૂ કરવાનો ભક્તિભર્યો પ્રયાસ કર્યો છે તે અભ્યાસીઓ ને ભાવિક વાચકોને પણ રસપ્લાવિત કરે તેવો છે. આ જ પુસ્તકના પૂર્વાર્ધે જે લોકચાહના

પ્રાપ્ત કરી છે તેને આ ઉત્તરાર્ધ દીપાવશે એ નિઃશંક પ્રતીતિ છે. (પાકું, પૃ. ૫૦૭, રૂ. ૭૦.)

ભૌતિક વિજ્ઞાનના વાલ્મીકિઓ: ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રમાં જે વિજ્ઞાનીઓ પાયાનાં સંશોધનો આપી ગયા છે તેમનાં જીવનકાર્યોની આ પુસ્તિકામાં ઝાંખી કરાવવામાં આવી છે તે વિદ્યાર્થીઓને જ્ઞાનવૃદ્ધિમાં ઉપકારક થશે જ અને સાથેસાથે એની રસમય રજૂઆત વાચનનો પણ આનંદ આપી રહેશે. પુસ્તિકાના પૂઠા પરજ ચિત્રકારના અનવધાનથી 'વિજ્ઞાનનાં' એમ અનુસ્વારયુક્ત શબ્દ ચીતરાઈ ગયો છે તે ખૂંચ્યા વગર રહેતો નથી. કોઈ પણ પ્રકાશક આવી ભાષાકીય અશુદ્ધિ તરફ હજુ પણ દુર્લક્ષ સેવે તે સહ્ય ન જ ગણાવું જોઇએ એવી ઘડી આપણા સાહિત્યમાં પાકી ગઈ છે. એક વાર બ્લૉક તૈયાર થઈ ગયો હોય તો થોડું આર્થિક નુકસાન વેઠીને પણ તે રદ કરવો જ જોઇએ. આપણા સન્નિષ્ઠ પ્રકાશકો પાસે આટલી અપેક્ષા રાખવી તે વધુપડતી નથી જ. (લે. ડૉ. ઉષા જોષી, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૫.)

મુનિ જિનવિજયજી: જાણીતા વિદ્વાન શ્રી ભોગીલાલ સાંડેસરાએ આ પુસ્તિકામાં પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યના પ્રકાંડ પંડિત મુનિ જિનવિજયજીનાં જીવન ને કાર્યનો સુરેખ અને અહેવ પરિચય આપ્યો છે તે અભ્યાસીઓ અને ઈતર જનોને પણ ઉપયોગી અને સરસ વાચનસામગ્રી પૂરી પાડે તેવો છે. (કાચું પૂઠું, પૃ. ૮૩, રૂ. ૩-૫૦.)

—ધી. પ.

આવકાર

નવભારત સાહિત્ય મંદિર
અમદાવાદ-૧ અને મુંબાઈ-૨

ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો: અનુ.: જયા મહેતા અને અનિલા મહેતા. પૃ. ૧૫૨, પાકું પૂઠું, રૂ. ૨૧.

કાઠ પ્રદેશની લોકકથાઓ: લે. જોરાવરસિંહ જાદવ અને કાલીદાસ સોલંકી. પૃ. ૧૫૦, પાકું પૂઠું, રૂ. ૨૧.

મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાન્ત: લે. ધીરુભાઈ ઠાકર. પૃ. ૨૪૪, પાકું પૂઠું, રૂ. ૨૧.

શબ્દસલિલ: લે. ડૉ. ભરતકુમાર ઠાકર. પૃ. ૩૨૭, પાકું પૂઠું, રૂ. ૨૧.

રાજમહેલની રંગધાર: લે. હસિત મહેતા. પૃ. ૨૮૯, પાકું પૂઠું, રૂ. ૧૮.

મોતનો સાદ: લે. રસિક મહેતા. પૃ. ૨૩૩, પાકું પૂઠું, રૂ. ૧૫.

અભનબાળનું ફૂલ: લે. પ્રિયકાન્ત પરીખ. પૃ. ૩૧૯, પાકું પૂઠું, રૂ. ૨૦.

અન્ય પ્રકાશકોનાં

આપ્તવાણી શ્રેણી ૪: પ્ર૦ ખેતશી નરસી શાહ. ૨૦-૧૦, એન્જલ લૅન્ડ, વડાલા, મુંબઈ ૩૧. પૃ. ૩૪૩, પાકું પૂઠું.

પિરામિડ: લે. સુરેશ દલાલ. પ્ર૦ વોરા ઍન્ડ કંપની, ગાંધી રોડ, અમદાવાદ. પૃ. ૮૮, કાચું પૂઠું, રૂ. ૧૫.

ખેતીનાં ઓજારો: લે. મોહન પરીખ. પ્ર૦ ગુ. રાજ્ય સમાજ શિક્ષણ સમિતિ, સુરત. પૃ. ૮૬, કાચું પૂઠું, રૂ. ૩-૬૦.

સંકરબાય: લે. પીતાંબર પટેલ, ચુનીલાલ ભટ્ટ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

આથમતા/સૂરજનાં અજવાળાં: લે. રામજીભાઈ કડિયા, પ્ર૦ કુમકુમ પ્રકાશન, ગાંધીરોડ, અમદાવાદ. પૃ. ૨૪૦, પાકું પૂઠું, રૂ. ૧૫-૫૦.

શતાયુ કેમ થવાય?: અનુ.: રઘુનાથજી નાયક. પ્ર૦ પોતે જ. ૪૬, અદ્વૈત સોસાએટી, રાણીપ, અમદાવાદ ૩૮૨ ૪૮૦. પૃ. ૮૮, કાચું પૂઠું, રૂ. ૩.

ફૂટતી પાંખોનો ફફડાટ: લે. જયેશ રામાણી. પ્ર૦ પોતે જ. વેરાવળ રોડ, કેશોદ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૪.

માણસ ઊફે રેતી ઊફે દરિયો: લે. નયન હ. દેસાઈ. પ્ર. સુજન દેસાઈ. સંઘાડિયા વાડ, ગોપીપુરા, સુરત. પૃ. ૬૪, કાચું, રૂ. ૬.

સૂરજ: લે. રક્ષા દવે. પ્ર. પોતે જ. જીવનહેરિટેજ, પ્રભુદાસ તળાવ ચોક, ભાવનગર. પૃ. ૧૯૪, પાકું પૂઠું, રૂ. ૧૨.

કાનના રોગો: લે. શોભન. પ્ર૦ આયુ પ્રકાશન, રીલિફ રોડ, અમદાવાદ. પૃ. ૨૦૦, કાચું પૂઠું, રૂ. ૧૩.

વિનયન શબ્દકોશ: સં. નરહરિ કે. ભટ્ટ. પ્ર૦ યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. પૃ. ૮૮૩, પાકું પૂઠું, રૂ. ૫૦.

એક ન સ્થપાયેલા રાજકીય પક્ષનો મુસદ્દો: લે. નાનુભાઈ નાયક. પ્ર૦ સાહિત્ય સંગમ, ગોપીપુરા, સુરત. પૃ. ૧૨૬, કાચું પૂઠું, રૂ. ૬.

મીની ડિક્ષનેરી: સં. જયંતીલાલ મહેતા અને ઈન્દ્રજિત મોગલ. પ્ર૦ અનડા બુક ડિપો, ગાંધી રોડ, અમદાવાદ. પૃ. ૨૪૮, પાકું, રૂ. ૬.

અર્થતંત્રને શું થયું છે?: (પ. પુ. ૪૯૫) લે. વાડિલાલ ડગલી. પ્ર૦ પરિચય ટ્રસ્ટ, મુંબઈ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૭૫.

સ્કાયલૅબ: (પ. પુ. ૪૯૬) લે. ડૉ. દિનકર મહાત્મે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૭૫.

પચ્ચીસ વર્ષ પહેલાં

ઑક્ટોબર ૧૯૫૪ • સળંગ અંક ૩૩૦




આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં તેનાથીયે પચ્ચીસ પહેલાંના અંકમાં આવેલો સ્વ. રવિશંકર રાવળનો 'રાજપૂત ચિત્રકળા' ઉપરનો એક લેખ તારવીને અનેક નવાં ચિત્રો સાથે આપેલો, તે પૈકી એક નવી ચિત્ર તકતી આ સામેના પાના પર આપી છે, જેમાં ભારતીય કલમની વિવિધ ચિત્રશૈલીઓના થોડા નમૂના આપ્યા છે. અજંતા પછી પ્રાચીન ગુજરાતી, રાજસ્થાની (રાજપૂત) અને પહાડી કલમમાં શૈલીનો એક તંતુ જે જુદેજુદે રૂપે ઊતરી આવ્યો છે—તેનું નિરૂપણ અને સરખામણી કરતાં થોડાં ઉદાહરણ એમાં જોવા મળશે. જમણી બાજુ છેડે ચાર ચોકઠામાં આંખના આલેખનના ચાર પ્રકાર આપ્યા છે. મથાળેથી: ૧) અજંતા શૈલી– કમળનયન, ૨) રાજપૂત–મૃગનયન, ૩) કાંગડા–મીન-નયન, ૪) કિશનગઢ–ખંજન નયન.

વચ્ચેના મોટા ચોકઠામાં ડાબીજમણી બે ઊભી હરોળમાં (ઉપરથી નીચે) આંખના આલેખનના વિવિધ ત્રણ પ્રકાર સામસામે મૂકી બતાવ્યા છે: ૧) ડાબી બાજુ–અજંતા. જમણીબાજુ-અજંતા; ૨) ડાબીબાજુ ગુજરાતી જૈન શૈલી તથા જમણીબાજુ કાંગરા; ૩) ડાબીબાજુ–ઈરાની, જમણીબાજુ જયપુર. વચ્ચેની માનવ આકૃતિઓમાં જમણીબાજુ ઝડપી સ્કેચ જેવી પંદરમી સદીની જૈન ગુજરાતી શૈલીમાં માથાના વાળનો લોચ કરતા મહાવીરનું આલેખન છે અને ડાબી બાજુ, એ જ શૈલીએ વિકસીને લલિત રૂપ ધારણ કરેલી કાંગરા કલમમાં રાધાનું આલેખન છે. સૌથી નીચેના સ્ત્રી-પાત્રની મુખાકૃતિમાં જરૂરી તત્ત્વોને ત્વરિત રેખાઓમાં સૂચિત રૂપે આલેખતી બરછટ ગુજરાતી શૈલીની લાક્ષણિકતા તેની આંખો, ભ્રમર, નાક તથા દાઢીમાં જણાશે. તેના મથાળાનો પોપટ તથા ડાબી બાજુનો મોર એ જ ગુજરાતી શૈલીનાં છે, જ્યારે જમણી તરફનો મોર વધુ સુઘડ બનેલી રાજપૂત કલમનું આલેખન છે. જમણીબાજુનાં ચાર ચોકઠાંમાંની આકૃતિઓ 'અજંતા' માસિકમાં આવેલા શ્રી મહેન્દ્રનાથસિંહના લેખમાંથી તેમના સૌજન્યથી ઉતારી છે. □



ભારતીય ચિત્રકળાની વિવિધ કલમની શૈલીઓ : અજંતા પછી પ્રાચીન ગુજરાતી, રાજસ્થાની (રાજપૂત) અને પહાડી કલમમાં શૈલીનો એક તંતુ જે જુદે જુદે રૂપે ઊતરી આવ્યો છે તેનું
નિરૂપણ તથા સરખામણી કરતાં



લગભગ મૃદંગ જેવું અને એટલું જ પ્રચલિત અવનદ્ધ વાદ્ય છે પખવાજ કે પખાવજ. મૃદંગના બંને છેડાના ગોળાકારનો વ્યાસ ઓછોવત્તો હોય, જ્યારે પખવાજમાં એ બંને સમાન હોય છે. આકારભેદ મુજબ પખવાજના 'હરિતકી' 'જવાકૃતિ' ને 'ગોપુચ્છાકૃતિ' એવા ત્રણ પ્રકાર છે. ધ્રુપદ, હોરી વગેરેના ગાયનમાં તથા નૃત્ય ને વાદનમાં તાલ પૂરવા માટે પખવાજનો સાથ લેવાય છે. વૈષ્ણવોનાં ભજન-કીર્તનોમાં તો તે સારી પેઠે પ્રચલિત છે. એના વાદનના અટપટા બોલ ને તોડાનું સ્વતંત્ર વાદન પણ થાય છે.

એક દંતકથા છે કે દિલ્હીમાં સુધારખાં ને ભગવાનદાસ નામે બે સિદ્ધહસ્ત પખવાજીઆ હતા. વાદન અંગે બંને વચ્ચે કાયમ સ્પર્ધા ચાલ્યા કરતી, પણ સુધારખાં કદી ભગવાનદાસને આંબી શક્યો નહિ, એટલે એક દિવસ ચિડાઈને એણે પોતાની પખવાજના બે ટુકડા કરી નાખ્યા. પરંતુ એ બે ભાગ લઈને એને એક કલ્પના સૂઝી ને તેમાંથી તબલાંનો જન્મ થયો. પણ તબલાંના શોધક તરીકે અમીર ખુશરોનું નામ ખ્યાત છે. ધીરેધીરે પખવાજનું સ્થાન તબલાંએ લઈ લીધું છે.

તબલાંમાં બેઠા ઘાટનું પહોળું તે (ડાબા હાથે વગાડાતું હોઇ) બાયું અને અર્ધું પખવાજ જેવું તે નરઘું કહેવાય છે. દોકડ અને નરઘાંજોડીના નામે પણ તે લોકસમૂહમાં જાણીતાં છે. ગાયન-વાદનમાં તાલ પુરાવવા ઉપરાંત તબલાંના બોલતોડાનું સ્વતંત્ર વાદન પણ થાય છે. નરઘાંને સપ્ત સ્વરોમાં મેળવીને 'તબલાં-તરંગ' પણ વગાડાય છે. પોતાના વિશિષ્ટ સૂરના કારણે એ અત્યંત મધુર લાગે છે.

ઢોલ, નગારું, ડફ, ડમરુ, ડાકલું, ખંજરી વગેરે પણ અવનદ્ધ વાદ્યો જ છે, પણ તેમનો ઉપયોગ લોકસંગીતમાં વિશેષ થાય છે.





અર્ઘ્યજલિ

ફૂલ કો ખીલેલ હું ગાઢા વને
ના રૂપ કે ના રંગ
ને કૈં મ્હેકનો છાંટો નથી;
ને તે છતાં ગૌરવ મને
કે આમ તો વગડાઉ તો યે ફૂલ છું
કાંટો નથી.
—દિનેશ કોઠારી

જીવંત જ્ઞાનકોષ સમા ટિકેકરજી

મુંબાઈમાં ગિરગામ રોડ પર મૅજેસ્ટિક સિનેમાની સામે આવેલા સારસ્વત બૅંક બિલ્ડિંગના છેક ઉપરના માળે કુટીર જેવા એક ખંડમાં કોઈ પહોંચી જાય તો ત્યાં ઉત્તમોત્તમ પુસ્તકો, ભારત અને વિદેશનાં સાંસ્કૃતિક વિષયોનાં ઉચ્ચ કોટિનાં સામયિકો અને સંગ્રહણીય એવા સંખ્યાબંધ આકર ગ્રંથોની વચ્ચે આસનસ્થ સુરૂપદેહ મનીષીનાં દર્શન થતાં. વિવિધ વિષયગામિની પ્રતિભાવાળા, ઇતિહાસવેત્તા, પત્રપંડિત (ફ્રી લાન્સ જર્નાલિસ્ટ), સંસ્કૃત વિદ્યાઓના પારગામી અભ્યાસી અને ધીરગંભીર વિવેચક હરફન-મૌલા એવા એ સારસ્વત શ્રીપાદ રામચન્દ્ર ટિકેકરનું ગયા જૂનની ૧૩મી તારીખે ૭૮ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થયું.

ઉત્તમ કોટિના પત્રકાર અને આકાશવાણીના પ્રવક્તા તરીકે સુખ્યાત ટિકેકરજીનો જીવ તો ઇતિહાસ-મર્મજ્ઞ અને મીમાંસકનો હતો. 'ઑન હિસ્ટરીઑગ્રાફી' નામની એમની ઇતિહાસ-આલેખન કરતી કૃતિ એનું પ્રમાણ છે. ભારતના મધ્યકાલીન ઇતિહાસના પ્રકાંડ પંડિત ડૉ. યદુનાથ સરકાર તથા રિયાસતકાર ગોવિન્દ સખારામ સરદેસાઈનાં જીવન અને એમનાં ઐતિહાસિક સંશોધન વિષેનું એમનું મરાઠી પુસ્તક પણ વાંચવા જેવું છે. ગાંધીગોષ્ઠિ, આમચી યોજના, ભારતીય લોકકથા, વિદેશી લોકકથા, આજકાલચા મહારાષ્ટ્ર એ પણ એમની અન્ય મરાઠી કૃતિઓ જાણીતી છે. એમણે છએક જેટલાં ભાષાંતરો પણ મરાઠીમાં આપ્યાં છે અને હિંદી ભાષા પરત્વે પણ એમનું સારું પ્રભુત્વ હતું.

ઈ. ૧૯૩૧માં એમણે 'કેસરી-પ્રબોધ' ગ્રંથ સંપાદિત કર્યો તે પછી એમણે બીજા પંદર જેટલા ઉત્તમ ગ્રંથોનું સંપાદન કરેલું. જેમાં સરદેસાઈ સ્મારક ગ્રંથ (૧૯૩૮), ગાંધીગ્રામસ (૧૯૪૭), પી. ઈ. એન.ના ભારતીય વિદ્વાનો (૧૯૫૪), ભારતીય લેખકોનો પરિચયગ્રંથ (૧૯૬૧), મરાઠા હિસ્ટરી સેમિનાર (૧૯૭૧), મેકિંગ ઑવ અ પ્રિન્સલી હિસ્ટોરીઅન (૧૯૭૫) વગેરે સુખ્યાત છે. અનેક વિદ્યા પ્રતિષ્ઠાનો ને સંસ્કાર-પરિષદો એમનાં અભ્યાસ-પ્રચુર વ્યાખ્યાનો માટે અવારનવાર એમને આમંત્રણો આપતાં. મરાઠી અને અંગ્રેજી ભાષાની લબ્ધપ્રતિષ્ઠ પ્રકાશન સંસ્થાઓ મુદ્રણ માટે મંજૂર કરેલા ગ્રંથોની ગુણવત્તા તપાસવા તથા તેને પ્રેસકૉપીની પરિષ્કૃતિ માટે એમને બોલાવતી. તેઓ કોઈના મિથ્યા પ્રભાવમાં અંજાઈ ન જાય તેવા નિર્ભીક, સ્વતંત્ર ચિંતક અને સ્પષ્ટવાદી વિવેચક હતા. સમાનશીલ મિત્રગોષ્ઠિઓ ને સારસ્વત પુરુષોની મજલિસોમાં એમના વાર્તાલાપો આકર્ષક ને સંતર્પક બની રહેતા. એમની જ્ઞાન-સંપન્નતા તથા તેનું વિષયવૈવિધ્ય લઈ સહૃદય રસિકો કહેતા કે, 'ટિકેકરજી તો 'ફ્રૉમ આનિયન ટૂ ઍસેમ્બલી'—ડુંગળીથી માંડી ધારાસભા સુધી કોઈ પણ વિષય પરત્વે અધિકારપૂર્વક બોલી શકે' તે ખરું જ હતું.



ભાંડારકર પ્રાચ્ય વિદ્યામંદિર (પુણે)ના સંસ્કૃત મહાભારતની સમીક્ષિત વાચનાના ખંડો તથા વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિરના સંસ્કૃત રામાયણના ખંડો જેવા ઉદાત્ત પ્રતિષ્ઠ ગ્રંથો વિશદ વિવેચન અને અવલોકન માટે એમના પર આવતા હતા.

ઈ. ૧૯૬૮માં એમણે 'ટ્રાન્સફર ઑવ પાવર્સ-૧૯૪૨-૧૯૪૭' નામના સાત ગ્રંથોની સમીક્ષા પરત્વે મુંબાઈની શ્રી લાલા લાજપતરાય સંસ્થાના ઉપક્રમે જે વ્યાખ્યાનો આપ્યાં હતાં તેમાંથી ગાંધીજી વિષે રાજનીતિજ્ઞો અને અમલદારોની દૃષ્ટિઓ વિષે તૈયાર કરેલી સારગ્રાહિણી નિબંધિકાને મુંબાઈ વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી રામજોશીએ 'એ મિરર ટુ ગાંધીજી' કહીને બિરદાવી હતી. લેખક તરીકે, લવાદ તરીકે ને નેતા તરીકે ગાંધીજી વિષે એમણે આપેલા વાર્તાલાપો અત્યંત તત્ત્વનિષ્ઠ અને સમર્થક હતા.

ઈ. ૧૯૩૦ની સત્યાગ્રહની લડતમાં અહમદનગર જિલ્લામાંથી તેમણે ભાગ લીધો હતો. રાવ સાહેબ પટવર્ધન અને અચ્યુતરાવ પટવર્ધનની મંડળી સાથે એમનો સારો સ્નેહ-સમાદર હતો. સેવાદળવાળા ભાઉસાહેબ રાનડેના પણ તેઓ આત્મીય બંધુ સમા હતા. પરંતુ કોઈ પણ વાદ યા સંગઠનના અંધ અનુયાયી કે પ્રચારક નહોતા. તેઓ સ્વાધીન મિજાજના પણ સર્વરસિક વૃત્તિના સંસ્કારપુરુષ હતા. આપણા મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ જ. પટેલ અને ગુજરાત વિદ્યાપીઠના ભૂતપૂર્વ કુલનાયક શ્રી ધીરુભાઈ દેસાઈના પણ તેઓ નિકટતમ સાથી હતા.

સ્વાભાવિક રીતે જ મુંબાઈના ભારતીય વિદ્યાભવન સાથે એમનો પ્રગાઢ સંબંધ હતો. ભવન તરફથી 'ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ' વિષે જે અગિયાર મોટા ખંડો પ્રસિદ્ધ થયા છે તેના પ્રકાશન માટે તેઓ સક્રિય અભિરુચિ અને ગૌરવ ધરાવતા હતા. ભવનનાં સામયિક પત્રોમાં એમના લેખો અને વિવેચનો અવારનવાર પ્રકટ થતાં રહેતાં. તેઓ પોતાનો અતિ મૂલ્યવાન અને વિશિષ્ટ ગ્રંથ-સંગ્રહ ભારતીય વિદ્યાભવનને પ્રેમપૂર્વક ભેટ આપી ગયા છે.

એમના જ્ઞાનનો આયામ (વિસ્તાર) જ્ઞાનકોશ જેવો હતો, પરંતુ પ્રાચીન ઇતિહાસ, વર્તમાન રાજકારણ, લઘુચિત્ર કલા, મંદિર સ્થાપત્ય, નિષ્ક (સિક્કા)શાસ્ત્ર, સંસ્કૃત સાહિત્ય, લોકસાહિત્ય ને સંત-સાહિત્યમાં તેઓ વિશેષ રસ ધરાવતા હતા. એમનો આવાસ વૃત્તપત્રો, પુસ્તકો, સંદર્ભગ્રંથો અને ફોટોગ્રાફો તથા નેગેટિવોના સંગ્રહને કારણે એક અજાયબ ઘર જેવો લાગતો.

કોઈ નવોદિત અભ્યાસુ એમની પાસે આવે ત્યારે તેમનું શિક્ષકપણાનું દાક્ષિણ્ય તુરત જાગી ઊઠતું. લખાણની માંડણી અને શૈલીને આકર્ષક ને સમર્થક કેવી રીતે બનાવવી વગેરે વિષે આગન્તુકને સમજ આપતા અનેક અનુભવો, પ્રસંગો ને વાર્તાઓ એમને મુખાગ્ર હતી.

કોઈ પણ ઉત્સવ કે સમારંભમાં તેમની હાજરી તરી આવતી. ઊંચી દેહયષ્ટિ, નવવારિયું ધોતિયું, બંગાળી ઢબનો ઝભ્ભો અને ખભા પર સુઘડતાથી ગોઠવેલી શાલના એમના પરિધાનવિન્યાસમાં તેઓ પ્રભાવશાળી લાગતા. શીતકાળમાં તેઓ જોધપુરી કોટમાં સજ્જ થઈને આવતા. એમના જવાથી એક સતત સ્વાધ્યાયશીલ, ચિંતનશીલ લેખક, સ્પષ્ટવક્તા, સંનિષ્ઠ પત્રકાર, નિખાલસ ગ્રંથવિવેચક, ઉમદા મિત્ર અને વિવેકશીલ વ્યવહારુ વ્યક્તિની ખોટ પડી છે. —શંકરદેવ વિદ્યાલંકાર

રાઈ

રાઈ અને મેથીને બહેનપણાં છે. આપણા વઘારમાં આ બે મોટે ભાગે સાથે વપરાય છે. રાઈથી વાયુ, ગોળો, કફ, જીર્ણજ્વર વગેરે મટે છે, ભૂખ ઊઘડે છે, પાચન સુધરે છે. કોઈ વાર ભોજનમાં રાઈથી રાયતાં બનાવવામાં આવે છે. રાઈમાં તીખો રસ છે તેથી તે કોઈ પણ પદાર્થને રુચિકર બનાવે છે. રાઈનો લેપ સોજો ઉતારે છે. પરંતુ તે ચામડી પર સીધો કરવાને બદલે રાઈ પાણીમાં વાટી કપડા વચ્ચે તે મૂકીને તે કપડું સોજાવાળા ભાગ પર મૂકવું. સીધા લેપથી ફોલ્લા ઊઠે. સખ્ત ઊલટી થતી હોય ત્યારે આવો લેપ ડૂંટી પર બે-ત્રણ મિનિટ મૂકવાથી બંધ થાય છે. આમ લેપ કરવાથી ફેફસાંનો સોજો, ફેફસાંના પડદાનો સોજો, લિવરનો સોજો, શ્વાસનળીનો સોજો વગેરે બધા પ્રકારના સોજા ઊતરે છે.

રાઈ અને હિંગનું ત્રણ માસા ચૂર્ણ ગર્ભવતીને કાંજીમાં આપવાથી મરેલો ગર્ભ પડી જાય છે અને ગર્ભિણીનો જીવ બચી જાય છે. બગલમાં બાંબલાઈ થઈ હોય તો રાઈની લૂગદી લગાડવાથી ફૂટી જાય છે. રાઈ ને મેથી બંનેનો અથાણામાં ઘણો ઉપયોગ થાય છે. આથી અથાણાંનો મર્યાદિત ઉપયોગ તેમના બન્નેમાં રહેલા ફાયદાનો લાભ આપે છે.

(સ્વસ્થ માનવ) —ચંદુલાલ દવે

ભારતીય ભાષાઓ : વાતચીતના પ્રયોગો

ભારતીય ભાષાઓ વચ્ચે ભાવનાત્મક સંબંધ છે. એની જાણકારી આપણને નિકટ આણશે. રોજિંદા વપરાશનાં કેટલાંક વાક્યો જોઈશું?


ભાષા	પ્રશ્ન	ઉત્તર
ગુજરાતી	નમસ્તે! કેમ છો?	સારુ છે.
હિન્દી	નમસ્તે! કહિએ આપ કૈસે હૈ?	બિલકુલ ઠીક.
પંજાબી	સત્યશ્રી અકાલ! સુણા કા હાલ હૈ?	બહુત ચંગા-
ઉર્દૂ	આદાબ અર્જ! મિજાજે શરીફ?	શુક્ર હૈ, ખૂબ ગુજરતી હૈ.
કાશ્મીરી	આદાબ અર્જ! વારસ્ય્ છિવું સા'?	અહન્ સા' વાસ્ય
સિંધી	રામ રામ! કહિડો હાલુ આહે?	ઠીક આહે.
મરાઠી	રામ! રામ! કાય કસે કાય?	ઠીક આહે.
બંગાળી	નમસ્કાર! કેમન આછેન?	ભાલ આછિ.
આસામી	નમસ્કાર! આપુનિ કેને આછે?	ભાલેઈ આછાં.
ઉડિયા	નમસ્કાર! આપણ્ કિપરિ અછન્તિ?	ભલ અછિ.
તેલુગુ	નમસ્તે! એમંડિ એલાગુન્નારુ?	આં! અન્તાબાગાને ઉન્નારુ
તમિળ	વણક્કમ! એન્નક એપ્પડિ ઈરુક્કિક?	સૌખ્યમાક ઈરુક્કિરેન
મળયાળમ્	નમસ્કારમ! સુખમ્ તન્ને યલ્લે?	સુખમ્ તન્ને.
કન્નડ	નમસ્કાર! ચન્નાગિદ્દીરા?	ઈષ્ટિરીમટ્ટિગે.
સંસ્કૃત	નમોનમ: અપિ કુશલમ્?	સર્વં સાધુ.

(રાજભાષા)

મોરબી

ભારતની આઝાદી પહેલાં કાઠિયાવાડનાં અનેક રજવાડાંમાં ૮૨૨ ચો. મા.ના વિસ્તાર અને ૧૪૦ ગામનું ધણી મોરબી રાજ્ય પ્રથમ વર્ગનું રાજ્ય ગણાતું હતું. કચ્છના રાજવંશમાંથી સીધા ઊતરી આવેલા ત્યાંના જાડેજા રાજવી ઠાકોર સાહેબ કહેવાતા. હિંદુસ્તાનની અંગ્રેજ સરકારે એમની રાજગાદીના વંશાનુગત અધિકારને સ્વીકાર્યો હતો ને જરૂર પડયે રાજવારસને દત્તક લેવાની સનદ આપી હતી. મોરબી ઠાકોરને ૧૧ તોપોની સલામી મળતી અને કે.સી.આઈ.ઈ. તથા જી.સી.આઈ.ઈ.ના ખિતાબો તે ધરાવતા. મોરબી એમનું પાટનગર હતું. દેશી રાજ્યોના વિલિનીકરણ પછી હવે એ રાજ્ય સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાનો ભાગ ગણાય છે.

મોરબીની સ્થાપના પહેલાં મોર જેઠવાએ મચ્છુ નદીના પૂર્વ કિનારે પોતાના રાજ્યના પાટનગર તરીકે મોરધ્વજપુરી નામે એક નગર વસાવેલું. પાછળથી એ ભીમોર નામે પણ ઓળખાતું. આ જેઠવાના એક વંશજ સંઘજી જેઠવાએ મચ્છુના પશ્ચિમ કાંઠે વાઘેલા રાણાને પરાજિત કરેલો ને તે વિજયની ઉજવણીમાં એણે જ્યાં જીત મેળવી હતી તે મોરબો ડુંગર પાસે એક નવું નગર વસાવી તેનું એ ડુંગરના નામ પરથી



મણિમંદિર - મોરબી (ફોટો - સ્વ. રવિશંકર રાવળ)

મોરબી નામ આપેલું. સોળમી સદીના આરંભમાં અનેક લડાઇઓને કારણે ભાંગી પડેલી મોરધ્વજપુરીના લોકો મોરબીમાં આવીને વસેલા. તે પછી તો અનેક રાજપલટા થતા રહ્યા અને છેલ્લે એ કચ્છનું એક પરગણું બની રહેલું. સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં કચ્છની રાજગાદી માટે ચાલેલા કાવાદાવા ને કાવતરાંમાં ત્યાંની રાણી કુંવર કાયોજીને લઈને મોરબી નાસી આવેલી. મોટા થઇને આ કાયોજીએ મોરબી પોતાને હસ્તક કર્યું અને ત્યારથી મોરબી રાજ્ય પર જાડેજાઓનું શાસન દૃઢ થયું. એમણે રાજ્યનો વિસ્તાર કરેલો અને મોરબીની આસપાસ કિલ્લો બાંધી નગરની શોભા ને સલામતી વધારેલી. કચ્છમાં જંગી બંદર સાથે તેની થોડી જમીન પણ મોરબીના તાબામાં હતી. પણ એ માટે કચ્છના રાવ સાથે અવારનવાર મતભેદો થતા એટલે એ બંદરનો પૂરતો લાભ મળતો નહિ. આગળ જતાં મોરબી રાજ્યે કચ્છના અખાત પર વવાણિયા નામે એક બંદર પણ બનાવેલું.

ઈ. ૧૮૦૦માં કચ્છમાંથી ભાણજી મહેતાએ કચ્છી સેના સાથે મોરબી પર ચડાઈ કરી વવાણિયા જીતી લીધેલું. બીજે વર્ષે કચ્છીઓને હાંકી કાઢી ઠાકોરે બંદર પાછું લીધું ને કચ્છ પર ચડાઈ કરી. ત્યાંથી પાછા ફરતાં માળિયાના રાજા ડોસાજીને કેદ કર્યા, પણ એનાથી માળિયા જીતાયું નહિ. વેર વાળવા મિયાણાઓએ રંજાડ વધારી. ઠાકોર જીવાજીએ ચોથ ઉઘરાવવા આવેલી ગાયકવાડી સેનાની મદદ લીધી, પણ માળિયા અણનમ રહ્યું. છેવટે કાઠિયાવાડમાં આવેલા કર્નલ વૉકરની મદદથી મોરબીએ માળિયાનો કિલ્લો જમીનદોસ્ત કરી મિયાણાઓને હરાવ્યા. આ કિલ્લાના કાટમાળમાંથી ઠાકોરે નવો કિલ્લો બાંધ્યો અને માળિયાના ગઢનો દરવાજો મોરબી લાવીને પોતાના કિલ્લામાં જડાવ્યો.

દરમિયાન કચ્છ ને વાગડમાંથી કાઠિયાવાડની ઉત્તર કંઠારે હુમલા થતા રહેતા તેની સામે અંગ્રેજોએ ભુજ પર ચડાઈ કરીને રાવને સજા કરી અને મોરબી ઠાકોરને નુકસાની પેટે ૧૦,૫૦૦ રૂપિયા તથા આંબરડી ગામ આપવાની તેને ફરજ પાડી.

ઓગણીસમી સદીના આરંભથી અંગ્રેજોએ કાઠિયાવાડી રજવાડાંના સરહદોના ઝગડા પતાવવા માંડયા હતા ને એમાં લગભગ આખા કાઠિયાવાડ પર એમનું વર્ચસ્વ જમાવ્યું. આ પતાવટોમાં મોરબીના જાડેજા રાજનું અસ્તિત્વ પાકું થઈ ગયું અને પછી ઉત્તરોત્તર પોતાની પહોંચ પ્રમાણે તેનો વિકાસ થતો રહ્યો. છેલ્લા બે ઠાકોરોના અમલમાં મોરબી એક મનોહર નગર બન્યું હતું. મચ્છુ પર ૭૬૫ ફૂટ લાંબો ને સાડા ચાર ફૂટ પહોળો ઝૂલતો પુલ તો સૌરાષ્ટ્ર માટે એક ઈજનેરી અજાયબી સમો હતો. આ વર્ષે આવેલા ભારે પૂરની હોનારતમાં નુકસાન પામેલો તેનો બીજો એક પુલ પણ તેના બંને છેડે મુકાએલાં પ્રાણીઓનાં મોટાં કાંસ્ય શિલ્પોને કારણે આકર્ષણ રૂપ હતો. પણ આ બધાંથી યે વિશેષ આકર્ષણ તો મોરબીનું મણિમંદિર હતું. વાઘજી ઠાકોરે પોતાની એક પ્રણયપત્ની મણિબાઈની યાદમાં તેનું નિર્માણ કરાવેલું. સર્વ દેવદેવીઓનાં મંદિરોવાળું એ ભવ્ય સંકુલ બધા ધર્મોનું કેન્દ્ર બની રહે એવી એની યોજના હતી. એ યોજના પૂરી થાય એ પહેલાં જ એમનું અવસાન થતાં પછીના ઠાકોર લખધીરસિંહજીએ સચિવાલયના ઉમેરણ સાથે એ પૂરું કરાવ્યું. સચિવાલયને પછીથી વિલિંગ્ડન સેક્રેટરીએટ નામ અપાયું અને મંદિરનું સંકુલ મણિમંદિર તરીકે ઓળખાયું. સદ્ભાગ્યે પૂરની હોનારતમાં આ મંદિર બચી ગયું છે.

મોરબીની એન્જિનીઅરિંગ કૉલેજનું પણ આગવું મહત્ત્વ રહ્યું છે. મોરબીમાં બનતાં ઘડિયાળો, ગ્લેઝ્ડ ટાઈલ્સ અને ચીની માટીનાં વાસણોનો પૉટરી ને પોર્સેલેઈનનો ઉદ્યોગ પણ મોરબીની શાન વધારનાર છે. પૂરમાં આ ઉદ્યોગોને ઘણું નુકસાન થયું છે, પણ એ ઊભા થઈ જઈ જતાં મોરબી પોતાની શાન ફરી પાછી મેળવી લેશે એ નિઃશંક છે.

(પ્રવાસી)

—વિજયગુપ્ત મૌર્ય

મચ્છુ નદી અને તેનો પ્રદેશ

સૌરાષ્ટ્રમાં સૌથી મોટી નદી ભાદર પછી બીજો નંબર મચ્છુ નદીનો છે. મધ્ય સૌરાષ્ટ્રમાં ખડકો અને ટેકરાવાળા પઠાર (ઊંચા) પ્રદેશમાં


તેનું મૂળ છે. સૌરાષ્ટ્રની બીજી પણ ઘણી નદીઓ આ પ્રદેશમાંથી નીકળી જુદીજુદી દિશામાં વહે છે. બહુ દૂરના ભૂતકાળમાં અવારનવાર ધરતીમાં તિરાડો પડીને તેમાંથી ઊભરાતો રહેલો લાવારસ ઠરીને ઊંચીઊંચી ડુંગરધારો આ પ્રદેશમાં રચાઈ હતી. આજે તો હવામાનના સતત ઘસારાને લીધે એ ધારો ટેકરીઓ અને ખડકો રૂપે રહી છે. છતાં હજી યે સમુદ્રની સપાટીથી હજાર ફૂટથી વધુ ઊંચો આ પ્રદેશ છે. આ ડુંગરાળ પ્રદેશની ટેકરીઓના ઉત્તર ભાગમાંથી નીકળીને કાળમીંઢ ખડકોને કોરીને એણે પોતાનો જે માર્ગ બનાવ્યો છે તેની સાક્ષી તેના મૂળ પ્રદેશમાં આવેલી ટેકરીઓની ઊંચી-ઊભી કંઠારમાંથી મળી રહે છે. ચોમાસામાં અહીં મચ્છુ ધોધમાર વહે છે, પણ સૂકી ઋતુમાં એ કૃશ બની જાય છે. વાંકાનેર પાસે મચ્છુ મેદાનમાં ઊતરી આવે છે અને ત્યાંથી આગળ મોરબી થઇને માળિયા સુધીનો તેનો પટ ધીમા ઢાળવાળો ને વેરાન જેવો છે. વૃક્ષો અને વનસ્પતિના અભાવે તેનો આ સપાટ પટ વધુ ને વધુ ધોવાતો જઈ પહોળો ને છીછરો થતો જાય છે. મોરબી પછી તો મચ્છુનો પટ લગભગ રણ જેવો છે અને માળિયા તરફ જતાં એ કચ્છના રણમાં સમાઈ જાય છે. અહીંની ભૂમિ પણ ખારી હોઈ છેલ્લા દસેક માઈલમાં તો તેનું પાણી પણ ખારું બની જાય છે.

મોરબીથી આગળ એના સપાટ-છીછરા પટમાં ઉપરવાસથી ઘસડાઈ આવતો કાંપ સતત જમા થતો રહે છે. આથી પાણીના નિકાલ માટે યોગ્ય માર્ગ ન મળતાં માળિયાથી ઉપરવાસમાં ત્રણ કિલોમીટર દૂરથી જ તેનું વહેણ અનેક ફાંટાઓમાં વહેંચાઈ જઈ તદ્દન સુસ્ત જેવું બની જઈ છેવટ વવાણિયાની ખાડીમાં થઈ કચ્છના અખાત ને રણના સંગમસ્થાને વિલાઈ જાય છે. તેનો આ મુખપ્રદેશ વેરાન, ક્યાંક કાળી માટીવાળો, ક્યાંક મીઠાના થરવાળો ક્યાંક રેતીના ઢૂવાવાળો યા તવરની ઝાડીવાળો છે. આમાં ઠેકઠેકાણે નાનામોટા ખારા પ્રવાહો વહે છે.

મધ્ય સૌરાષ્ટ્રની કઠોર ધરતીમાં વાવેતર માટે કાંપની અછત છે. ખડકો અને ટેકરીઓવાળા પ્રદેશમાં જ્યાં આ કાંપ ભરાઈ રહે છે અને જ્યાં પાળા બાંધીને તેને રોકી શકાયો છે ત્યાં ઉત્તમ ખેતી થઈ શકે છે, પણ વૃક્ષો અને વાવેતર વિનાના વેરાન સપાટ પ્રદેશમાં એ સહેલાઈથી ધોવાઈ જતો હોઈ તેની ફળદ્રુપ માટી ઘસડાઈ જઇને રણની ખારી ભૂમિમાં વેડફાઈ જાય છે. આ રીતે દરેક પૂર વખતે કેટલો કાંપ ધોવાઈતણાઈ જાય છે તેનો ખયાલ આ વર્ષે મોરબી તાલુકામાં આવેલા પૂરનાં પાણી ઓસરી ગયા બાદ મોરબીમાં તેના જે ઊંડા થર પથરાઈ ગએલા જોવા મળ્યા તેના પરથી આવી શકે છે. અલબત્ત, મોરબીની ઉપરવાસમાં બંધાએલા બે બંધો ઉપરથી ઘસડાઈ આવતા કાંપને થોડા પ્રમાણમાં ખાળી શકે છે, પણ એ રીતે બંધો પાછળ એકઠા થતા જતા કાંપને કારણે કાળાંતરે એ બંધો પણ નકામા બની જાય. એટલે કાંપને ધોવાઈ જતો અટકાવવા મચ્છુના મૂળના જલગ્રાહી ઢાળપ્રદેશમાં વૃક્ષો વગેરેનું વાવેતર એ જ સારો ને સાચો ઉપાય છે.

મચ્છુની ૭૦ માઈલની લંબાઈ કંઈ બહુ ન ગણાય, છતાં ટેકરાળ પ્રદેશમાંથી મેદાનમાં ઊતર્યા પછી જમીનનું ધોવાણ કરીને તે કેટલી પહોળાઈમાં પથરાઈ ગઈ છે તેનો અંદાજ તેના પરના બે નંબરના બંધની લંબાઈ પરથી મળી રહે છે. એમાં ૬૭૬ ફૂટ લાંબો પાકો બંધ છે જેમાં પાણીના નિકાલ માટે દરવાજા છે. એ પછી બીજી ૩૦૧ ફૂટની લંબાઈમાં માટી-પથ્થરનો બંધ છે, જે તેના ઉપરથી પાણી પસાર થવા દેવા માટે નથી. આ ઉપરાંત બંધની ડાબી બાજુ ૭૬૯૪ ફૂટ લાંબા અને જમણી તરફ ૪૫૮૯ ફૂટ લાંબા માટીના કાચા બંધ છે. આમ, આ આખા બંધની કુલ લંબાઈ ૧૩૨૬૦ ફૂટ એટલે કે લગભગ અઢી માઈલ જેટલી થઈ. માટીના કાચા બંધને પણ વૃક્ષો ને વનસ્પતિના આચ્છાદનથી મજબૂત બનાવી શકાય. એથી એ બંધની માટી પકડાઈ રહે અને વરસાદમાં થતું તેનું ધોવાણ અટકાવી શકાય.

કાંઠા વિનાની નદી છલકાઈ ઊઠે તો કેવી હોનારત સરજાય તેનો એક




સચોટ પાઠ આ વર્ષે મચ્છુ નદીએ આપ્યો છે. મોરબીની આ હોનારતમાં અણધારી ભારે વર્ષાએ પણ ભાગ ભજવ્યો છે, ને બીજાં પણ કારણો ભલે હોય કે ન હોય, પરંતુ વનસ્પતિ ને વૃક્ષારોપણ પરત્વેની આપણી બેદરકારી તથા તેનો વિનાશ કરવાની વૃત્તિ પણ તેમાં કારણભૂત તો છે જ.

મચ્છુ પરના બંને બંધ સિંચાઈની દૃષ્ટિથી બાંધેલા છે. એટલે તેનો હેતુ વરસાદનું પાણી સંઘરવાનો છે. તેમાં વચ્ચેનો પાકો બંધ જ પાણી છલકાવાની શક્યતાને પહોંચી વળવા બંધાએલો છે. પડખાંના માટીના કાચા બંધ ઉપરથી પાણી ઊભરાવાની શક્યતા આ બંધની યોજનામાં વિચારાઈ નહિ હોય. અને આ પ્રદેશમાં સામાન્યતઃ જેટલો વરસાદ પડે છે તે જોતાં એ સ્વાભાવિક પણ લાગે છે. વળી, આ વર્ષે વરસાદે અહીં જે અતિરેક બતાવ્યો તે જોતાં અહીંના કાચા બંધ ઉપર વૃક્ષ-વનસ્પતિનું આચ્છાદન હોત તો યે આટલા બધા પાણીના દબાણ સામે ટકી રહેવું તેના માટે અશક્ય બની રહેત, કારણ પાણીના અતિશય દબાણમાં તો પાકા બંધો ફાટવાના પણ બનાવો બન્યા છે. એટલે તેની સરખામણીમાં મચ્છુની આ દુર્ઘટના નવી નવાઈ નથી. છતાં આગમચેતી ખાતર પણ આ પ્રકારના બંધો વારંવાર તપાસાતા રહેવા જોઇએ. ભવિષ્યમાં આવો ભારે વરસાદ ફરી નહિ જ થાય એમ માની ન લેવાય. આમે યે હમણાં હમણાં દુનિયાનું હવામાન વિચિત્ર બની રહ્યું છે તેથી નિષ્ણાત વિજ્ઞાનીઓ તો હવામાનના કોઈ પણ અતિરેકના સામના માટે તૈયાર રહેવાની ચેતવણી આપે છે. આ વર્ષે મુંબાઈમાં જુલાઈ માસ સાવ સુક્કો ગયો તો બીજી બાજુ અલ્પવૃષ્ટિવાળા રાજસ્થાનના રણમાં ભારે વરસાદથી અનેક પ્રકારની તારાજી સરજાઈ એ આ પલટાતા હવામાનનાં જ સૂચક છે. છતાં વિજ્ઞાન, ઈજનેરી અને ટેક્નૉલૉજી વડે આવી હોનારતો સામે પણ બચાવ થઈ શકે છે.

મચ્છુના પટની કેટલીક આગવી વિશિષ્ટતાઓ પણ છે. વાંકાનેરથી મોરબી વચ્ચેના પ્રદેશમાં ચિનાઈ માટી, રંગીન માટી, કુંભારકામની ચીકણી માટી ને રેતીના પથ્થરની ખાણો છે. એક કાળે આ પ્રદેશ સમુદ્ર તળે હતો. આ બધી પેદાશ સમુદ્રકૃત છે. એક સમયે દ્વારકાનો પ્રદેશ સૌરાષ્ટ્રથી અલગ હતો તેમ સૌરાષ્ટ્ર અને ગુજરાતની વચ્ચે પણ સમુદ્ર યા ખાડીનાં પાણી વહેતાં હતાં. પછી સમગ્ર સૌરાષ્ટ્રનો દ્વિપકલ્પ ઊંચકાઈ આવ્યો ને તેથી તેના આ સમુદ્રકૃત ખડકો પણ બહાર આવ્યા. લગભગ ૪૫૦ મીટરની ઊંડાઈ સુધીના આ થરોમાં લોહ પણ મિશ્રિત છે. મોરબી અને તેની આસપાસ વિકસેલા પૉટરી-પૉર્સેલેઈનના ઉદ્યોગો આ વિવિધ માટીના થરને આભારી છે.

(જન્મભૂમિ-પ્રવાસી) —વિજયગુપ્ત મૌર્ય



ઑક્ટોબર-નવેમ્બર માસનું આકાશદર્શન

વરસાદથી સ્વચ્છ બનેલા વાતાવરણવાળી આ શરદ ઋતુમાં આકાશનો તારાવૈભવ ઓર લાગે છે. હાલના આકાશમાં 'ખગાશ્વ' તારામંડળનો વિરાટ ચોરસ ઘણો પ્રભાવક લાગે છે. એના ચારે ખૂણા પરના તારાઓ તેજસ્વી હોઈ એ તુરત પરખાઈ જાય છે. તેમાંના પશ્ચિમ તરફના (નકશામાં ડાબી બાજુના) ઉત્તર-દક્ષિણ બે તેજસ્વી તારા 'પૂર્વા ભાદ્રપદા' નક્ષત્રના અને પૂર્વ તરફના બે 'ઉત્તરા ભાદ્રપદા' નક્ષત્રના છે. આથી આ વિરાટ ચોરસ ભાદ્રપદાના ચોરસ તરીકે પણ ઓળખાય છે. આમ તો પહેલી નજરે એ ખાલીખાલી લાગે છે, પણ જો નજર તેજ હોય તો તેમાં ત્રીસેક જેટલા તારાઓ તો સહેજે જોઈ શકાય અને નાના દૂરબીનથી જોઈએ તો તો ત્યાંની તારાસમૃદ્ધિ આશ્ચર્ય પ્રકટાવે એવી છે. ઉત્તરમાં 'યયાતિ' તારામંડળમાં 'અલ્ગુલ' અને દક્ષિણે 'તિમિ' મંડળમાં 'મિરા' એ બે વિશિષ્ટ એવા રૂપવિકારી તારાઓ છે. આમાં યે અલ્ગુલનો તેજોવિકાર એટલો નિયમિત છે કે બરાબર ખયાલ રાખીને જોઈએ તો નરી આંખે પરખી શકાય. એના તેજની વધઘટનું એક ચક્ર ૨ દિવસ ૨૦ કલાક અને લગભગ ૪૯ મિનિટનું છે, જ્યારે મિરાના તેજની વધઘટ બહુ અનિયમિત છે. ક્યારેક તો એ એટલો ઝાંખો પડી જાય છે કે દેખાતો પણ નથી. (L) 'મીન' એ રાશિચક્રમાં છેલ્લી રાશિ છે, અને ૨૭માંનું છેલ્લું નક્ષત્ર 'રેવતી' પણ એમાં જ છે. એ પછી 'અશ્વિની' એ ૨૭માંનું પ્રથમ નક્ષત્ર છે. રાશિચક્રનો આરંભ પણ અહીંથી જ થાય છે. ત્રણ મુખ્ય તારાના આ નાનકડા 'અશ્વિની' મંડળમાં ઉપર તરફના બે નજીકનજીકના તારા તે અશ્વિનીકુમારની જોડ અને નીચેનો તારો તે 'ચ્યવન' આમ ત્રણ મહાવૈદો અહીં અમર બેઠા છે. હવે વહેલી પરોઢથી પૂર્વાકાશમાં શુક્રનાં તથા પશ્ચિમમાં સાંજે શુક્રનાં દર્શન થાય છે. તારાઓની વચ્ચે એમને ઓળખી જુઓ.


—બિહારીલાલ ટાંક

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં



તા. ૧૪ / ૧૦૬૬. હૅસ્ટિંગ્સનું યુદ્ધ. નૉર્મંડી (ફ્રાંસ)થી ચડાઈ લઈ આવેલા વિલિયમ પહેલા અને ઇંગ્લૅન્ડના હૅરોલ્ડ વચ્ચેના માત્ર નવ કલાકના એ યુદ્ધમાં હૅરોલ્ડ અને તેના બે ભાઈ મરાયા ને તેની સેના નાશ પામી. એક રીતે ઇંગ્લૅન્ડના રાજકીય ઇતિહાસનો ખરો પ્રારંભ આ યુદ્ધથી થયો મનાય છે. વળી, નૉર્મનો સાથે ઇંગ્લૅન્ડમાં જે નવાં તત્ત્વો પણ આવ્યાં તેમાંથી અંગ્રેજી ભાષામાં નૉર્મન ભાષાની અસર ઉમેરાઈ, નૉર્મન કાનૂનોની અસર તળે ઇંગ્લૅન્ડના કાયદા વિસ્તર્યા, નૉર્મન સ્થાપત્યની એક પ્રભાવશાળી શૈલી ઇંગ્લૅન્ડમાં આવી. જરૂર પડ્યે સશસ્ત્ર સહાય આપવાની શરતે વિલિયમે જે જાગીરો આપેલી તેમાંથી આગળ જતાં સામંતશાહી વિકસી. વિલિયમે 'ડૂમ્સ ડે બુક'નું કામ પૂરું કર્યું ને તેથી સમગ્ર પ્રજા વિષે સ્પષ્ટ ખયાલ પામવાનું શક્ય બન્યું. ઇંગ્લૅન્ડના યુરોપ સાથેનો સંબંધ પણ બદલાઈ ગયો. આ નૉર્મનોએ લગભગ એક સદી સુધી ઇંગ્લૅન્ડ પર રાજ કરેલું. ઉપર જેનો એક અંશ દર્શાવ્યો છે તે ૨૩૧ ફૂટ લાંબા વસ્ત્રપટ (ટૅપેસ્ટ્રી) પર ભરત ભરીને હૅસ્ટિંગ્સના યુદ્ધનો સમગ્ર બનાવ આલેખવામાં આવ્યો છે. એ વસ્ત્રપટ બાયે ટૅપેસ્ટ્રી તરીકે વિખ્યાત છે. તેમાં એક ધૂમકેતુ દર્શાવ્યો છે તે હેલીનો વિખ્યાત ધૂમકેતુ જ હતો. એ પછી પણ દર ૭૫ વર્ષે તે નિયમિત દેખાતો રહ્યો છે. છેલ્લે એ ૧૯૧૦માં દેખાએલો, પણ એના આગમનનું પ્રથમ દર્શન ૧૯૦૯ની આ જ માસની ૨૧મી તારીખે કૅમ્બ્રિજની વેધશાળામાંથી થએલું. અત્યાર સુધીમાં ૨૮ વખત તેનું નિરીક્ષણ થયું છે. હવે ૧૯૮૬માં એ ફરી દેખાશે.

તા. ૨૭ / ૧૯૦૪. યુવાનક્રાંતિકારી યતીન્દ્રનાથ દાસનો કલકત્તાના એક મધ્યમવર્ગીય દંપતી બંકિમબિહારી અને સુહાસિનીદેવીના પરિવારમાં જન્મ. મૅટ્રિક અને ઇન્ટરમીડિયેટની પરીક્ષાઓ પ્રથમ વર્ગમાં પાસ કરી રહ્યા તે અરસામાં બંગાળમાં ક્રાંતિની જે લહર ફેલાઈ ચૂકી હતી તે એમને પણ સ્પર્શી ગઈ અને સત્તર વર્ષની વયે અસહયોગ આંદોલનમાં પિકેટિંગ કરવાના આરોપ હેઠળ એમને ૭ માસની આકરી કેદની સજા થઈ. ૧૯૨૫માં બી. એ.નો અભ્યાસ કરતા હતા ત્યારે રાજનીતિક પ્રવૃત્તિઓ બદલ ફરી એમને કેદની સજા થઈ. ત્યારે મેમનસિંહની જેલમાં રાજનીતિક કેદીઓ પ્રત્યેના દુર્વ્યવહારના વિરોધમાં એમણે ભૂખહડતાલ આદરી અને પરિણામે વીસ દિવસ પછી જેલ-સુપ્રિન્ટેન્ડન્ટને માફી માગવી પડી. કલકત્તાના અનેક રાજનીતિક ને સામાજિક સંગઠનોમાં તેઓ સક્રિય ભાગ લેતા. આવી વિસ્તૃત ગતિવિધિઓનાં કારણે તેઓ દેશના અન્ય ભાગોના ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા અને તેમાંથી તેઓ વિસ્ફોટક પદાર્થો બનાવવામાં પ્રવૃત્ત થયા. પરિણામે ૧૯૨૯ની ૧૪મી જૂને કલકત્તામાંથી પકડી લાહોર ષડ્યંત્રમાં ભાગ લેનાર તરીકે એમને લાહોરની જેલમાં લઈ જવામાં આવ્યા. અહીં પણ એમણે રાજનીતિક કેદીઓ પ્રત્યેના અમાનવીય વ્યવહારની સામે ૧૩મી જુલાઈથી ભૂખહડતાળ આદરી. શિસ્ત, કષ્ટસહિષ્ણુતા ને બલિદાનની ભાવનાભર્યા દઢ સંકલ્પથી પ્રતિબદ્ધ એમના ૬૩ દિવસના ઉપવાસથી એમનું ૧૩મી સપ્ટેમ્બરે બોર્સ્ટાલ જેલમાં અવસાન થયું. આ વર્ષે એમની ૫૦મી પુણ્યતિથિએ એમની સ્મૃતિમાં ભારતીય ડાકખાતાએ એમની છબી સાથેની (આ સાથે દર્શાવેલી) ખાસ ટપાલટિકિટ બહાર પાડીને એમને શ્રદ્ધાંજલિ આપી છે.





દીકરો : પપ્પા, આપણી ભાષા માતૃભાષા શા માટે કહેવાય છે?'

પપ્પા : કારણ કે બાપાને એ બોલવાની ભાગ્યે જ તક મળે છે.

∞

'તમારી ફેક્ટરી બળી ગઈ એ જાણીને મને બહુ ખેદ થયો. તમે એમાં શું બનાવતા હતા?'

'આગ બુઝાવવાનાં ફાયર-એક્સ્ટિંગ્વિશર્સ.'

∞

શિક્ષક : 'પરણવું'નો ભવિષ્ય કાળ શું?

વિદ્યાર્થી : છૂટાછેડા.

∞

'આ તમારું શહેર તો સોહામણું છે, પણ અહીંના માણસો અપ્રામાણિક છે.'

'એમ શા ઉપરથી કહો છો?'

'કાલે મેં ટાંકણીઓનું એક પૅકેટ ખરીદ્યું જેના ઉપર લખેલું હતું કે એમાં દસ હજાર નંગ છે. પણ હમણાં જ ગણતરી પૂરી કરી તો જણાયું કે એક ટાંકણી એમાં ઓછી છે.

∞

મકાન-માલિક : તમારું ત્રણ વર્ષનું ભાડું ચડી ગયું છે. હવે તો મકાન ખાલી કરો તો તમારો પાડ.

ભાડૂત : ના રે, એમ કાંઈ તમારું ચડેલું ભાડું ચૂકવ્યા વિના મારાથી નીકળાય કે?

∞

ટિકિટચેકર ડબલ-ડેકર બસમાં ચડીને સીધો ઉપલે માળે ગયો ને ટિકિટો તપાસવા લાગ્યો. એક માણસની ટિકિટ જોતાં શંકા પડવાથી તેણે પૂછ્યું : 'તમે ક્યાંથી ચડ્યા?'

'નીચેથી વળી' પેલાએ શાંતિથી જવાબ આપ્યો.



(જનસત્તામાં સ્વ. 'શિવ')

શે'ર

છમ્મ લીલું શ્વાસમાં ભરતા રહો,
હર પળે પીળાશ પરહરતા રહો.
—કરસનદાસ લુહાર—

સુખ પતંગિયા જેવું છે. જેમ એની પાછળ વધુ ભમો, તેમ એ તમને વધુ ભટકાવે. પણ જો તમારું ધ્યાન બીજી બાબતોમાં પરોવશો, તો એ આવીને હળવેકથી તમારા ખભા પર બેસી જશે.

પરમહંસ શ્રી રામકૃષ્ણ સાથે એક બુદ્ધિશાળી શ્રીમંતે લાંબી ચર્ચા કર્યા બાદ પરમહંસ બોલ્યા: 'આ વ્યર્થ તર્કવિતર્ક કરવા કરતાં સરળ ભાવથી પ્રભુભજન કર્યે જાઓ. તેમાં જ તમારું કલ્યાણ છે.' પેલા તાર્કિકને ગળે આ સીધીસાદી વાત ક્યાંથી ઊતરે? તેણે કહ્યું: 'તો શું તમે એવા પૂર્ણ જ્ઞાની ને પવિત્ર છો કે તમે કહો તેમ અમારે કર્યે જવું?' પરમહંસ સાત્વિક નમ્રભાવે બોલ્યા: 'ભાઈ, હું તો સાવ અબુધ ને અપવિત્ર જીવ છું; પણ જે સાચું સૂઝે તે કહેવાનો મારો અધિકાર નથી? સાવરણી પોતે ગંદી છે એ ખરું, પણ જે જગ્યાએ તે ફરે છે તેને તો તે ચોખ્ખી કરે છે ને!' (શિવમ્ સુન્દરમ્)

अनेकार्थी शब्द: રંગ=લાલ-પીળો આદિ વર્ણ, તેનું પ્રવાહી કે ભૂકો; પટ કે અસર; આનંદ મસ્તી કે તાન; કેફ યા નશો; પ્રીતિ કે સ્નેહ; આબરૂ યા વટ; રંગભૂમિ; રણક્ષેત્ર.



દસ લાખથી પણ વધુ રંગ તથા તેની આછી-ઘેરી છાયાઓ સ્પેક્ટ્રોસ્કોપ વડે તપાવી શકાય છે. સામાન્યત: એમાંથી નરી આંખે ૧૫૦ જેટલી જ રંગછાયાઓ પરખી શકાય છે, જ્યારે બહુ કેળવાએલી આંખ એકાદ લાખ જેટલા રંગફેર તારવી શકે છે. સંપૂર્ણ અંગ્રેજી શબ્દકોષમાં પણ રંગ અને તેની છાયાઓ દર્શાવતા માત્ર ૩૫૦૦ જેટલા જ શબ્દો છે.

$૬^{૨}-૫^{૨}=૧૧$

$૫૬^{૨}-૪૫^{૨}=૧૧૧૧$

$૫૫૬^{૨}-૪૪૫^{૨}=૧૧૧૧૧૧$

$૫૫૫૬^{૨}-૪૪૪૫^{૨}=૧૧૧૧૧૧૧૧$

$૫૫૫૫૬^{૨}-૪૪૪૪૫^{૨}=૧૧૧૧૧૧૧૧૧૧$

$૫૫૫૫૫૬^{૨}-૪૪૪૪૪૫^{૨}=૧૧૧૧૧૧૧૧૧૧૧૧$

$૫૫૫૫૫૫૬^{૨}-૪૪૪૪૪૪૫^{૨}=૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧$

આમ ગમે ત્યાં સુધી. (નોતમલાલ વખારિયા)

न वेत्ति यो यस्य गुण-प्रकर्षम्
स तस्य निन्दां सततं करोति।
यथा किराती करि-कुंभ-जातां
मुक्तां परित्यज्य बिभर्त्ति गुंजाम् ॥

જે બીજાની ગુણવત્તાને પ્રમાણતો નથી તે ઘણે ભાગે તેની નિંદા કરતો રહે છે. જેવી રીતે ભીલડી ગજ-મુક્તાને છાડીને ચણોઠીને ભેગી કરતી ફરે છે.

કહેવતોના અર્થ: 'તેલનું ટીપું ને હીરની ગાંઠ.'-આમે ય રેશમી દોરીની વાળેલી ગાંઠ કદી છૂટતી નથી; પણ તેમાં યે ત્યાં તેલનું ટીપું મૂકીને એ ગાંઠ વાળી હોય તો તેલથી લીસા થએલા રેશમની ગાંઠ તો એટલી સજ્જડ વળી જાય કે હરગીઝ છૂટે નહિ. આમ, કોઈ વાતની મજબૂતી કે ચોકસાઈ દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'લોઢે લીટી ને પટાળે ભાત'; 'અંકે સો'; 'એમાં મીનમેખ નહિ'; વગેરે.

અંક સંદર્ભ-નવ: નવ રત્ન—હીરો, મોતી, માણેક, પાનું, ગોમેદ, પરવાળું, નીલમ, પોખરાજ, લસણિયો.


માણસ પેટ્રોલમાં તરી ન શકે. પાણીનું વજન ઘનફૂટે ૮ રતલ હોય છે, જ્યારે પેટ્રોલનું માત્ર ૬.૩ રતલ હોઈ તેમાં ટકી રહેવા જેટલી તરવાની ઝડપ તે દાખવી શકતો નથી.



ટિકિટકથા: આ આંતરરાષ્ટ્રીય બાલવર્ષમાં બહાર પડેલી સંખ્યાબંધ ટપાલટિકિટો ઉપર જે અનેકવિધ ડિઝાઇનો રજૂ થતી રહી છે તેમાં સ્વીડનની આ ટિકિટ પરનો અભિગમ તદ્દન ભિન્ન હોવા ઉપરાંત પ્રસન્ન ભાવનાઓની વચ્ચે ડોકાઈ રહેલી ભયાનકતા પ્રતિ બહુ યોગ્ય અંગુલિનિર્દેશ કરે છે. શહેરોમાં ઘૂમતી મોટરગાડીઓમાંથી નીકળતા ઝેરી ધુમાડાથી ફેલાતા ભયાનક પ્રદૂષણથી બચવા ગૅસમાસ્ક પહેરીને બેઠેલું ને એથી વરવું દેખાતું બાળક તેમાં દર્શાવ્યું છે. બાળકોના સ્વાસ્થ્ય માટેની પ્રવૃત્તિઓમાં આ એક મહત્ત્વનું કાર્ય ન વિસરાય તેની યાદ આ ટિકિટ આપે છે.



કલાકણિકા: સિંહના બલિષ્ઠ દેહ અને સુકોમળ વેલ-વનસ્પતિના સંકલનમાં દક્ષિણ ભારતના કારીગરોએ બતાવેલું કલાકૌશલ.



GUJARĀT AND RĀJASTHĀN